બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત પિઅર રિવ્યૂ શૈક્ષણિક સામયિક

ISSN: 2584-1777

# બાળવિશ્વ

વર્ષ-૧૪, અંક-૦૬, જુલાઈ - ૨૦૨૬, કિંમત : ₹ ૫૦/-

પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮



## રમકડાં

### સાધન એક, સંભાવના અનેક

તંત્રીઃ ડૉ. નીલેશ પંડ્યા | સંપાદકઃ ડૉ. કૃણાલ પંચાલ

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## ૧૭મો સ્થાપના દિવસ અને ૬ઠ્ઠા દીક્ષાંત સમારોહની ઉજવણી







મહામહિમ રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને ૧૭મો સ્થાપના દિવસ અને ૬ઠ્ઠો દીક્ષાંત સમારોહ ગૌરવપૂર્ણ માહોલમાં યોજાયો હતો. આ પ્રસંગે કુલાધિપતિશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ, શ્રી ગિજુભાઈ બધેકા ચૅરનો વાર્ષિક અહેવાલ અને નૂતન શૈક્ષણિક પાઠ્યક્રમોનું તેમજ ૧૪ જેટલાં પુસ્તકો, હિન્દી કેલેન્ડર અને 'ડિવાઇન ચાઇલ્ડ' એન્ડ્રોઇડ ઍપ્લિકેશનનું લોકાર્પણ કરાયું હતું. તદુપરાંત વિશિષ્ટ ક્ષમતા ધરાવતી ૩ બાળ પ્રતિભાઓનું વિશેષ સન્માન કરાયું હતું. આ સાથે શ્રેષ્ઠ રિસર્ચ ઍવૉર્ડ અને શ્રેષ્ઠ ટૉય મેકિંગ ઍવૉર્ડ એનાયત કરાયા હતા, તેમજ ૩ સહયોગી સંસ્થાઓ વચ્ચે સમજૂતી કરારો કરાયા હતા.

કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે તમામ સ્નાતકોને પદવીઓ, તેજસ્વી વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ તેમજ Ph.D.ની ઉપાધિઓ એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત સર્વાંગી બાળવિકાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર બે વિશિષ્ટ પ્રતિભા ડૉ. ઇંદુમતિ કાટદરે તથા ડૉ. જ્યોતિબહેન થાનકીને રાજ્યપાલશ્રીના હસ્તે માનદ ડૉક્ટર ઑફ લેટર્સની પદવી પ્રદાન કરીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ગિજુભાઈ બધેકા ઍવૉર્ડ હેઠળ શ્રેષ્ઠ બાલગુરુ અને બાલવાટિકાને સન્માનિત કરાયાં હતાં. તદુપરાંત યજ્ઞ વ્યાખ્યાન શ્રેણી હેઠળ શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના રાષ્ટ્રીય સચિવ શ્રી અતુલ કોઠારીનું વ્યાખ્યાન યોજાયું હતું. માન. રાજ્યપાલશ્રીના હસ્તે ઇન્ડિયન સાયબર અને સાયન્સ ઑલિમ્પિયાડના પોસ્ટરનું વિમોચન કરાયું.

---

## ગાંધીનગર જિલ્લાકક્ષાની અંડર-15 ચેસ પસંદગી સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર જિલ્લા ચેસ ઍસોસિયેશનના સહયોગથી ગાંધીનગર જિલ્લાકક્ષાની 'અંડર-૧૫ સ્ટેટ ચેસ ચૅમ્પિયનશિપ - ૨૦૨૬ (ભાઈઓ અને બહેનો)' માટેની પસંદગી સ્પર્ધા યોજાઈ. આ પ્રસંગે રાજ્યસભાના માન. સાંસદ શ્રી રાજેશભાઈ શુક્લ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ચેસ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાના અંડર-૧૫ વયજૂથના ૧૦૪ ખેલાડી ભાઈઓ અને ૩૩ બહેનોએ એમ કુલ ૧૩૭ બાળખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# બાળવિશ્વ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

વર્ષ : ૧૪, અંક : ૦૬

જુલાઈ, ૨૦૨૬



તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

પીપીઆર બ્રાંચ હેડ,

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક મંડળ

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**

**પ્રૉ. રાકેશ પટેલ**

**ડૉ. નીલેશ પંડ્યા**

**ડૉ. ચિરાગ દરજી**

ડિઝાઇન અને ટાઇપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**

વ્યવસ્થાપક

**બિપીન સથવારા**

મો. ૯૩૫૧૪૨૩૨૮૭



**Printed & Published by :**
Prof. Sanjay Gupta on behalf of
Children's Research University,
Nr. Jalaram Temple,
Sector-29, Gandhinagar - 382 030



પત્રવ્યવહારનું સરનામું

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

જલારામ મંદિરની પાસે,

સેક્ટર-૨૯, ગાંધીનગર - ૩૮૨ ૦૩૦

ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯

ઈ-મેલ : balvishva@cugujarat.ac.in

વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar


## આ અંકમાં વાંચીશું...



## રમકડાં

સાધન એક, સંભાવના અનેક


| | |
|---|---|
| સંપાદકીય - ડૉ. કૃણાલ પંચાલ | ૦૨ |
| શિક્ષણમાં મૂળ વિચારની પ્રતિકૃતિ એટલે રમકડાં - ડૉ. મનહર ઠાકર | ૦૩ |
| બાળવયે શિક્ષણનું પ્રથમ માધ્યમ : રમકડાં - ડૉ. જિજ્ઞાસા ચાવડા | ૦૬ |
| પ્રાચીન સાહિત્યમાં બાળરમકડાંના ઉલ્લેખો - ડૉ. મગનલાલ મોલિયા | ૦૮ |
| રમતાં રમતાં ઘડતર : બાળકના સર્વાંગી વિકાસમાં... - ડૉ. નીલેશ પંડ્યા | ૧૧ |
| શૈક્ષણિક સંસ્થાઓમાં ટોય લેબોરેટરીની અનિવાર્યતા - શ્રીમતી અતિયા સૈયદ | ૧૩ |
| ગિજુભાઈ બધેકા અને રમકડાંની પસંદગી : આધુનિક... - પ્રૉ. જિજ્ઞેશ પટેલ | ૧૬ |
| રમકડાં : બાળકોના સર્વાંગી વિકાસની ચાવી - ડૉ. મનીષકુમાર પટેલ | ૧૮ |
| બાળકના ઇંદ્રિય વિકાસમાં રમકડાંની ભૂમિકા - વિનોદ આર. શિયાળ | ૨૧ |
| રમકડાનું મનોવિજ્ઞાન - ડૉ. મયૂર વી. ભમ્મર | ૨૩ |
| વેસ્ટમાંથી બેસ્ટ રમકડાં બનાવવાની કળા અને સર્જનાત્મકતા - ડૉ. પ્રજ્ઞા જોષી | ૨૬ |
| પીડિયાટ્રિક થેરાપી અને પ્લે થેરાપીમાં રમકડાંનો વિનિયોગ - ડૉ. અર્પિતા વાઘેલા | ૨૮ |
| બાળઉછેરમાં રમકડાં : વિભાવના, પ્રક્રિયા અને મહત્ત્વ - હસમુખ બોરાણિયા | ૩૧ |
| AR અને VR આધારિત સ્માર્ટ રમકડાંના ફાયદા અને.. - મહેન્દ્રકુમાર ચૌધરી | ૩૩ |
| અયોગ્ય રમકડાં અને તેની નકારાત્મક અસરો - અખિલકુમાર દવે | ૩૫ |
| બાળપણના ઘડતરમાં માટીના રમકડાંનો ફાળો - અશોકકુમાર પ્રજાપતિ | ૩૭ |
| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) અને રમકડાં... - નરેન્દ્ર એ. મંડિર | ૩૯ |
| રમકડાં પસંદગી સંદર્ભે વાલીઓને માર્ગદર્શન - સરોજ બામણિયા | ૪૨ |
| કાલ્પનિક અને વાસ્તવિક દુનિયાનું મિલન : ... - ડૉ. મીનલબા જાડેજા | ૪૪ |
| માટીની સુગંધથી સ્ક્રીનની ચમક સુધી : બાળરમકડાંની... - ડૉ. અજય રાવલ | ૪૬ |
| સંસ્કૃત સાહિત્યમાં બાળક્રીડા, રમતગૃહ અને રમકડાં - ડૉ. જય ઓઝા | ૪૮ |
| રમકડાં : બાળકોના મનનું રજવાડું - ડૉ. નિષાદ ઓઝા | ૫૧ |
| બાળપુષ્પોને ખીલવવા માટે રમકડાં - ડૉ. ઉષા શારડા | ૫૪ |
| ગર્ભાવસ્થામાં રમકડાં સર્જન દ્વારા માતૃત્વ ભાવનો આવિર્ભાવ - રાજશ્રી પટેલ | ૫૭ |
| સમસ્યા-ઉકેલ કૌશલ્ય વિકસાવવામાં પઝલની ભૂમિકા - પાયલ રોત | ૫૮ |
| રમકડાંની પસંદગીમાં વાલીઓની આર્થિક અને... - સ્નેહલ કાછડિયા | ૬૧ |
| 'બાળવિશ્વ' વિશે | ૬૪ |



બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-
ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.

સંપાદકીય

# રમકડાં
# સાધન એક, સંભાવના અનેક



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

બાળકના હાથમાં જ્યારે કોઈ રમકડું આવે છે ત્યારે આપણને માત્ર રમત દેખાય છે; પરંતુ બાળકના મનમાં એ ક્ષણે અનેક વિશ્વો આકાર લઈ રહ્યાં હોય છે. એક નાનકડો લાકડાનો ઘોડો તેના માટે દોડતો કે ઊડતો ઘોડો બની શકે છે, ખાલી ડબ્બો રસોડું બની શકે છે, કાગળનું વિમાન આકાશની સફર કરાવી શકે છે અને થોડાં માટીના ગોળા એક આખું નગર ઊભું કરી શકે છે.

આજના સમયમાં બાળકનાં રમકડાં પણ બદલાઈ ગયાં છે. એક સમયે લાકડાની ગાડી, કાપડની ઢીંગલી, માટીનાં વાસણો, પઝલ, ગોટી, દોરડું કે ચોપાટ જેવી સરળ વસ્તુઓ બાળકોની દુનિયાનો હિસ્સો હતી. આજે બજારમાં એવાં અનેક રમકડાં ઉપલબ્ધ છે, જેમાં અવાજ, પ્રકાશ, સંગીત અને ડિજિટલ ટૅક્નોલૉજીનો ભરપૂર ઉપયોગ થાય છે. પરંતુ એક મૂળભૂત પ્રશ્ન આપણા સૌને થવો જોઈએ "બાળકને રમકડું જોઈએ છે કે રમવાની તક?" કારણ કે ઉત્તમ રમકડું એ નથી જે બાળકને લાંબા સમય સુધી વ્યસ્ત રાખે; ઉત્તમ રમકડું એ છે જે બાળકને વિચારવા, શોધવા, બનાવવાની, પ્રશ્નો પૂછવાની અને કલ્પના કરવાની તક આપે. પ્રસ્તુત અંકમાં બાળકના જીવનમાં રમકડાં વિશે વિવિધ દૃષ્ટિકોણ અને આયામોથી રમકડાં વિશે સમજ આપવામાં આવી છે.

રમકડું એ બાળકની 'પ્રયોગશાળા' છે. બાળક જ્યારે બ્લૉક્સથી મકાન બનાવે છે ત્યારે તે માત્ર મકાન નથી બનાવતું. તે આકાર, કદ, સંતુલન અને અવકાશની સમજ વિકસાવે છે. જ્યારે પઝલ ગોઠવે છે ત્યારે તે સમસ્યા ઉકેલવાની કુશળતા શીખે છે. જ્યારે ઢીંગલીને ખવડાવે છે, સુવડાવે છે કે ડૉક્ટર બની તેની સારવાર કરે છે ત્યારે તે ભૂમિકા ભજવવાની રમત દ્વારા સંબંધો, સંવેદના અને સામાજિક વ્યવહાર શીખે છે. જ્યારે રંગો, માટી કે કાગળ સાથે સર્જન કરે છે ત્યારે તેની સર્જનાત્મકતા અને સૂક્ષ્મ મોટર કૌશલ્યો વિકસે છે; અને જ્યારે બાળક ખુલ્લા મેદાનમાં દોડે, કૂદે, ચડે, સંતુલન સાધે કે બૉલથી રમે છે ત્યારે તેનું શરીર માત્ર સક્રિય નથી થતું; તેની સ્થૂળ મોટર ક્ષમતા, આત્મવિશ્વાસ અને શરીરજ્ઞાન પણ વિકસે છે. અર્થાત્ રમકડું બાળક માટે રમવાની વસ્તુ નહીં, શીખવાની પ્રક્રિયા છે.

બાળકના વિકાસ માટે મોંઘું રમકડું જરૂરી નથી. ઘણી વખત બાળકને સૌથી વધુ ગમતી વસ્તુ બજારમાંથી ખરીદેલી નથી હોતી. એક કાર્ડબોર્ડનું બૉક્સ તેને ઘર, બસ, રોબૉટ કે રૉકેટ બનીને મળે છે. થોડાં લાકડાં પુલ બની જાય છે.

આજના ડિજિટલ યુગમાં મોબાઇલ, ટૅબ્લેટ અને ગેઇમિંગ ડિવાઇસ પણ બાળકની રમતમાં પ્રવેશી ગયાં છે. ટેક્નોલોજીનો સંપૂર્ણ વિરોધ કરવો એ ઉકેલ નથી; પરંતુ ટૅક્નોલૉજી બાળકની સક્રિય રમતનું સ્થાન લઈ ન જાય તેની કાળજી લેવી જરૂરી છે.

**બાલદેવો ભવ**

# શિક્ષણમાં મૂળ વિચારની પ્રતિકૃતિ એટલે રમકડાં



- ડૉ. મનહર ઠાકર
પૂર્વ પ્રિન્સિપાલ, સંઘવી શિક્ષણ
મહાવિદ્યાલય, ભાવનગર
મો. ૯૪૨૬૮૫૧૨૯૦

બાળકોના શિક્ષણમાં રમકડાંનો ઉપયોગ ઉપકારક બને છે. આજે ટૅક્નોલૉજીના વિકાસની સાથે અનેક પ્રકારનાં ડિજિટલ રમકડાં ઉપલબ્ધ છે. બાળકોના શૈક્ષણિક હેતુની સિદ્ધિ માટે યોગ્ય રમકડાંની પસંદગી અને ઉપયોગ જરૂરી છે. શિક્ષણની પ્રક્રિયામાં પ્રત્યક્ષ જ્ઞાનનું મહત્ત્વ ઘણું છે. પરંતુ દરેક બાબતનું પ્રત્યક્ષીકરણ અશકય નહિ તો મુશ્કેલ તો છે જ. મોબાઈલ ફોનના પ્રત્યક્ષ જ્ઞાન માટે બાળકોને સાચો મોબાઈલ ફોન આપવાને બદલે મોબાઈલ ફોનના રમકડાનો અનુભવ પરોક્ષ રીતે આપવાથી તેની સમજ ઊભી થતી હોય છે. તે પ્રમાણે કમ્પ્યૂટર, લૅપટૉપ, ઘડિયાળ, રેડિયો, ટી.વી. વાહનવ્યવહારનાં સાધનો વગેરેનાં રમકડાંનો ઉપયોગ કરી શકાય.

કેવળ શાબ્દિક વર્ણનને બદલે રમકડાં રજૂ કરવાથી કોઈ વિચાર, વસ્તુ કે ક્રિયાનું શિક્ષણ અસરકારક બને છે. આ રીતે શિક્ષણને અસરકારક બનાવવામાં રમકડાં ઉપયોગી બને છે. બાળકોની શીખવાની ૯૮ ટકા ક્રિયા તો આંખ વડે જોવાથી થતી હોય છે. જ્યારે બાકીના ૦૨ ટકા શ્રવણ, સ્પર્શ, સ્વાદ અને ગંધ દ્વારા થાય છે. એટલે રમકડાં જોઈને તથા તેનો ઉપયોગ કરવાના કૌશલ્યનું શિક્ષણ આંખ દ્વારા થઈ જતું હોવાથી બાળક માટે રમકડાં મનોરંજનનું માત્ર સાધન નહીં, અનેક સંભાવનાઓની ગરજ સારે છે.

**રમકડાં દ્વારા પ્રત્યક્ષીકરણનો ખ્યાલ :**

બાળકોના શિક્ષણમાં રમકડાં પ્રત્યક્ષીકરણ કરવામાં સહાયક બને છે. તે કોઈ વિચાર, વસ્તુ કે ક્રિયા વિશે ખ્યાલના બંધારણ માટે મૂર્ત સ્વરૂપની ભૂમિકા બાંધે છે અને અનુભવોને વાસ્તવિક બનાવે છે. તેનાથી વિચારોનું સાતત્ય જળવાય છે, અર્થઘટનશક્તિ વધે છે, જ્ઞાનનું ઊંડાણ વધે છે અને વૈવિધ્ય આવે છે. શિક્ષણ રસિક બને છે અને કાયમી બને છે. રમકડાંના ઉપયોગથી શાબ્દિક કથનમાં ઘટાડો થાય છે. બાળકોની સ્વઅધ્યયન વૃત્તિને ઉત્તેજન મળે છે. શિક્ષકની ક્ષમતા-કુશળતામાં વધારો થાય છે અને બાળકોના વ્યક્તિગત તફાવતો સંતોષાય છે. આથી રમકડાં ખૂબ જ મહત્ત્વનાં છે. બાળકોના શિક્ષણમાં રમકડાંનો ખૂબ જ મોટો સહારો છે. બાળકો પાસે ઢગલાબંધ રમકડાંનું વૈવિધ્ય હોય તેટલું પ્રત્યક્ષીકરણનું વૈવિધ્ય અસરકારક બને છે.

**વર્ગખંડમાં રમકડાંનો વિનિયોગ :**

દુર્લભ વસ્તુઓ, પૌરાણિક અવશેષો, વસ્તુઓ વગેરે કોઈક સંગ્રહાલયમાં સાચવેલ હોય છે તેનાં રમકડાં બનાવીને વર્ગમાં રજૂ કરી શકાય છે. વર્કિંગ રમકડાં દ્વારા દૂર બનતી ઘટનાઓનો અનુભવ વર્ગખંડમાં બતાવી શકાય છે. મેઘધનુષ, વીજળી, ધુમ્મસ, ધરતીકંપ, જ્વાળામુખી, અતિવૃષ્ટિ, પૂર વગેરે બનાવો કંઈ રોજ રોજ બનતા નથી. આવા બનાવોને વર્કિંગ રમકડાં દ્વારા વર્ગમાં બતાવી શકાય. સંગ્રહ ન થઈ શકે તેવી વસ્તુઓ, મોટાં પ્રાણીઓનાં શરીર વગેરેને લાંબા સમય સુધી સંઘરી શકાતાં નથી.

આવી વસ્તુઓનો રમકડાં દ્વારા સંગ્રહ થઈ શકે છે અને યોગ્ય સમયે વર્ગમાં તેનો ઉપયોગ કરી શકાય છે. વિરલ સ્થળો એટલે કે કેટલાંક સ્થળો એવાં હોય છે કે જ્યાં જવાની મનાઈ હોય છે.

જંગલોનો કેટલોક વિસ્તાર, મોટાં કારખાનાં, મિલિટરી કૅમ્પસ વગેરે અથવા કેટલાંક સ્થળોએ જવાની શક્યતા હોતી નથી. જેવાં કે ધ્રુવ પ્રદેશો-ચંદ્રની સપાટી વગેરે સ્થળો માટેનાં રમકડાંનું પ્રદર્શન ગોઠવીને બાળકોને તેનો અનુભવ આપી શકાય. એ રીતે શાળા કે વર્ગખંડમાં રમકડાંનો વિનિયોગ કરી શકાય છે.

**રમકડાં દ્વારા કેટલીક ધીમી અને ઝડપી ક્રિયાઓનું વિહંગાવલોકન :**

વિહંગાવલોકન માટે રમકડાંનો ઉપયોગ કરી શકાય જેમ કે કેટલાંક પ્રાણી, વસ્તુ, પક્ષી વગેરેના રહેઠાણ વિસ્તાર એટલા વિશાળ હોય છે કે તેને પ્રત્યક્ષ જોવાથી પણ તેની સમજ મળી શકે નહિ. આ માટે તેનાં રમકડાં શિક્ષણમાં વધારે ઉપયોગી છે. જળશોષક પંપ, વરાળયંત્ર, સૂર્યમંડળ વગેરેની રચનાઓ સમજાવવી એ તેના પ્રત્યક્ષીકરણ કરતાં રમકડાં દ્વારા વધારે અસરકારક બને છે.

હૃદયના ધબકારા જેવો નાનો અવાજ સ્ટેથોસ્કોપ વડે સમગ્ર વર્ગને સંભળાવવો મુશ્કેલ બને છે. પરંતુ તેને ડિજિટલ રમકડાથી મોટો બનાવીને એક સાથે આખા વર્ગને સંભળાવી શકાય તે માટે અવાજની કેસેટો પણ બનાવી શકાય. સૂક્ષ્મ વસ્તુઓ, અમીબા, વાઈરસ, અણુ જેવી રચનાઓ રમકડાં દ્વારા વર્ગખંડમાં સરળતાથી શીખવી શકાય.

ઘણી મોટી વસ્તુઓ જેવી કે સમુદ્ર, પર્વત, જળવીજ મથકો, પવનચક્કી વગેરે માટે યોગ્ય કદનાં રમકડાં બનાવીને રજૂ કરવાથી તેનું શિક્ષણ સરળ બનાવી શકાય. બીમાંથી વૃક્ષ બનવાની ક્રિયા કે ફૂલ ખીલવાની ક્રિયા જેવી વિકાસાત્મક ક્રિયાઓ ખૂબ જ ધીમી થતી હોય તેને વર્કિંગ રમકડાં દ્વારા દેખાડી શકાય છે. આવી ક્રિયાઓને આવાં ડિજિટલ રમકડાં દ્વારા ઝડપી બનાવીને સમજાવી શકાય છે.

ઝડપી ક્રિયાઓ જેવી કે બંધુકમાંથી છૂટતી ગોળીનો ભાગ કે રૉકેટ છોડવાની ક્રિયાઓ ઝડપી છે તેને ધીમી બનાવીને વર્ગમાં ડિજિટલ રમકડાં દ્વારા બતાવી શકાય છે. બોમ્બ વિસ્ફોટન, જ્વાળામુખી જેવી જોખમી પ્રક્રિયાઓનું નિદર્શન ડિજિટલ રમકડાં દ્વારા થઈ શકે. ઓછા પ્રકાશમાં કે અંધકારમાં થતી ક્રિયાઓનું પ્રત્યક્ષીકરણ ન થઈ શકે પરંતુ ઈન્ફ્રારેડ ફોટો-ડિજિટલ રમકડાંની મદદથી ચામાચીડિયાં જેવાં નિશાચર પ્રાણી-પક્ષીઓની માહિતી હવે વર્ગમાં સરળતાથી સમજાવી શકાય છે.

**કેટલીક ક્રિયાઓનું ડિજિટલ રમકડાં વડે નિદર્શન :**

આધુનિક ડિજિટલ રમકડાં વાપરીને શિક્ષક પોતાનું શાબ્દિક કથન ઘટાડી શકે છે અને છતાં શિક્ષણકાર્ય ઝડપી બને છે. કોઈ પણ પદાર્થની અંદરના ભાગની રચના, ક્રિયાઓ પણ ડિજિટલ વર્કિંગ રમકડાં દ્વારા સમજાવવી સરળ બની છે. હૃદય, ફેફસાં કે આંતરડાની અંદરની ક્રિયાઓ ખૂબ જ આસાનીથી બાળકોને વર્ગખંડમાં આવાં રમકડાં દ્વારા સમજાવી શકાય છે. પતંગિયાં, માખી જેવા ચંચળ જીવોનું અવલોકન મુશ્કેલ હોય છે. પરંતુ યોગ્ય ડિજિટલ રમકડાં દ્વારા હવે ખૂબ જ સરળતાથી આવાં જંતુઓની ક્રિયાઓ સમજાવી શકાય છે. માછલીઘરનું રમકડું બનાવીને બાળકોને માછલીનું નિવસનતંત્ર ઘરઆંગણે કે શાળામાં સમજાવી શકાય છે.

**શિક્ષણમાં રમકડાંનો ઉપયોગ કરતી વખતે... :**

બાળકો માટે રમકડાંનો ઉપયોગ કરીએ ત્યારે મૂળ વસ્તુનાં રંગ-આકાર કદ-મુલાયમતા જેવી વિગતો જાળવવી જોઈએ. આથી બાળકોમાં આ અંગે ખોટો ખ્યાલ ન બંધાય. દા.ત. હાથી અને સસલાનાં એકસરખાં રમકડાં રજૂ કરવાથી બાળકને બંને વિશેનો ખ્યાલ ખોટો બંધાય. તે જ પ્રમાણે હૃદયનું રમકડું હાથમાં પકડીને અસલ હૃદયની કોમળતાનો ખ્યાલ આપવો જરૂરી છે. જે રમકડું ત્રિપરિમાણ ( લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ) કે દ્વિપરિમાણ (લંબાઈ, પહોળાઈ ) ધરાવે છે તેનાથી જો મૂળ વસ્તુનો ખ્યાલ જળવાયો ન હોય તો ત્રિપરિમાણ કે દ્વિપરિમાણનો ખ્યાલ બાળકમાં ભ્રમ ઊભો કરે છે.

રમકડાં પરોક્ષ અનુભવો આપે છે. બાળકોને શિક્ષક જેટલો પૂર્વાનુભવ ન જ હોય. પરિણામે તેનાથી મૂળ વસ્તુઓનો સાચો અનુબોધ મેળવવામાં બાળકોને મુશ્કેલી રહે છે. દા.ત. જળદાબ યંત્ર, રેલવે એંજિન કે જળશોષક પંપનાં વર્કિંગ રમકડાં જોઈને મૂળ વસ્તુની સંકુલતા (Complexity)નો ખ્યાલ ન આવી શકે ત્યારે તેની સંકુલતા સ્પષ્ટ કરવી જોઈએ. રમકડાં દ્વારા શિક્ષણ આપતી

વખતે મૂળ વિચાર, વસ્તુ કે ક્રિયા વિશેની અધૂરી વિગતોની પૂર્તિ કરવી જોઈએ. શૈક્ષણિક રમકડાં બનાવતી વખતે મૂળવિચાર, વસ્તુ અને ક્રિયા સંદર્ભે બાળકની કક્ષા પ્રમાણે સરળતા અને કલાત્મકતાનો ખ્યાલ રાખવો જરૂરી છે.

**બાળકનાં વૃદ્ધિ અને વિકાસને અનુબંધિત રમકડાં :**

રમકડાં એટલે રમકડાં, જે બાળકને મનોરંજન સાથે કેટલાક ખ્યાલોની સમજ આપે છે. બાળકની વયકક્ષા પ્રમાણે રમકડાંની પસંદગી થતી હોય છે. પારણામાં ઝૂલતા બાળક માટે પારણે લટકાવી શકાય તેવાં ચકલી, મોર, પોપટ જેવાં પક્ષીઓનાં રમકડાંમાં બાળકનું ધ્યાન કેન્દ્રિત થાય છે. તેના રંગ અને આકારની છાપ બાળકના ચિત્ત પર પડે છે, જે તેના માટે દશ્યેન્દ્રિય દ્વારા મળતો અધ્યયન અનુભવ છે. શિશુ અવસ્થા પસાર કરીને બાળક બાલ્યાવસ્થામાં આવે છે ત્યારે તેના માટે રમકડાં બદલાય છે. તે વખતે વિમાન, ફુગ્ગા, રેલગાડી, પ્રાણીઓ, વિવિધ વાહનો વગેરે જેવાં રમકડાં હોય છે, જેના આકાર, સ્વરૂપ, ગતિ, ધ્વનિ વગેરેનો ખ્યાલ બાળકને મળતો જાય છે. હવે તેને દશ્યેન્દ્રિય ઉપરાંત શ્રવણેન્દ્રિય દ્વારા અધ્યયન અનુભવ મળે તેવાં રમકડાંથી રમવું ગમે છે. કિશોરાવસ્થાના તબક્કે બાળકો નાગોરિયો, કૅરમ જેવાં રમકડાં ઉપરાંત જેના વડે દશ્ય, શ્રાવ્ય, સ્પર્શ વગેરે અનુભવો મળે તેવાં રમકડાંનો ઉપયોગ કરતાં થાય છે.

તરુણાવસ્થાના તબક્કે બૉલ-બેટ દ્વારા ક્રિકેટ, ફૂલ-રેકેટ દ્વારા બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ગોલ્ફ એવાં રમકડાંનો ઉપયોગ થાય છે કે જેના વડે અધ્યેતામાં શારીરિક બુદ્ધિ, સાંસ્કૃતિક બુદ્ધિ, સામાજિક બુદ્ધિ, આર્થિક બુદ્ધિ, વ્યાવહારિક બુદ્ધિ, વ્યાવસાયિક બુદ્ધિ અને ટૅક્નિકલ બુદ્ધિ તથા તેને અનુબંધિત કૌશલ્યોનો વિકાસ થતો હોય છે.

---

**હવે**
# **બાળવિશ્વ**
**વાંચો અને**
# **સાંભળો પણ..!**



બાળવિશ્વ હવે સમાવેશી (Inclusive) બની રહ્યું છે. દિવ્યાંગજનો ઉપરાંત સૌ કોઈ આ નવા ઑડિયો માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી શકે છે.

**ધ્વનિમુદ્રણ સૌજન્ય : અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.**

# બાળવયે શિક્ષણનું પ્રથમ માધ્યમ : રમકડાં



- ડૉ. જિજ્ઞાસા ચાવડા
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કૉલેજ, સંત કબીર રોડ, રાજકોટ.
મો. ૯૪૨૬૮૫૩૧૧૧

બાળકના ઇંદ્રિય વિકાસમાં રમકડાંનું પ્રદાન અદકેરું છે. રમકડાં વડે બાળકના શિક્ષણ દ્વારા તેની કલ્પના શક્તિની ખિલવણી થતી હોય છે. આપણી સ્વદેશી અને પરંપરાગત સંસ્કૃતિને રમકડાં દ્વારા બાળક સુધી લઈ જઈ શકાય છે. આપણી પ્રાદેશિક વિવિધતા અને તેના બદલાતાં સ્વરૂપોને બાળકની કલ્પનાશક્તિની સાથે તેની બુદ્ધિ-શક્તિ, શબ્દભંડોળ, વિચારશક્તિ, સ્મૃતિશક્તિ, વિચાર કે તર્કશક્તિ અને સમસ્યા-ઉકેલ શક્તિનો વિકાસ વિવિધ પ્રકારનાં રમકડાંઓ દ્વારા ચોક્કસ કરાવી શકાય છે. કેટલાંક ઘરગથ્થુ સાધનો અને નકામી થઈ ગયેલી વસ્તુઓમાંથી (બેસ્ટ ફ્રોમ વેસ્ટ), રમકડાં બનાવવામાં બાળકની કળા અને સર્જનાત્મકતાનો વિકાસ થાય છે. રમકડાં દ્વારા બાળકમાં સામાજિક કૌશલ્યો અને ટીમવર્ક ખીલવીને સહકારની ભાવના વિકસાવી શકાય છે. કેટલીક એવી રમતો અને એવાં રમકડાં દ્વારા બાળકોમાં સહકાર, સહાનુભૂતિ, કદર, સલામતી, પ્રેમ હૂંફ, લાગણી વગેરેનો માહોલ રચાતો હોય છે.

**રમકડાં દ્વારા બાળકમાં અવલોકન શક્તિ અને રચનાત્મક કૌશલ્યોનો વિકાસ :**

ત્રિપરિમાણીય રમકડાં લંબાઈ, ઊંચાઈ, પહોળાઈ ધરાવતાં હોવાથી ઊંચુ શૈક્ષણિક મૂલ્ય ધરાવે છે. તે મૂળ વસ્તુ જેવાં પણ હોઈ શકે અને તેનાથી નાનાં મોટાં પણ હોય. કેટલાંક રમકડાં મૂળ વસ્ત જેવી કામગીરી બતાવી શકે. દા. ત. ટ્રક, રેલગાડી વગેરે. તેને કાર્યાન્વિત રમકડાં ‘વર્કિંગ ટૉય્ઝ’ કહે છે. આવાં રમકડાં દ્વારા તેની લાઇટ સર્કિટની કામગીરી, હવાના દબાણનો સિદ્ધાંત વગેરે ખૂબ જ સહજતાથી સમજાવી શકાય છે. તે જ પ્રમાણે કેટલાંક રમકડાં ખોલીને બાળકો સમક્ષ બતાવી શકાય છે અને અંદરની આંતરિક રચના પણ તેની મદદથી સ્પષ્ટ બતાવી શકાય છે આવાં રમકડાંને ‘ડીસેક્ટેબલ ટૉય્ઝ’ કહેવાય છે. ફુવારો, પિચકારી, વગેરેનાં આવાં રમકડાં બજારમાં તૈયાર મળે છે. મોટર કે મોટર સાઇકલમાં આવેલાં ભાગોની ગોઠવણીને લગતું રમકડું ખોલી બતાવીને દરેક ભાગનાં સ્થાન-રચના, કદ વગેરે સરસ રીતે સમજાવી શકાય છે. આવાં રમકડાંનો મોટો ફાયદો એ છે કે મૂળ વસ્તુ કરતાં તેમાં સંકુલતા ઓછી અને સરળતા વધારે હોય છે. વાસ્તવિક મોટર કે મોટર-સાઇકલને વર્ગખંડમાં લઈ જઈને તેના ભાગોનું નિદર્શન કરવું શક્ય ન બને ત્યારે તેની આંતરિક રચના એનાં રમકડાં દ્વારા દર્શાવી શકાય છે. તેના ભાગો સરળતાથી અને ક્રમિક બતાવી શકાય છે. નાનાં બાળકો માટે અવલોકનશક્તિ અને રચનાત્મક કૌશલ્યોના વિકાસ સંદર્ભે આવાં રમકડાં ખૂબજ ઉપયોગી અને અસરકારક રહે છે.

**બાળકો માટે સ્વનિર્મિત રમકડાંનો અનુભવ :**

ઐતિહાસિક પ્રસંગો કે પાત્રોને રજૂ કરતી કઠપૂતળીઓ- રમકડાં શિક્ષક જાતે પણ બનાવી શકે છે અને તેને હાથ કે આંગળીઓ વડે યોગ્ય હલનચલન આપીને સંવાદ દ્વારા વિષયના એકમની સુંદર રજૂઆત કરી શકે છે. કેટલાંક રમકડાં સામાન્ય રીતે માટી, કાગળ, પ્લાસ્ટિક, પ્લાસ્ટર ઑફ પેરિસ, કાચ, પતરાં, લાકડાં વગેરેમાંથી બનાવવામાં આવે છે. બજારમાં મળતાં રમકડાં પણ ક્યારેક રંગ, આકાર, કદની દૃષ્ટિએ ખૂબ જ સારાં હોય છે. શિક્ષક જાતે પણ પસ્તીનાં કાગળોને પલાળીને તેનો માવો બનાવી તેમાં કચૂકાનો લોટ કે મેથીનો લોટ ભેળવીને વિદ્યાર્થીઓ પાસે સુંદર રમકડાં બનાવડાવી શકે છે. જે કિંમતમાં ખૂબ જ સસ્તાં છતાં શૈક્ષણિક દૃષ્ટિએ કીમતી હોય છે.

**બાળકોને રમકડાં દ્વારા શિક્ષણ આપતી વખતે લેવાની કાળજી :**

રમકડાંનો ઉપયોગ કરીએ ત્યારે રંગ, કદ, સંકુલતા અને કોમળતાના ખોટા ખ્યાલો, ખોટા અનુબોધ વગેરે બાળકોને ન થાય તે માટે ખાસ કાળજી રાખવી જરૂરી છે. રમકડાંનો ઉપયોગ કરતી વખતે તેની ચોક્કસ સ્થિતિ, સ્થાન વગેરેનો ખ્યાલ વિદ્યાર્થીઓને આપવો જોઈએ. દા.ત. ઘોડાનું રમકડું બતાવવા માટે તેનો ચહેરો મૂળ કદમાં રજૂ કરી તેનાં કાન, નાક, આંખો વગેરે ભાગોનું સ્થાન અને સ્થિતિ સમજાવવાથી જે સમજ બાળકો મેળવશે તે લાંબા સમય સુધી તેને યાદ રહેશે. રમકડાંની પસંદગીમાં માત્ર કિંમત ન જોતાં, તેનાં કદ, આકાર, રંગ ખાસ જોવાં જોઈએ અને બાળકોને પણ તે કયું રમકડું, કોનું રમકડું, કઈ વસ્તુનું છે, તેનો યોગ્ય ખ્યાલ સ્પષ્ટ આપવો જોઈએ.

**જાદુઈ ફાનસરૂપે બાળ શિક્ષણનું એક રમકડું :**

એક જમાનામાં જાદુઈ ફાનસ તરીકે પ્રચલિત રમકડામાં આજે ઘણા ફેરફારો અસ્તિત્વમાં આવ્યા છે. વજનમાં હલકું રચનામાં એવું આ સાધન હેરફેર માટે સોગંદ છે શાળાઓ અને પોસાય તેવું એકંદરે સસ્તું છે. તેનો શિક્ષણ કાર્ય માટે બાળકોને ફિલ્મ કે સ્લાઈડ બતાવવાનો બેવડો ઉપયોગ કરી શકાય છે તેથી શિક્ષણ-કાર્યને ખૂબ જ અસરકારક બનાવી શકાય છે.

બાળકોને રસ પડે તેવી રજૂઆત આ સાધન દ્વારા થાય છે. બાળકને મન આ જાદુઈ ફાનસરૂપે રમકડું જ છે. ફોટોગ્રાફીની અવનવી પદ્ધતિઓની શોધના વિકાસ સાથે આર્થિક રીતે પોસાય તેવી નાનકડી ટકાઉ અને રંગીન સ્લાઈડો પણ તેમાં મૂકીને મૂળ વસ્તુના એકદમ આબેહૂબ ચિત્ર જોવા મળે છે. ઘણા બધાં સ્થળો, પરિસ્થિતિઓ, વસ્તુઓ કે પદાર્થોને લગતી જરૂરી તમામ પ્રકારની બાબતો ક્રમબદ્ધ તૈયાર કરીને તેમાં બતાવી શકાય છે. ચિત્રને વર્ગ સમક્ષ પડદા પર લાંબો સમય સુધી રાખી શકવાથી બાળકોને આ સાધન ખૂબ રસપ્રદ રીતે ઉપયોગમાં આવે છે.

**હસ્તબનાવટનાં રમકડાં :**

બાળકોને રમકડાં દ્વારા શિક્ષણ આપવાનો હેતુ નિર્ધારિત કરનાર શિક્ષક પાસે જરૂરી શૈક્ષણિક સાધન તરીકે રમકડાં નથી તો શિક્ષકે પોતાની પ્રતિભા, પ્રજ્ઞા, સૂઝને કામે લગાડીને નાના મોટા શૈક્ષણિક અનુભવો આપવા માટે રમકડાંની હારમાળા સર્જવી જોઈએ. જેથી યોગ્ય સમયે, યોગ્ય રમકડાં દ્વારા શૈક્ષણિક અનુભવ આપીને બાળકોના શિક્ષણને અસરકારક બનાવી શકાય છે. દા.ત. વિદ્યાર્થીઓની સામે શિક્ષકે એક દીવો બનાવવો હોય તો શાહીના ખડિયાના ઢાંકણમાં કાણું પાડી તેમાં નાની ભૂંગળી નાખીને દિવેટ પસાર કરી, તેમાં તેલ કે કેરોસીન પૂરી શિક્ષક દીવો તૈયાર કરી શકે છે. તે દીવાને એક ત્રિપાઈ ઉપર મૂકવો હોય તો શિક્ષકે અમૂલ દૂધનો ખાલી ડબ્બો લેવાનો, એને ઉપર નીચેના ઢાંકણ કાઢી નાખવાના, નીચે ત્રણ જગ્યાએ ત્રિકોણ આકારો મધ્યમથી થોડે ઊંચે સુધી કાપી લેવાના અને ત્રિપાઈ તૈયાર થઈ ગઈ. તેના ઉપર દીવો મૂકી શકાય છે.

**જાતે રમકડાં બનાવવાથી થતો શિક્ષણમાં ફાયદો :**

રમકડાં દ્વારા થતાં શિક્ષણથી બાળકોની સર્જન શક્તિ ખીલે છે. બાળકો જાતે રમકડું બનાવે તો એને સ્વનિર્માણના આનંદ આવે છે. તેને જાતે રમકડું બનાવવાનું આત્મ ગૌરવ અનુભવાય છે. તેને શીખવવા માટે રમકડાંનો ઉપયોગ કરવાથી શિક્ષકને સંતોષ મળે છે. વેચાતાં લીધેલાં રમકડાં કરતાં જાતે બનાવેલાં રમકડાંનો ખર્ચ ઓછો થાય છે. યોગ્ય સમયે, યોગ્ય રમકડું બનાવી શકાય છે. તેથી શિક્ષણકાર્ય જીવંત ને અસરકારક બને છે. શૈક્ષણિક રમકડાં બનાવવા દરેક શિક્ષક અને વિદ્યાર્થીને મન થવું જોઈએ. આ માટે શાળામાં એક સાધન પેટી અલગ રાખવી જોઈએ. રમકડાંના ઉત્પાદન માટે સમાજમાંથી પણ યોગ્ય વ્યક્તિઓની મદદ લઈ શકાય, ખાસ કરીને લુહાર, સુથાર, કુંભાર, દરજી, ફોટોગ્રાફર વગેરે વ્યવસાય સાથે સંકળાયેલ માણસો બાળકો સામે શાળામાં આવીને તે માટે ઉપયોગી બની શકે.

# પ્રાચીન સાહિત્યમાં બાળરમકડાંના ઉલ્લેખો



- ડૉ. મગનલાલ એસ. મોલિયા
પ્રોફેસર, શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
મો. ૯૬૮૭૬૯૩૨૪૧

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં બાળરમકડાંને માત્ર મનોરંજન અથવા ક્રીડાનું સાધન નહીં, પરંતુ જ્ઞાન, વાર્તા કથન, સંસ્કાર વિકાસ, નૈતિક શિક્ષણ, કલ્પનાશક્તિનું પોષણ, અનુભવાત્મક જ્ઞાન અને સર્વાંગી વ્યક્તિત્વ નિર્માણનું મહત્ત્વપૂર્ણ માધ્યમ માનવામાં આવતું હતું. વેદો, ઈતિહાસ ગ્રંથો (રામાયણ-મહાભારત), પુરાણો, પંચતંત્ર, જાતક કથાઓ, નાટ્યશાસ્ત્ર, કામસૂત્ર અને અન્ય સાહિત્યમાં સીધા તેમજ પરોક્ષ ઉલ્લેખો રમકડાં, કઠપૂતળીઓ, રમતો અને બાળક્રીડાના ઉલ્લેખો મળે છે. આ ઉલ્લેખો પુરાતત્ત્વીય પુરાવાઓ (સિંધુ ખીણનાં માટીનાં રમકડાં) સાથે મળીને ભારતીય જ્ઞાન પરંપરાની સતતતા અને ઊંડાઈ દર્શાવે છે. આ ઉલ્લેખો દર્શાવે છે કે પ્રાચીન ભારતમાં બાળકોની રમતને મહત્ત્વ આપવામાં આવતું હતું અને તેને શિક્ષણ સાથે જોડવામાં આવતું હતું.

**પુરાતત્ત્વીય આધાર અને વૈદિક સાહિત્ય :**

સિંધુ ખીણ સંસ્કૃતિ (લગભગ ૨૫૦૦-૧૭૦૦ ઈ.સ. પૂર્વે)માં હરપ્પા, મોહેંજો-દરો, ચાન્હુ-દરો અને લોથલ જેવાં સ્થળોના ખોદકામમાં વિપુલ માટીનાં અને લાકડાનાં રમકડાં મળ્યાં છે. આમાં વ્હીલવાળાં નાનાં ગાડાં, પ્રાણીઓની મૂર્તિઓ (વાંદરા, ગાય, હાથી), માથા હલાવી શકાય તેવી આકૃતિઓ, નૃત્ય કરતી સ્ત્રીઓ, ફરતાં ટોપ્સ, રેટલ્સ (rattles), વ્હિસલ્સ અને મેઝ (labyrinth) જેવાં રમકડાંનો સમાવેશ થાય છે. આ રમકડાં બાળકોને રોજિંદા જીવન, પ્રકૃતિ, પ્રાણીઓ અને સામાજિક ભૂમિકાઓ સાથે જોડતાં હતાં. વૈદિક સાહિત્યમાં રમકડાંના સીધાં વર્ણન ઓછાં છે, પરંતુ બાલક્રીડા (બાળકોની રમતો) અને ચતુઃષષ્ઠિઃ કલા (૬૪ કલાઓ)માં તેમનું સ્પષ્ટ મહત્ત્વ છે. આ કલાઓમાં બાલક-ક્રીડનક અથવા બાલક્રીડનક-"બાળકોના રમકડાંનો ઉપયોગ અને બનાવવાની કલા"નો સમાવેશ થાય છે. આ કલા વાત્સ્યાયનના કામસૂત્ર, નાટ્યશાસ્ત્ર અને અન્ય ગ્રંથોમાં ઉલ્લેખિત છે. ભગવાન કૃષ્ણે સાંદીપનિ મુનિ પાસે માત્ર ૬૪ દિવસમાં ૧૪ વિદ્યાઓ અને ૬૪ કલાઓ શીખી હતી, જેમાં આ પણ સામેલ હતી. આ દર્શાવે છે કે રમકડાં દ્વારા શિક્ષણનો પ્રાચીન ભારતમાં વ્યવસ્થિત રીતે સમાવેશ કરવામાં આવતો હતો. ઋગ્વેદ અને અન્ય વેદોમાં રમતો, પાસા, બોલ અને દાળ જેવી વસ્તુઓથી રમવાના સંકેતો મળે છે, જે બાળકોની ક્રીડા સાથે જોડાયેલા છે.

**રામાયણ અને મહાભારતમાં વિગતવાર ઉલ્લેખો :**

**રામાયણ (વાલ્મીકિ) :** બાલકાંડમાં બાળ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નની નિર્દોષ રમતો અને ક્રીડાના સંકેતો છે. વનવાસ દરમિયાન કુદરતી વસ્તુઓ (પાંદડાં, લાકડીઓ, પથ્થરો)થી બનેલાં અસ્થાયી રમકડાં અને બાળક્રીડાનાં વર્ણનો છે. આ રમતો શારીરિક વિકાસ, સામાજિક સંબંધો અને નૈતિક મૂલ્યોનું પોષણ કરતી.

**મહાભારત :** અહીં રમકડાં અને કઠપૂતળીઓના સ્પષ્ટ ઉલ્લેખો છે. સંસ્કૃતમાં પુત્તલિકા, પુત્તિકા, પુત્રિકા અથવા પુત્તલિ શબ્દો "નાના પુત્રો/પુત્રીઓ" અર્થે વપરાયા છે, જે કઠપૂતળીઓ અને ડોલ્સ (dolls)ને સૂચવે છે. આ શબ્દો પપેટના મૂળ સાથે જોડાયેલા માનવામાં આવે છે. મહાભારતમાં સૌભિક અને કઠપૂતળી નાટ્યના ઉલ્લેખો છે, જે બાળકો તેમજ પ્રેક્ષકોને મહાકાવ્યીય વાર્તાઓ, નૈતિક સંકટો અને ધાર્મિક પાઠ શીખવતી.

પાંડવ અને કૌરવોના બાળપણમાં બૉલ રમતો, છુપાછુપી, શારીરિક ક્રીડા અને વિવિધ રમકડાંનાં વર્ણનો છે. ભગવાન કૃષ્ણ ગોપીઓ અને સખાઓ સાથે બૉલ,

વાંસળી અને અન્ય રમતો રમતા. આ રમતો શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ માટે હતી.

**પુરાણોમાં વિસ્તૃત વર્ણન અને લીલાઓ :**

પુરાણોમાં બાળરમકડાં અને ક્રીડાની પરંપરા સૌથી વધુ વિસ્તૃત અને જીવંત છે :

**ભાગવત પુરાણ :** બાલકૃષ્ણની અનેક લીલાઓમાં રમત અને ક્રીડાનું કેન્દ્રીય સ્થાન છે. કૃષ્ણ યશોદા સાથે, ગોપીઓ અને ગ્વાલ બાળકો સાથે વિવિધ રમતો અને કુદરતી/સરળ રમકડાંથી આનંદ માણતા. આ વાર્તાઓ બાળકોને ભક્તિ, પ્રેમ, આનંદ અને ધર્મનાં મૂલ્યો શીખવે છે. લીલા (divine play)ની વિભાવના અહીં કેન્દ્રમાં છે.

**બ્રહ્માંડ પુરાણ અને અન્ય પુરાણો :** કારીગરોની કળા, પૌરાણિક દશ્યોવાળાં રમકડાં (રામ દરબાર, દશાવતાર, કૃષ્ણ-અર્જુન) અને ઉત્સવોમાં તેમના ઉપયોગનાં વર્ણનો. કોંડપલ્લી જેવી પરંપરાઓ શિવજીના આશીર્વાદ સાથે જોડાયેલી છે.

**લલિતાસહસ્રનામ :** દેવીને બાલલીલાવિનોદિની કહેવામાં આવી છે, જે બાળક્રીડા અને લીલાને સૂચવે છે. પુરાણોમાં કઠપૂતળીઓ ધાર્મિક કથાઓ, નવરાત્રિના બોમ્મલા કોલુવુ અને નૈતિક શિક્ષણ માટે વપરાતી.

**અન્ય સાહિત્ય અને કથા પરંપરાઓ :**

**પંચતંત્ર અને હિતોપદેશ :** પ્રાણીઓ અને વસ્તુઓને રમકડાં તરીકે અથવા વાર્તા માધ્યમ તરીકે વાપરવામાં આવતાં. આ વાર્તાઓ કઠપૂતળીઓ અને રમકડાં દ્વારા અભિનય કરવામાં આવતી, જે વ્યવહારુ બુદ્ધિ, નીતિ અને જીવન પાઠ શીખવતી.

**જાતક કથાઓ :** બૌદ્ધ પરંપરામાં પણ રમકડાં અને વાર્તાઓનો ઉપયોગ શિક્ષણ માટે થતો.

**નાટ્યશાસ્ત્ર (ભરતમુનિ) અને પાણિનિ-પતંજલિ :** કઠપૂતળી અને સૂત્રધારના ઉલ્લેખો. કઠપૂતળીને ભગવાનના સૂત્રધાર સાથે જોડવામાં આવે છે.

**કથાસરિત્સાગર (સોમદેવ) :** યાંત્રિક અને જાદુઈ રમકડાં (માયાયંત્ર પુત્રિકાઓ)નાં વર્ણનો, જે બાળકોને મનોરંજન અને આશ્ચર્ય આપતાં.

**સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આધ્યાત્મિક મહત્ત્વ :**

પ્રાચીન ગ્રંથોમાં રમકડાં લીલાના સ્વરૂપે જોવામાં આવતાં - જે દિવ્ય આનંદ અને સર્જનનું પ્રતીક છે. તેઓ સંસ્કાર વિકાસ, ધર્મશિક્ષણ, સર્જનાત્મકતા અને સામાજિક સંવાદિતાના સાધન હતાં. આ પરંપરા આજે ચન્નપટ્ટણા, કોંડપલ્લી, કઠપૂતળી કલાઓ અને વિવિધ ઉત્સવોમાં જીવંત છે.

**ફલિતાર્થો :** પ્રાચીન ભારતીય ગ્રંથો, પુરાણો અને સાહિત્યમાં બાળરમકડાંના ઉલ્લેખો માત્ર ઐતિહાસિક અથવા વર્ણનાત્મક નથી, પરંતુ તેઓ ઊંડા ફલિતાર્થો અને સમકાલીન પ્રાસંગિકતા ધરાવે છે. આ ઉલ્લેખો દર્શાવે છે કે રમકડાં અને ક્રીડા એ સર્વાંગી શિક્ષણ, સંસ્કાર વિકાસ, સાંસ્કૃતિક નિરંતરતા અને આધ્યાત્મિક વિકાસનું અભિન્ન અંગ હતાં. તેમના મુખ્ય ફલિતાર્થો નીચે વિગતવાર આપેલા છે.

**રમત દ્વારા સર્વાંગી વિકાસ :** રમકડાંના ઉલ્લેખો (સિંધુ યુગના પુરાવા અને વેદિક કલાઓમાં) સૂચવે છે કે પ્રાચીન ભારતમાં શિક્ષણને શારીરિક, માનસિક, સામાજિક અને ભાવાત્મક વિકાસ સાથે જોડવામાં આવતું હતું. ચોસઠ કલાઓમાં બાલક્રીડનકનો સમાવેશ દર્શાવે છે કે રમકડાં મોટર સ્કિલ્સ, સમસ્યા નિરાકરણ, કલ્પનાશક્તિ અને સેન્સરી વિકાસ માટે વપરાતાં હતાં. આજના પ્લે-બેઇઝ્ડ લર્નિંગ અને મોન્ટેસોરી પદ્ધતિઓ પ્રાચીન ભારતીય અભિગમનું આધુનિક સ્વરૂપ છે. રમત દ્વારા બાળકોને પુસ્તકીય જ્ઞાન કરતાં વધુ અનુભવાત્મક અને સ્થાયી શિક્ષણ મળે છે.

**નૈતિક અને મૂલ્ય-આધારિત શિક્ષણ :** મહાભારતમાં પુત્તલિકા/પુત્તિકા (કઠપૂતળીઓ), ભાગવત પુરાણમાં બાલકૃષ્ણની લીલાઓ અને પંચતંત્રમાં

પ્રાણી વાર્તાઓ દ્વારા રમકડાં અને વાર્તાઓ નૈતિક પાઠો (ધર્મ, સત્ય, અહિંસા, વ્યવહારુ બુદ્ધિ, મિત્રતા, લોભનાં પરિણામો) શીખવતાં હતાં. રમકડાં અને કઠપૂતળીઓ દ્વારા નૈતિક શિક્ષણ આનંદદાયક અને અસરકારક બને છે. આ પદ્ધતિ આજે પણ વાર્તાકથન અને રોલ-પ્લે દ્વારા બાળકોમાં સારા-ખરાબની સમજ વિકસાવી શકે છે, જે આધુનિક સ્ક્રીન-આધારિત વાતાવરણમાં મહત્ત્વપૂર્ણ છે.

**સાંસ્કૃતિક અને વારસાગત નિરંતરતા :** પુરાણોમાં પૌરાણિક દૃશ્યો (રામદરબાર, દશાવતાર)વાળાં રમકડાં અને ઉત્સવો (બોમ્મલા કોલુવુ)ના ઉલ્લેખો સાંસ્કૃતિક વાર્તાઓને પેઢી દર પેઢી પ્રસારિત કરવાનું માધ્યમ હતાં. લીલાની વિભાવના (ભગવાનની દિવ્ય રમત) રમકડાંને આધ્યાત્મિક પરિમાણ આપે છે. રમકડાં સાંસ્કૃતિક ઓળખ અને વારસાનું સંરક્ષણ કરે છે. આજે GI-ટેગવાળી પરંપરાઓ (ચન્નપટ્ટણા, કોંડપલ્લી) આ વારસાને જીવંત રાખે છે અને વૈશ્વિકીકરણના યુગમાં મૂળ સાથે જોડવાનું મહત્ત્વ દર્શાવે છે.

**અનુભવાત્મક અને સર્જનાત્મક શિક્ષણ :** સિંધુ યુગના રમકડાં અને વેદિક ક્રીડા ખુલ્લી રમતને પ્રોત્સાહન આપતાં. પંચતંત્ર અને જાતક કથાઓ રમકડાં/પૂતળીઓ દ્વારા અભિનય કરીને સર્જનાત્મકતા વિકસાવતાં. આધુનિક સંશોધનો (ઓછાં પણ સારાં રમકડાં, લાકડાના બ્લૉક્સ) પ્રાચીન અભિગમની પુષ્ટિ કરે છે. તે સ્ક્રીન-આધારિત રમત કરતાં વધુ સર્જનાત્મકતા, ધ્યાન અને સમસ્યા નિરાકરણ વિકસાવે છે.

**સામાજિક અને સમાવેશી અભિગમ :** રમકડાં દ્વારા સમાજની ભૂમિકાઓ, પ્રાણીઓ અને સમુદાયનું અનુકરણ થતું. કઠપૂતળીઓ સમાજના તમામ વર્ગોને શિક્ષિત કરતી. આ પદ્ધતિ સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન આપે છે અને આજે પણ લિંગ-નિરપેક્ષ અને સામાજિક સંવાદિતા માટે માર્ગદર્શક છે.

**આર્થિક, હસ્તકલા અને ટકાઉપણું :** રમકડાં બનાવવાની કલા કારીગરોની પરંપરા અને કુદરતી સામગ્રી (માટી, લાકડું) પર આધારિત હતી. આજના આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ વિકાસનાં લક્ષ્યો સાથે સીધું જોડાય છે. તે બિન-ઝેરી, પર્યાવરણ-મૈત્રીપૂર્ણ રમકડાંનું મહત્ત્વ દર્શાવે છે.

**આધ્યાત્મિક અને તાત્ત્વિક :** લીલાની વિભાવના (કૃષ્ણ-લીલા, દેવીની બાલલીલા) રમકડાંને દિવ્ય આનંદ અને સર્જનનું પ્રતીક બનાવે છે. જીવનને લીલા તરીકે જોવું એ મુક્તિ અને આનંદનો માર્ગ છે. આધ્યાત્મિકતા અને રોજિંદા જીવન વચ્ચેનું અંતર દૂર કરે છે અને બાળકોમાં આંતરિક આનંદ વિકસાવે છે.

પ્રાચીન ગ્રંથોમાં બાળરમકડાંના ઉલ્લેખોના ફલિતાર્થો આપણને યાદ અપાવે છે કે રમત એ જ્ઞાન અને સંસ્કારનું પવિત્ર વાહન છે. તેઓ આધુનિક શિક્ષણ વ્યવસ્થાને હોલિસ્ટિક, મૂલ્ય-આધારિત અને સર્જનાત્મક બનાવવા માટે માર્ગદર્શન આપે છે. NEP ૨૦૨૦માં ECCE (Early Childhood Care and Education) પર ભાર, પરંપરાગત રમકડાંનું પુનરુત્થાન અને વારસાગત મૂલ્યોનું પોષણ આ ફલિતાર્થોનું પ્રત્યક્ષ પ્રતિબિંબ છે. આ વારસાને પુનર્જીવિત કરવું એ માત્ર સાંસ્કૃતિક જવાબદારી નથી, પરંતુ નવી પેઢીને સંતુલિત, સર્જનાત્મક અને મૂલ્યવાન નાગરિક બનાવવાનું વ્યૂહાત્મક પગલું છે. જેમ કૃષ્ણની લીલા અનંત આનંદ આપે છે, તેમ પ્રાચીન રમકડાંના ઉલ્લેખો આપણને જીવનને આનંદ અને જ્ઞાન સાથે જીવવાનું પાઠ શીખવે છે.

પ્રાચીન ભારતીય ગ્રંથો, પુરાણો અને સાહિત્યમાં બાળરમકડાંના વિસ્તૃત ઉલ્લેખો આપણને યાદ અપાવે છે કે રમત એ જ્ઞાન, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનું પવિત્ર વાહન છે. સિંધુ યુગથી પૌરાણિક કાળ સુધીની આ સતત પરંપરા બાળકોને તેમનાં વારસા, મૂલ્યો અને સર્વાંગી વિકાસ સાથે જોડતી હતી. આજના ડિજિટલ યુગમાં આ વારસાને પુનર્જીવિત કરવો એ સાંસ્કૃતિક, શૈક્ષણિક અને માનવીય જવાબદારી છે, જે નવી પેઢીને મૂળ સાથે જોડીને તેમના ભવિષ્યને સમૃદ્ધ અને સંતુલિત બનાવશે.

# રમતાં રમતાં ઘડતર : બાળકના સર્વાંગી વિકાસમાં રમકડાંની ભૂમિકા



- ડૉ. નીલેશ પંડ્યા
એસો. પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર. મો. ૯૪૨૬૩૩૭૪૩૨

બાળકનું વિશ્વ સ્વાભાવિક રીતે જ રમકડાં અને ક્રીડાથી બનેલું છે, જે તેના વિકાસ માટેનું સાચું રસાયણ છે. રમત એ માત્ર સમય પસાર કરવાનું સાધન નથી, પરંતુ તેનો એક જૈવિક આધાર છે અને તે સાંસ્કૃતિક અધ્યયન અને સામાજિક મૂલ્યોના હસ્તાંતરણનું માધ્યમ છે.

જ્યારે બાળક પોતાની પાસે ઉપલબ્ધ રમકડાં સાથે સંવાદ કરે છે અથવા પોતે પાત્ર બનીને કલ્પના જગતમાં વિહરે છે, ત્યારે તેને 'નાટ્ય રમત' કહેવામાં આવે છે. મનોવિજ્ઞાનીઓના મતે, રમત અને કલ્પનાનું ઉદ્ભવસ્થાન એક જ છે. રમત બાળકના વિકાસની કક્ષા સૂચવે છે, કૌશલ્યોના મહાવરાની તક આપે છે અને વિકાસાત્મક પરિવર્તન લાવે છે. રમતના માધ્યમથી બોધાત્મક અને ભાવાત્મક પ્રક્રિયાઓનો સમાંતર વિકાસ થાય છે.

**બોધાત્મક પ્રક્રિયાઓ :** રમવાથી બાળકમાં સંગઠન શક્તિ, વિકેન્દ્રિત વિચારણા (નવા વૈવિધ્યપૂર્ણ વિચારો), સંકેતીકરણ (જેમ કે ઈંટની ગાડી બનાવવી) અને ધારણા કરવાની કલ્પનાશક્તિ વધે છે.

**ભાવાત્મક પ્રક્રિયાઓ :** બાળક રમતમાં તલ્લીન થઈને આનંદ મેળવે છે, પોતાની હકારાત્મક કે નકારાત્મક લાગણીઓ અભિવ્યક્ત કરે છે. અને તેનું નિયમન કરતાં શીખે છે.

**સામાજિક અને સમસ્યા ઉકેલ :** બાળકોમાં સમાનુભૂતિ (અન્ય પ્રત્યે કાળજી), પરસ્પર પ્રત્યાયન (સંવાદ) અને રમતમાં ઊભા થતા સંઘર્ષો કે સમસ્યાઓનો ઉકેલ લાવવાની ક્ષમતા કેળવાય છે. પ્રસિદ્ધ મનોવિજ્ઞાની એરિક એરિકસન જણાવે છે કે, મુક્ત રમતમાં બાળકની સર્જનાત્મકતા આપોઆપ સપાટી પર આવે છે અને તેના દ્વારા બાળકની સાંવેગિક પ્રક્રિયાઓ જાણી શકાય છે.

**બાળરમતોનું વિકાસાત્મક સ્વરૂપ :**

મિલ્ડ્રેડ પાર્ટન અને અન્ય મનોવિજ્ઞાનીઓના વર્ગીકરણ અનુસાર ૨ થી ૫ વર્ષ દરમિયાન બાળકની રમતનું સ્વરૂપ સામાજિક પરિપક્વતા સાથે બદલાય છે :

૧. **એકાંકી રમત (આશરે ૨ વર્ષ) :** બાળક આજુબાજુ અન્ય બાળકો હોવા છતાં એકલું પોતાની ધૂનમાં રમવાનું પસંદ કરે છે.

૨. **સમાંતર રમત :** બાળક અન્ય બાળક જેવી જ રમત રમે છે, તેની હાજરીથી સભાન હોય છે, પણ પોતાની રીતે જ રમે છે.

૩. **સરળ સામાજિક આંતરક્રિયા (૩ થી ૪ વર્ષ) :** બાળકો પરસ્પર વસ્તુની વહેંચણી કરે છે, વારાફરતી ક્રિયા કરે છે, સ્મિત આપે છે અને પ્રારંભિક સામાજિક વર્તન દર્શાવે છે.

૪. **સહકારયુક્ત અને પૂરક રમત :** આ રમતના વિકાસનો ઉચ્ચ તબક્કો છે, જેમાં બાળકો સાથે મળીને રમતનું આયોજન કરે છે, ધ્યેય નક્કી કરે છે અને પરસ્પર ભૂમિકાઓ વહેંચીને રમે છે.

**ઉંમર મુજબ રમકડાંની સાચી પસંદગી કેવી રીતે કરવી?**

બાળકના વિકાસના જુદા જુદા તબક્કે તેની જરૂરિયાતો બદલાય છે, તેથી માતાપિતાએ વયકક્ષાને ધ્યાનમાં રાખીને જ રમકડાં પસંદ કરવા જોઈએ.

**જન્મથી છ મહિના સુધીના શિશુ માટે :** આ ઉંમરે બાળક આસપાસની વસ્તુઓ પર નજર માંડતાં અને સમજતાં શીખે છે. તેનું સૌથી પહેલું રમકડું આસપાસની વ્યક્તિઓ, તેના ચહેરા અને પોતાનાં અંગો (હાથ-પગ) છે. તે તેજસ્વી રંગો તરફ આકર્ષાય છે અને અવાજની

દિશામાં જુએ છે. આ ઉંમરે હાથથી પકડી શકાય, રમકડા સુધી પહોંચી શકાય અને હલાવવાથી અવાજ ઉત્પન્ન થાય તેવા ઘૂઘરા જેવાં રમકડાં વધારે ઉપયોગી બની શકે. કપડાં કે રૂમાંથી બનાવેલાં સુંવાળાં-મુલાયમ રમકડાં. બાળકની શ્રવણેન્દ્રિયને સતેજ કરવા માટે ગીતો, હાલરડાં અને જોડકણાં ગાવાં જોઈએ, ભલે તે મૂર્ત રમકડાં નથી પણ બાળકના વિકાસ માટે અત્યંત આવશ્યક છે.

**૭ થી ૧૨ મહિનાના બાળક માટે** : આ તબક્કે બાળક ક્રિયાશીલ બને છે - ગબડવું, બેસવું, ઢસડાવું અને ઊભા થવાનો પ્રયત્ન કરવો તેની મુખ્ય ક્રિયાઓ છે. તે છુપાયેલી વસ્તુ શોધે છે અને પોતાના નામ જેવા સામાન્ય શબ્દો સમજવા લાગે છે. આ ઉંમરે ફેંકી શકાય અને ઉપાડી શકાય તેવા કાપડના કે રબરના દડા, મોટા મણકા અને પ્લાસ્ટિક/લાકડાના વાટકા રમવા આપવા જોઈએ. વધુમાં, પાત્ર ભજવી શકાય તેવી ઢીંગલીઓ, કઠપૂતળી, લાકડાના પૈડાંવાળાં વાહનો અને પ્રાણીનાં રમકડાં. રચનાત્મક વિકાસ માટે મોટા અને નરમ ઘન આકારો (બ્લૉક્સ) માટે ખેંચી કે દબાવી શકાય તેવાં રમકડાં આપવાં.

**એક વર્ષના બાળક માટે** : આ ઉંમરે બાળકો મક્કમતાથી ચાલી શકે છે, નાના પગથિયાં ચડે છે અને નવા અખતરા કરે છે, તેથી વડીલોની સતત દેખરેખ જરૂરી છે. તેમને વાર્તા સાંભળવી ગમે છે. તેથી આ ઉંમરે વાસ્તવિક વસ્તુઓનાં રંગીન ચિત્રો ધરાવતાં પાકાં પૂંઠાંના પુસ્તકો, ગીતો-જોડકણાંના રેકૉર્ડિંગ્સ અને રમકડાંના ફોન વગેરે રમવા માટે આપી શકાય. વધુમાં, પૂંઠાં કે લાકડાના ૨ થી ૩ ઈંચના ચોરસ ટુકડા (બ્લૉક્સ) જેનાથી તે અવનવી રચનાઓ બનાવી શકે.

**બે વર્ષના બાળક માટે** : આ ઉંમરે બાળકનો ભાષાકીય અને શારીરિક વિકાસ તીવ્ર બને છે. તે કૂદકા મારવા અને ચડવા-પડવા જેવી જોખમી ક્રિયાઓ કરે છે, તેમજ આંગળીઓ પર કાબૂ મેળવી લે છે. તેથી આ ઉંમરે સમસ્યા ઉકેલ માટેની ૪ થી ૧૨ ટુકડાવાળી લાકડાની પઝલ. રંગ, આકાર, કદ કે ગંધના આધારે વસ્તુઓનું વર્ગીકરણ કેળવાય તેવા રમકડાં. સમજશક્તિ વધારતાં સાધનો તરીકે ઘરમાં વપરાતી વસ્તુઓના નાના નમૂના પપેટ્સ અને કદ-અવકાશની સમજ માટે એકની અંદર એક ગોઠવી શકાય તેવી જુદા જુદા કદની વાડકીઓ, તપેલી કે પૂંઠાંનાં બૉક્સ. કળા અને સંગીતના સુયોગ્ય વિકાસ માટે રસાયણમુક્ત મીણિયા રંગ કે સ્કૅચપૅન, કાગળ પર શાકભાજી કે આંગળીથી છાપકામની તક, બૂઠી અણીવાળી નાની કાતર અને સંગીતનાં નાનાં વાદ્યો આપી શકાય.

**૩ થી ૬ વર્ષના (શાળાએ જતાં પહેલાંના) બાળકો માટે** : આ ઉંમરે બાળકો ખૂબ જ વાચાળ હોય છે, અસંખ્ય પ્રશ્નો પૂછે છે અને પ્રયોગો કરે છે. તેઓ મિત્રો સાથે રમવાનું પસંદ કરે છે પણ રમતમાં હારવું ગમતું નથી. આથી આ તબક્કામાં ૧૨ થી ૨૦ ટુકડાવાળા જટિલ કોયડા (પઝલ્સ) અને જોડી શકાય તેવા અદ્યતન બ્લૉક્સ. લંબાઈ, ઊંચાઈ, પહોળાઈ અને જથ્થાના આધારે વર્ગીકરણ કરી શકાય તેવી વસ્તુઓ, ચાવીઓ, બોટલો અને તેનાં ઢાંકણ. બાળકોનો સર્જનાત્મક વિકાસ થાય તે માટે સર્જનાત્મક સામગ્રી જેવી કે મીણિયા રંગ, રંગકામ માટેની પીંછીઓ, કાતરકામ માટેના કાગળો અને રંગોની મેળવણીનો ચાર્ટ. સંગીતનાં સાધનો જેવાં કે ઢોલક, ખંજરી, મંજીરા, કી-બોર્ડ અને વાંસળી વગેરે રમવા આપવાં જોઈએ.

બાળકનો વિકાસ આપમેળે થતી સાહજિક ઘટના છે, આપણે માત્ર અનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડવાની છે. વિકાસનો બિનજરૂરી, અનઅપેક્ષિત કે મોંઘાં રમકડાંનો ભાર બાળકની સાહજિક વિકાસયાત્રાને છિન્ન-ભિન્ન કરી શકે છે. બાળકો ઘણી વસ્તુઓ મોંમાં મૂકતાં હોય છે, તેથી રમકડાં તીક્ષ્ણ ધાર વગરનાં, બુટ્ઠી અણીવાળા અને કેમિકલ કે ઝેરી રસાયણમુક્ત હોવાં જોઈએ. બાળકના રમતના વિશ્વમાં વડીલોએ બિનજરૂરી ખલેલ પહોંચાડવી જોઈએ નહીં. બાળકને પોતાની રીતે પ્રયોગો કરવા દેવા જોઈએ.

બાળક માટે રમકડાંની કિંમત નહીં, પરંતુ તેની ઉંમરને અનુરૂપ સાહજિક રમત અને માતાપિતાનો સક્રિય સમય જ તેના સર્વાંગી વિકાસની સાચી ચાવી છે.

# શૈક્ષણિક સંસ્થાઓમાં ટોય લૅબોરેટરીની અનિવાર્યતા



- શ્રીમતી અતિયા સૈયદ
I/c આચાર્ય, શ્રી કે. જે. મહેતા કૉલેજ ઑફ
પ્રિ-પ્રાઈમરી એજ્યુકેશન, વિદ્યામંદિર ટ્રસ્ટ,
પાલનપુર. મો. ૯૦૧૬૫ ૫૮૬૫૦

ટોય લૅબોરેટરીમાં બાળકો રમકડાં દ્વારા શોધખોળ કરે છે, પ્રયોગો કરે છે, રમતાં રમતાં શીખે છે અને પોતાની જિજ્ઞાસાના જવાબો જાતે શોધે છે. ટોય લૅબોરેટરી માત્ર રમકડાં સંગ્રહિત કરવાની જગ્યા નથી, પરંતુ તે બાળકના સર્વાંગી વિકાસ માટે રચાયેલું એક જીવંત શૈક્ષણિક કેન્દ્ર છે. અહીં વિવિધ પ્રકારનાં રમકડાં, શૈક્ષણિક સાધનો, સર્જનાત્મક સામગ્રી અને અનુભવાત્મક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને શીખવાની તક આપવામાં આવે છે. આ પ્રક્રિયામાં બાળક માત્ર માહિતીનો ગ્રહિતા રહેતું નથી, પરંતુ પોતે શોધખોળ કરનાર, પ્રશ્નો પૂછનાર અને ઉકેલ શોધનાર તરીકે વિકસે છે. જ્યારે બાળક પોતાના હાથથી કાર્ય કરે છે, વસ્તુઓને સ્પર્શે છે, ગોઠવે છે, તોડે છે, ફરી બનાવે છે અને તેનાં પરિણામોનું અવલોકન કરે છે, ત્યારે તેનું શીખવું વધુ ગહન, અર્થપૂર્ણ અને લાંબા ગાળે ટકાઉ બને છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) એ પણ રમત આધારિત અને અનુભવાત્મક શિક્ષણને પ્રાથમિક શિક્ષણનું કેન્દ્રબિંદુ બનાવ્યું છે. નીતિ સ્પષ્ટપણે જણાવે છે કે બાળકનાં પ્રારંભિક વર્ષોમાં શિક્ષણ આનંદમય, પ્રવૃત્તિ આધારિત અને બાળકેન્દ્રી હોવું જોઈએ. આ દૃષ્ટિએ ટોય લૅબોરેટરી માત્ર એક નવીન શૈક્ષણિક પહેલ નથી, પરંતુ ગુણવત્તાસભર શિક્ષણના અમલીકરણ માટેનું અસરકારક સાધન છે.

ભૂમિકાભિનય દ્વારા બાળકો ભાષા, સામાજિક વ્યવહાર, ગાણિતીક સમજ, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ વિકસાવે છે. ટોય લૅબોરેટરીમાં રમતાં રમતાં જીવન કૌશલ્યોનો પાયો મજબૂત બને છે.

આજના સમયમાં શિક્ષણનો હેતુ માત્ર વાંચન, લેખન અને ગણતરી સુધી મર્યાદિત રહી શકતો નથી. ઝડપથી બદલાતી દુનિયામાં બાળકોને સર્જનાત્મકતા, સમસ્યા ઉકેલવાની ક્ષમતા, તર્કશક્તિ, સંવાદ કૌશલ્ય, સહકાર, અનુકૂલનશીલતા અને આત્મવિશ્વાસ જેવાં જીવનકૌશલ્યોની જરૂર છે. આવી કુશળતાઓ પરંપરાગત વ્યાખ્યાન આધારિત શિક્ષણથી વિકસાવવી મુશ્કેલ છે, જ્યારે રમત આધારિત શિક્ષણ આ તમામ ક્ષમતાઓના વિકાસ માટે કુદરતી અને અસરકારક માધ્યમ પૂરું પાડે છે. બાળક જ્યારે રમે છે ત્યારે તે માત્ર મનોરંજન કરતું નથી, પરંતુ સતત શીખતું પણ રહે છે. રમત તેની માટે શિક્ષણનું સૌથી સ્વાભાવિક સ્વરૂપ છે.



**ભાષા વિકાસ, વાર્તાકથન, સંવાદ કૌશલ્ય, અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવવા માટે ઉપયોગી :** ભાષા વિકાસના ક્ષેત્રમાં ટોય લૅબોરેટરી વિશેષ મહત્ત્વ ધરાવે છે. પ્રારંભિક વર્ષોમાં ભાષાકીય ક્ષમતાનો વિકાસ બાળકના ભવિષ્યના શૈક્ષણિક જીવન માટે અત્યંત જરૂરી છે. ચિત્ર કાર્ડ્સ, વાર્તા સામગ્રી, પપેટ્સ, શબ્દરમતો, ભૂમિકાભિનય અને વાર્તાકથન જેવી પ્રવૃત્તિઓ બાળકોને સાંભળવા, સમજવા, બોલવા અને પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જ્યારે બાળક કોઈ વાર્તા સાંભળે છે, પાત્રોનો અભિનય

કરે છે અથવા મિત્રો સાથે સંવાદ સ્થાપિત કરે છે, ત્યારે તેની શબ્દસંપત્તિ વધે છે અને ભાષાના ઉપયોગમાં આત્મવિશ્વાસ વિકસે છે. આવી પ્રવૃત્તિઓ ભાષા શીખવાની પ્રક્રિયાને આનંદદાયક બનાવે છે અને અભિવ્યક્તિને વધુ સમૃદ્ધ બનાવે છે.




**બ્લૉક્સ સાથે રમતાં રમતાં બાળકો ગણિતના ખ્યાલો, આંખ-હાથનું સંકલન અને પૂર્વ-લેખન કૌશલ્યો વિકસાવે છે. ટોય લૅબોરેટરી શીખવાને આનંદમય બનાવે છે :**

ટોય લૅબોરેટરી સંખ્યાજ્ઞાન અને પ્રાથમિક ગણિતીય સમજ વિકસાવવામાં પણ નોંધપાત્ર યોગદાન આપે છે. ઘણાં બાળકો માટે ગણિત શરૂઆતમાં મુશ્કેલ અથવા ભયજનક વિષય બની શકે છે, પરંતુ જ્યારે તેને રમત અને અનુભવો સાથે જોડવામાં આવે છે ત્યારે તે રસપ્રદ બની જાય છે. નંબર બ્લૉક્સ, ગણતરી સાધનો, પઝલ્સ, મૅચિંગ ગેઈમ્સ, પેટર્ન પ્રવૃત્તિઓ અને વર્ગીકરણ આધારિત રમતો દ્વારા બાળકો સંખ્યાઓ, ક્રમ, માપ, આકારો અને તુલનાના ખ્યાલોને સરળતાથી સમજી શકે છે. આ રીતે ગણિત કોઈ સૂત્ર કે નિયમનો વિષય ન રહી જીવન સાથે જોડાયેલો અનુભવ બની જાય છે.



**રીસાયકલ સામગ્રીથી બનાવેલું રમકડું.** STEM **અને એન્જિનિયરિંગના પ્રારંભિક ખ્યાલો સમજાવવામાં મદદરૂપ :**

વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના યુગમાં બાળપણથી જ વૈજ્ઞાનિક અભિગમ અને તર્કશક્તિનો વિકાસ કરવો સમયની માંગ બની ગયો છે. ટોય લેબોરેટરીમાં ઉપલબ્ધ બાંધકામ રમતો, બ્લોક્સ, સંતુલન પ્રવૃત્તિઓ, મોડેલ નિર્માણ સામગ્રી અને અવલોકન આધારિત પ્રયોગો બાળકોને કારણ-પરિણામના સંબંધો સમજવામાં મદદ કરે છે. જ્યારે બાળક કોઈ માળખું બનાવે છે, તેને સંતુલિત રાખવાનો પ્રયત્ન કરે છે અથવા કોઈ સમસ્યાનો ઉકેલ શોધે છે, ત્યારે તે અનાયાસે વૈજ્ઞાનિક વિચારસરણી અપનાવે છે. આ પ્રક્રિયા તેની વિશ્લેષણાત્મક ક્ષમતા, સર્જનાત્મક વિચારશક્તિ અને નવીનતા તરફના વલણને મજબૂત બનાવે છે.

**ટોય લૅબોરેટરી બાળકોને રમકડાં દ્વારા શોધખોળ, વહેંચણી અને આનંદમય શીખવાની તક આપે છે, જ્યાં રમત સાથે વિકાસનો સુંદર સંગમ થાય છે :**

બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં પણ ટોય લૅબોરેટરી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજના સમયમાં શિક્ષણનું મૂલ્યાંકન માત્ર શૈક્ષણિક સિદ્ધિઓથી નહીં, પરંતુ બાળકના વ્યક્તિત્વ વિકાસથી પણ કરવામાં આવે છે. સમૂહમાં રમતી વખતે બાળકો વહેંચણી, સહકાર, સંવાદ, ધીરજ અને નિયમોનું પાલન જેવી સામાજિક કુશળતાઓ શીખે છે. તેઓ પોતાના મિત્રો સાથે સંબંધો બાંધે છે, મતભેદોનું નિરાકરણ શોધે છે અને ટીમ તરીકે કાર્ય કરવાની ક્ષમતા વિકસાવે છે. રમત દરમિયાન મળતા જીત-હારના અનુભવો તેમને ભાવનાત્મક રીતે વધુ સ્થિર અને મજબૂત બનાવે છે. તેઓ નિષ્ફળતાને સ્વીકારતાં અને ફરી પ્રયાસ કરતાં શીખે છે, જે જીવન માટે અત્યંત મહત્ત્વપૂર્ણ ગુણ છે.

**નાટ્યાત્મક અભિનય, ભાષા શિક્ષણ, સહભાગી શિક્ષણ અને સર્જનાત્મક અભિવ્યક્તિ માટે ઉપયોગી :**

ટોય લૅબોરેટરીનું એક વિશિષ્ટ પાસું એ છે કે તે સ્થાનિક સંસ્કૃતિ અને સ્થાનિક સંસાધનો સાથે સરળતાથી સંકલિત થઈ શકે છે. ઘણીવાર એવી માન્યતા જોવા મળે છે કે ગુણવત્તાસભર શૈક્ષણિક સાધનો માટે મોટા ખર્ચની જરૂર પડે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીમાંથી પણ ઉત્તમ શૈક્ષણિક સાધનો તૈયાર કરી શકાય છે. કાર્ડબોર્ડ, બોટલ કેપ્સ, લાકડાના ટુકડાઓ, બીજ, પથ્થરો, કપડાના કટકા અને અન્ય પુનઃઉપયોગી સામગ્રીનો સર્જનાત્મક ઉપયોગ કરીને ભાષા, ગણિત અને વિજ્ઞાન માટે અસરકારક શૈક્ષણિક રમકડાં બનાવી શકાય છે. આ અભિગમ ખર્ચ ઘટાડવાની સાથે બાળકોમાં પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા અને સંસાધનોના જવાબદાર ઉપયોગની સમજ પણ વિકસાવે છે.



**પ્લાસ્ટિક બોટલમાંથી બનેલું સંગીત સાધન. ધ્વનિ, તાલ અને સર્જનાત્મક પુનઃઉપયોગના ખ્યાલો શીખવે છે :**

સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ શૈક્ષણિક સામગ્રી વિકસાવવાની ક્ષમતા પણ ટોય લૅબોરેટરીની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા છે. શિક્ષકો, વાલીઓ અને સ્થાનિક કારીગરોના સહયોગથી એવી પ્રવૃત્તિઓ અને સાધનો તૈયાર કરી શકાય છે, જે બાળકોની ભાષા, સંસ્કૃતિ અને જીવનપરિસ્થિતિ સાથે સીધાં જોડાયેલાં હોય. સ્થાનિક લોકકથાઓ, પરંપરાગત રમતો, પ્રાદેશિક પ્રાણીઓ અને રોજિંદા જીવનના અનુભવોને શૈક્ષણિક સામગ્રીમાં સમાવવાથી શીખવાની પ્રક્રિયા વધુ અર્થપૂર્ણ અને સંબંધિત બને છે.

રંગો અને ચિત્રો દ્વારા બાળકો પૂર્વ-લેખન કૌશલ્ય, પિન્સર ગ્રિપ, આંખ-હાથનું સંકલન, સર્જનાત્મકતા અને એકાગ્રતા વિકસાવે છે. ટોય લૅબોરેટરીમાં રમતાં રમતાં શીખવાની અનોખી તક મળે છે.

ટોય લૅબોરેટરીમાં સમાવાતી સામગ્રીની વિવિધતા તેને વધુ અસરકારક બનાવે છે. અક્ષર અને સંખ્યાના પઝલ્સ, બિલ્ડિંગ બ્લૉક્સ, ચિત્ર કાર્ડ્સ, વર્ગીકરણ કિટ્સ, મૅચિંગ ગેઈમ્સ, પપેટ્સ, સંગીત સાધનો, થ્રેડિંગ પ્રવૃત્તિઓ, સંતુલન રમતો, મૉડેલ નિર્માણ કિટ્સ અને ભૂમિકાભિનય માટેની સામગ્રી બાળકોનાં વિવિધ વિકાસક્ષેત્રોને પ્રોત્સાહિત કરે છે. દરેક સામગ્રી પાછળનો મુખ્ય હેતુ બાળકને સક્રિય, આનંદદાયક અને અર્થપૂર્ણ શિક્ષણ અનુભવ આપવાનો છે.

**ટોય લૅબોરેટરી : ખુશ બાળક, સર્વાંગી વિકાસ તરફનું એક મજબૂત પગલું :**

અંતમાં કહી શકાય કે ટોય લૅબોરેટરી કોઈ વૈકલ્પિક સુવિધા કે વધારાની વ્યવસ્થા નથી, પરંતુ બાળકેન્દ્રી અને ગુણવત્તાસભર શિક્ષણની અનિવાર્ય જરૂરિયાત છે. આંગણવાડીઓ, બાલમંદિરો, પ્રાથમિક શાળાઓ અને શિક્ષક તાલીમ સંસ્થાઓમાં તેનો વ્યાપક સમાવેશ કરવામાં આવે તો બાળકોને વધુ અર્થપૂર્ણ, સર્જનાત્મક અને અનુભવાત્મક શિક્ષણ પ્રાપ્ત થઈ શકે.

શિક્ષણનું ભવિષ્ય એવા વાતાવરણમાં છે જ્યાં બાળક આનંદથી શીખે, પ્રશ્નો પૂછે, શોધખોળ કરે અને પોતાના અનુભવો દ્વારા જ્ઞાનનું નિર્માણ કરે. ટોય લૅબોરેટરી એ જ દિશામાં આગળ વધતું એક સશક્ત અને સમયોચિત પગલું છે. બાળકને રમતાં-રમતાં શીખવાની તક આપવી એ માત્ર શૈક્ષણિક રોકાણ નથી, પરંતુ ઉજ્જવળ, સર્જનાત્મક અને જવાબદાર ભવિષ્યના નિર્માણમાં કરાયેલું સૌથી મૂલ્યવાન યોગદાન છે.

# ગિજુભાઈ બધેકા અને રમકડાંની પસંદગી : આધુનિક બાળવિકાસના સંદર્ભમાં એક વિશ્લેષણ



- પ્રો. જિજ્ઞેશ બી. પટેલ
પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર
મો. ૯૪૨૯૪ ૨૯૫૫૦

ગિજુભાઈ બધેકા (૧૮૮૫-૧૯૩૯) આધુનિક ગુજરાતના શિક્ષણક્ષેત્રે એક અગ્રેસર અને પુરોગામી વિચારક હતા. તેમણે 'બાળકેન્દ્રિત શિક્ષણ' અને 'રમત દ્વારા શિક્ષણ'નો જે સિદ્ધાંત પ્રસ્તુત કર્યો, તે આજે પણ એટલો જ પ્રાસંગિક છે. આ લેખ રમકડાંની પસંદગી અંગેના તેમના વિચારો અને આધુનિક બાળવિકાસના સંશોધનો વચ્ચેનો આંતરસંબંધ તપાસે છે. આધુનિક સંશોધનો દર્શાવે છે કે યોગ્ય રમકડાં બાળકના ઇન્દ્રિયગત, જ્ઞાનાત્મક, ભાષાકીય, સામાજિક અને સર્જનાત્મક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે ગિજુભાઈના મૂળભૂત શૈક્ષણિક સિદ્ધાંતોને પુષ્ટ કરે છે.

બાળશિક્ષણમાં રમતનું મહત્ત્વ આજે સર્વસ્વીકૃત છે, પરંતુ આધુનિક શિક્ષણશાસ્ત્રના ઇતિહાસમાં ગિજુભાઈ બધેકાનું પ્રદાન અજોડ છે (બધેકા, ૧૯૩૧). તેમણે ૧૯૨૦ના દાયકામાં એક એવી શૈક્ષણિક પદ્ધતિની હિમાયત કરી જે બાળકના સ્વાભાવિક વિકાસ, તેની રુચિ અને આંતરિક પ્રેરણા પર આધારિત હતી. 'દિવાસ્વપ્ન' અને 'બાળશિક્ષણ' જેવી તેમની પ્રશિષ્ટ કૃતિઓમાં રમકડાં અને બાળવિકાસ વચ્ચેનો ઊંડો સંબંધ રેખાંકિત કરવામાં આવ્યો છે.

**ગિજુભાઈ બધેકાનું બાળકેન્દ્રિત શિક્ષણદર્શન :**

ગિજુભાઈ આધુનિક બાળમનોવિજ્ઞાન અને વિકાસાત્મક મનોવિજ્ઞાનના પ્રખર સમર્થક હતા (બધેકા, ૧૯૩૪). તેમણે બાળકને શિક્ષણના એક સક્રિય કર્તા તરીકે સ્વીકાર્યો, નહીં કે માત્ર માહિતી મેળવનાર નિષ્ક્રિય ગ્રહણકર્તા તરીકે. તેમના મતે, રમત એ માત્ર સમય પસાર કરવાનું કે મનોરંજનનું સાધન નથી, પરંતુ બાળકના સર્વાંગી વિકાસનું અનિવાર્ય માધ્યમ છે. તેમણે લખ્યું છે કે, 'રમત એ જ બાળકનું કામ છે અને એ જ તેનું જીવન છે' (બધેકા, ૧૯૩૭). આ વિચાર મારિયા મોન્ટેસોરી અને જિન પિયાજે જેવા જગવિખ્યાત શિક્ષણશાસ્ત્રીઓના સિદ્ધાંતો સાથે આબેહૂબ મેળ ખાય છે.

**રમકડાંની પસંદગીના સિદ્ધાંતો :**

ગિજુભાઈ નિર્દેશ કરે છે કે બાળકો માટે રમકડાંની પસંદગી ચોક્કસ વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત હોવી જોઈએ (બધેકા, ૧૯૩૧).

- **બાળકની ઉંમર અને વિકાસનો તબક્કો :** રમકડાં બાળકની શારીરિક અને માનસિક ક્ષમતાઓને અનુરૂપ હોવા જોઈએ. ખૂબ નાનાં બાળકો માટે સંવેદના જગાડે તેવાં (સ્પર્શ, અવાજ અને રંગવાળાં) રમકડાં વધુ યોગ્ય છે, જ્યારે મોટા બાળકો માટે રચનાત્મક અને કલ્પનાશીલતા ખીલવે તેવાં રમકડાં (જેમ કે બિલ્ડિંગ બ્લૉક્સ, કઠપૂતળી વગેરે) વધુ ફાયદાકારક નીવડે છે.
- **બાળકની વ્યક્તિગત રુચિ :** ગિજુભાઈના મતે બાળકની પોતાની પસંદગી અને રસ-રુચિને પ્રાધાન્ય મળવું જોઈએ. જડ શૈક્ષણિક પ્રણાલીમાં બાળકની ઇચ્છાની અવગણના થાય છે, પરંતુ સાચા શિક્ષણમાં તેની પસંદગીનો આદર થવો જોઈએ.
- **સ્થાનિકતા અને પર્યાવરણ :** સ્થાનિક પર્યાવરણ અને સંસ્કૃતિ સાથે જોડાયેલાં રમકડાં તેમજ રમતો બાળકને તેના સમાજ અને વાસ્તવિક જીવન સાથે સહજતાથી જોડે છે (બધેકા, ૧૯૩૪).
- **સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ :** ગિજુભાઈ એવા રમકડાંના આગ્રહી હતા જે બાળકની

સર્જનાત્મકતાને ઉત્તેજન આપે. રેતી, માટી, પાણી અને લાકડાના સાદા બ્લૉક્સ જેવાં સાધનો વધુ ઉપયોગી છે, તેનાથી બાળક પોતાની કલ્પના મુજબ નવી આકૃતિઓનું નિર્માણ કરી શકે છે.

**આધુનિક સંશોધન અને વૈજ્ઞાનિક પુષ્ટિ :**

આધુનિક બાળવિકાસનાં સંશોધનો ગિજુભાઈના વિચારોને સંપૂર્ણપણે સમર્થન આપે છે. પિયાજે (૧૯૫૨) એ દર્શાવ્યું છે કે રમત બાળકના જ્ઞાનાત્મક (Cognitive) વિકાસમાં પાયાની ભૂમિકા ભજવે છે અને વિકાસના વિવિધ તબક્કાઓ સાથે તે ક્રમશઃ વધુ જટિલ બનતી જાય છે. વાયગોત્સ્કી (૧૯૭૮) ના મતે, પ્રતીકાત્મક રમત (Symbolic/Role play) દ્વારા બાળક ભવિષ્યના સામાજિક વ્યવહારો અને ભૂમિકાઓનો પૂર્વાભ્યાસ કરે છે.

**૧. ઈંદ્રિયગત અને જ્ઞાનાત્મક વિકાસ :**

હોડસન અને વેબ (૨૦૦૨)નું સંશોધન પણ સ્વીકારે છે કે વિવિધ સ્પર્શ, રંગ અને અવાજ ધરાવતાં સમૃદ્ધ રમકડાં બાળકના ઇંદ્રિયગત વિકાસ માટે અનિવાર્ય છે. મારિયા મોન્ટેસોરી (૧૯૬૭)ની પદ્ધતિ પણ આવી જ સંવેદનશીલ સામગ્રી પર આધારિત છે, જેને તેમણે 'સેન્સરી કેબિનેટ' તરીકે વિકસાવી હતી. યોગ્ય રમકડાં બાળકની જોવાની, સાંભળવાની, સ્પર્શ કરવાની, સૂંઘવાની અને સ્વાદની ઇંદ્રિયોને સતેજ કરે છે અને તેની બૌદ્ધિક ક્ષમતા વધારે છે.

**૨. ભાષાકીય અને સામાજિક વિકાસ :**

પેલેગ્રીની અને સ્મિથ (૧૯૯૮) ના મતે સમૂહમાં રમી શકાય તેવાં સાધનો (જેમ કે બોર્ડ ગેઈમ્સ, પાત્ર-અભિનયનાં રમકડાં) બાળકના ભાષાકીય વિકાસ અને સામાજિક કૌશલ્યોને વેગ આપે છે. ગિજુભાઈ (૧૯૩૪) એ પણ ભારપૂર્વક કહ્યું હતું કે સમૂહજીવનની રમતો બાળકને સહકાર, પરસ્પર આદર અને સમાજમાં હળીમળીને રહેવાના પાઠ શીખવે છે. આવાં રમકડાંથી બાળકમાં નેતૃત્વના ગુણો અને આત્મવિશ્વાસનો વિકાસ થાય છે.

**૩. સર્જનાત્મકતા અને કલ્પનાશીલતા :**

ગિજુભાઈના મતે, ચાવીવાળા કે માત્ર એક જ રીતે ઑપરેટ થતાં 'બંધ' રમકડાં (Mechanical toys) કરતાં ખુલ્લાં અને સાદાં સાધનો (રમકડાં જેમ કે માટી, રેતી, લાકડાના ટુકડા) બાળકની કલ્પનાશક્તિને વધુ સક્રિય કરે છે (બધેકા, ૧૯૩૭). આધુનિક સંશોધક વિલિયમ્સ (૨૦૦૨) પણ આ જ વાત પુષ્ટ કરતાં જણાવે છે કે જે રમકડાં પહેલેથી જ ખૂબ સ્પષ્ટ કે તૈયાર હોય છે તે બાળકની વિચારવાની પ્રક્રિયાને મર્યાદિત કરે છે, જ્યારે ન્યૂનતમ વિગતો ધરાવતા સાદાં રમકડાં તેની સર્જનાત્મક ઊર્જાને મુક્ત અવકાશ આપે છે.

**માતા-પિતા અને શિક્ષકો માટે વ્યાવહારિક સૂચનો :**

ગિજુભાઈના દર્શન અને આધુનિક સંશોધનોના સમન્વયમાંથી માતા-પિતા અને શિક્ષકો માટે નીચે મુજબનાં વ્યવહારુ સૂચનો તારવી શકાય :

૧. **વય-અનુરૂપ પસંદગી :** બાળકની ઉંમર અને તેના વિકાસના તબક્કાને ધ્યાનમાં રાખીને જ રમકડાંની પસંદગી કરો.

૨. **પસંદગીની સ્વતંત્રતા :** બાળકને પોતાની રુચિ મુજબ રમકડાં પસંદ કરવાની આઝાદી આપો અને તેની ગમતી-અણગમતી બાબતોનો સ્વીકાર કરો.

૩. **સાદગીને પ્રાધાન્ય :** મોંઘાં અને ટૅક્નોલૉજી આધારિત જટિલ રમકડાંના સ્થાને માટી, લાકડું, કાપડ અને બ્લૉક્સ જેવી સાદી વસ્તુઓ આપો જે સર્જનશીલતા વધારે.

૪. **સહ-ભાગીદારીને પ્રોત્સાહન :** એવાં રમકડાં અને વાતાવરણ પૂરું પાડો જ્યાં બાળકો એકબીજા સાથે મળીને, વહેંચીને રમી શકે.

૫. **સાંસ્કૃતિક જોડાણ :** સ્થાનિક પરંપરા, પરિવેશ અને માટીની સુગંધ સાથે જોડાયેલાં પરંપરાગત રમકડાં અને રમતોને જીવંત રાખો.

# રમકડાં :
# બાળકોના સર્વાંગી વિકાસની ચાવી



**- ડૉ. મનીષકુમાર એસ. પટેલ**
ગ્રંથપાલ, કોલેજ ઓફ એ.એસ. એન્ડ
પી.એસ., ચીખલી, જિ. નવસારી
મો. ૯૩૭૭૪૦૧૦૭૭

બાળપણ એટલે નિર્દોષ હાસ્ય, કિલકિલાટ અને મુક્ત મને રમવાની ઉંમર. જ્યારે આપણે બાળપણની કલ્પના કરીએ છીએ, ત્યારે આપણી નજર સમક્ષ સૌથી પહેલું ચિત્ર રમકડાંનું આવે છે. રમકડાં એ માત્ર પ્લાસ્ટિક, લાકડા કે કાપડની બનેલી નિર્જીવ વસ્તુ નથી, પણ તે બાળકના જીવનનો પ્રથમ મિત્ર અને પ્રથમ શિક્ષક છે.

આપણે કોઈ નાનકડા બાળકને રમકડા સાથે રમતું જોઈએ છીએ, ત્યારે આપણને લાગે છે કે તે માત્ર સમય પસાર કરી રહ્યું છે અથવા મનોરંજન મેળવી રહ્યું છે. પરંતુ વાસ્તવમાં, તે સમયે બાળકના મગજમાં એક અદભુત પ્રક્રિયા ચાલી રહી હોય છે. પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક જિન પિઆજેએ કહ્યું હતું કે, 'રમત એ બાળકનું કામ છે.' બાળકના જીવનમાં રમકડાં તેના ભવિષ્યના સર્વાંગી વિકાસનો પાયો છે.

આજના ડિજિટલ યુગમાં જ્યારે બાળકોના હાથમાં મોબાઈલ અને ટૅબ્લેટ આવી ગયાં છે, ત્યારે પરંપરાગત અને શારીરિક રમકડાંનું મહત્ત્વ સમજવું ખૂબ જ જરૂરી બન્યું છે. રમકડાં એ માત્ર સમય પસાર કરવાનું સાધન નથી, પરંતુ બાળકના સર્વાંગી વિકાસનો પાયો છે.

યોગ્ય ઉંમરે મળેલા યોગ્ય રમકડાં બાળકની કલ્પના શક્તિ, બૌધિક ક્ષમતા, શારીરિક તંદુરસ્તી અને સામાજિક કૌશલ્યોને ઘડવામાં સૌથી મોટો ભાગ ભજવે છે. ચાલો સમજીએ કે રમકડાં કેવી રીતે બાળકના વિકાસનું પ્રથમ અને સૌથી પ્રભાવશાળી શૈક્ષણિક માધ્યમ બને છે.

૧. **રમકડાં અને મગજનો વિકાસ** : (Toy and Brain Development)

બાળકના મગજનો સૌથી વધુ વિકાસ તેના જીવનનાં પ્રથમ પાંચ વર્ષમાં થાય છે. આ ગાળા દરમિયાન રમકડાં મગજના કોષોને સક્રિય કરવાનું કામ કરે છે.

સમસ્યા ઉકેલવાની ક્ષમતા (Problem Solving) : જ્યારે બાળક કોઈ બ્લૉક્સ જોડે છે અથવા પઝલ (કોયડા) ઉકેલવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તેનું મગજ સક્રિય બને છે. કયો ટુકડો ક્યાં બંધ બેસશે, તેનો વિચાર કરવાથી બાળકની તાર્કિક વિચારસરણી (Logical Thinking)ની ક્ષમતા વધે છે.

**રંગ, આકાર અને કદની સમજ :** રંગબેરંગી રિંગ્સ, જુદા જુદા આકારના બૉક્સ અને રમકડાં દ્વારા બાળક બહુ સહજતાથી ગણિત અને વિજ્ઞાનના પાયાના સિદ્ધાંતો શીખે છે. તેને સમજાય છે કે મોટો પદાર્થ નાના બૉક્સમાં સમાઈ શકતો નથી. રમકડાં એ બાળકના મગજ માટે ખોરાક સમાન છે. બાળક જ્યારે રમકડાં સાથે રમે છે, ત્યારે તેનું મગજ સતત સક્રિય રહે છે અને નવી નવી વસ્તુઓ શીખે છે.

૨. **કલ્પના શક્તિ અને સર્જનાત્મકતાનો સ્રોત** : (The source of imagination and creativity)

એક સાદું રમકડું બાળકની કલ્પનાની દુનિયામાં જાદુઈ લાકડી જેવું કામ કરે છે.

ક્લે (માટી), લેગો બ્લૉક્સ કે સાદા લાકડાના ટુકડા એવાં રમકડાં છે જેનો કોઈ ચોક્કસ અંત હોતો નથી. બાળક આજે બ્લૉક્સમાંથી ઘર બનાવશે, કાલે ગાડી બનાવશે અને પરમ દિવસે કિલ્લો. આ પ્રક્રિયા તેની સર્જનાત્મકતાને પાંખો આપે છે.

રસોડાના સેટ, ડૉક્ટર સેટ કે સુપરહીરોના રમકડાં સાથે રમતી વખતે બાળક પોતે પાત્ર બની જાય છે. તે પોતાની વાર્તાઓ ઘડે છે, જે તેના ભાષાકીય વિકાસ અને વિચારવાની ક્ષમતાને અસાધારણ વેગ આપે છે. તેનામાં

તાર્કિક વિચારસરણી અને સમસ્યાઓનો ઉકેલ લાવવાની ક્ષમતા ખીલે છે.

૩. **શારીરિક અને મોટર સ્કિલ્સનો વિકાસ** : (Physical & Motor Skills Development)

બાળકનાં પ્રારંભિક વર્ષોમાં તેનો શારીરિક વિકાસ ખૂબ જ ઝડપથી થતો હોય છે. રમકડાં આ વિકાસમાં પ્રેરક બળ તરીકે કામ કરે છે. સ્થૂળ સ્નાયુઓનો વિકાસ થાય છે, જ્યારે બાળક કોઈ ગાડીને ધક્કો મારે છે, દડો ફેંકે છે, સાઇકલ ચલાવે છે કે ઘોડા પર બેસીને કૂદે છે, ત્યારે તેનાં હાથ, પગ અને પીઠના સ્નાયુઓ મજબૂત થાય છે.

સૂક્ષ્મ સ્નાયુઓનો વિકાસ ત્યારે શક્ય બને છે જ્યારે બાળક બિલ્ડિંગ બ્લૉક્સ જોડવા, માટીનાં રમકડાં બનાવવાં, ચાવીવાળાં રમકડાં ફેરવવાં કે પઝલ્સ ગોઠવવા જેવી પ્રવૃત્તિઓથી બાળકની આંગળીઓ અને હથેળીના સ્નાયુઓ કેળવાય છે. આ વિકાસ ભવિષ્યમાં તેને પેન્સિલ પકડવામાં, લખવામાં અને ચિત્રકામ કરવામાં ખૂબ મદદરૂપ સાબિત થાય છે. આ કાલ્પનિક રમતો બાળકની ક્રિએટિવિટીને નવી ઊંચાઈઓ આપે છે.

આંખ અને હાથનો તાલમેલ રિંગના રમકડાને એકની ઉપર એક ગોઠવવા કે યોગ્ય ખાંચામાં યોગ્ય આકાર મૂકવાથી બાળકનાં આંખ અને હાથ વચ્ચેનું સંકલન સચોટ બને છે. રમકડાં બાળકને સક્રિય રાખે છે, જે તેના શારીરિક સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી છે.

૪. **સામાજિક અને ભાવનાત્મક કૌશલ્યો** : (Social & Emotional Skills)

માનવી એક સામાજિક પ્રાણી છે અને તેના સામાજિક જીવનના પાઠ બાળપણમાં રમકડાં દ્વારા જ શરૂ થાય છે. જ્યારે બાળકો અન્ય બાળકો સાથે રમકડાં વહેંચીને રમે છે, ત્યારે તેઓ સમાજમાં જીવવાના પાઠ શીખે છે.

શેરિંગ અને સહકાર ત્યારે વિકસે જ્યારે 'આ મારો વારો છે, હવે તારો વારો' - આ ભાવના બાળક માત્ર રમકડાં રમીને જ શીખી શકે છે. તે વહેંચવાની અને સાથે મળીને કામ કરવાની કળા શીખે છે.

રમતમાં હાર-જીત થાય, ધાર્યું રમકડું ન મળે ત્યારે ગુસ્સો આવવો અને પછી શાંત થવું, આ બધું બાળકને ભાવનાત્મક રીતે મજબૂત (Emotionally Resilient) બનાવે છે. પોતાના પર કાબૂ રાખવો અને લાગણીઓ પર નિયંત્રણ રાખવું તે શીખવે છે. ઢીંગલીને ખવડાવવું, તેને સુવડાવવી કે રમકડાના રીંછને વહાલ કરવું – આ પ્રવૃત્તિઓ બાળકમાં દયા અને સંભાળ રાખવાના ગુણો વિકસાવે છે.

૫. **ભાષા અને સંવાદ શક્તિનો વિકાસ** : (Language & Communication Development)

રમકડાં બોલતાં નથી, પણ તે બાળકને બોલતા કરે છે! જ્યારે બાળક કોઈ પ્રાણીનાં રમકડાં સાથે રમે છે, ત્યારે તે તેના અવાજની નકલ કરે છે (જેમ કે, ગાય 'અંભા અંભા' કરે). રમકડાં બાળકને બોલતાં અને સંવાદ સાધતાં શીખવે છે. જ્યારે નાનું બાળક એકલું પણ રમતું હોય, ત્યારે તે પોતાનાં રમકડાં સાથે વાતો કરતું હોય છે.

માતા-પિતા જ્યારે બાળક સાથે રમીને રમકડાનાં નામ, રંગ કે ક્રિયાઓ વિશે વાત કરે છે, ત્યારે બાળકના શબ્દભંડોળમાં ઝડપી વધારો થાય છે. પ્રાણીઓ, પક્ષીઓ, શાકભાજી કે વાહનોના આકારવાળાં રમકડાંથી રમતી વખતે બાળક તેમનાં નામ, રંગ અને અવાજ વિશે શીખે છે, જેનાથી તેના શબ્દભંડોળમાં વધારો થાય છે.

ઢીંગલી કે કઠપૂતળી સાથે રમતી વખતે બાળકો પોતાની નાની નાની વાર્તાઓ બનાવે છે અને સંવાદો બોલે છે, જે તેમના ભાષાકીય કૌશલ્યને ધારદાર બનાવે છે.

૬. **ડિજિટલ યુગમાં વાસ્તવિક રમકડાંની જરૂરિયાત** : (The importance of traditional toys in the digital era)

આજે મોબાઇલ, ટૅબ્લેટ અને ટીવીના સ્ક્રીને બાળકોનું બાળપણ છીનવી લીધું છે. ડિજિટલ સ્ક્રીન બાળકને 'પેસિવ' (નિષ્ક્રિય) શ્રોતા બનાવે છે, જ્યારે વાસ્તવિક રમકડાં તેને 'ઍક્ટિવ' (સક્રિય) બનાવે છે.

સ્માર્ટફોન અને ટીવીના અતિરેકથી બાળકોમાં એકાગ્રતાનો અભાવ, આંખોની નબળાઈ અને ચીડિયાપણું વધી રહ્યું છે.

જો બાળક પાસે આકર્ષક અને શારીરિક શ્રમ માગી લે તેવાં રમકડાં હશે, તો તે ડિજિટલ સ્ક્રીનથી દૂર રહેશે. વાસ્તવિક રમકડાં સાથે રમવાથી બાળક થાકે છે અને તેને ઊંઘ પણ સારી આવે છે, જે તેના કુદરતી સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે. મોબાઈલ ગેઈમ્સથી બાળકની આંખો અને મગજ થાકે છે, જ્યારે વાસ્તવિક રમકડાંથી તેનો શારીરિક અને માનસિક થાક દૂર થાય છે અને સાચી ખુશી મળે છે.

**૭. યોગ્ય રમકડાં પસંદ કરતી વખતે માતા-પિતાએ શું ધ્યાન રાખવું જોઈએ.**

બાળકને ગમે તેવાં અને ગમે તેટલાં રમકડાં અપાવવાને બદલે સભાનતાપૂર્વક પસંદગી કરવી જોઈએ:

**ઉંમર મુજબ પસંદગી :** રમકડાના બૉક્સ પર લખેલી ઉંમર (Age Group) ખાસ જુઓ. ૬ મહિનાના બાળકને પઝલ ન અપાય અને ૫ વર્ષના બાળકને માત્ર ઘૂઘરો ન ગમે.

**સુરક્ષા પ્રથમ :** રમકડાં બિન-ઝેરી (Non-toxic) રંગનાં અને તીક્ષ્ણ ધાર વગરનાં હોવાં જોઈએ. પ્લાસ્ટિકને બદલે લાકડા કે કાપડનાં રમકડાંને પ્રાધાન્ય આપો. લેગો બ્લૉક્સ, માટી અથવા લાકડાના ટુકડા એવાં રમકડાં છે જેનો ઉપયોગ બાળક ગમે તે રીતે કરી શકે છે. આવાં રમકડાં મગજના વિકાસ માટે બેસ્ટ છે.

જેટલું રમકડું સાદું, તેટલું જ બાળકના મગજનો ઉપયોગ વધારે. બધી જ લાઈટો અને આપમેળે મ્યુઝિક વાગતાં રમકડાં કરતાં બાળક પોતે ચલાવી શકે તેવાં રમકડાં વધુ ઉપયોગી છે.

રમકડાં એ માત્ર મનોરંજનનું સાધન કે બાળકને શાંત રાખવાનો ઉપાય નથી, પરંતુ તે બાળકના ભવિષ્યના વ્યક્તિત્વને આકાર આપનાર શિલ્પી છે. તે બાળકના જીવનમાં આનંદ, જ્ઞાન, સંસ્કાર અને કૌશલ્યોનો સમન્વય કરે છે. એક બાળકને કાગળની હોડી બનાવતાં શીખવવું કે માટીનો કિલ્લો બનાવતાં જોવું એ તેના વૈજ્ઞાનિક અને કલાત્મક અભિગમની શરૂઆત છે.

---

## પ્રેરક પ્રસંગ

એક નાનકડો છોકરો નિશાળમાં કોઈ એક સહપાઠી સાથે ઝઘડયો હશે. ઘેર આવી મનોમન બબડવા લાગ્યો : 'બદમાશ ! હરામખોર ! હું તને મારી નાખીશ.' મા સાંભળી ગઈ. કશું બોલી નહિ પણ છોકરાને પાસેના પહાડોમાં લઈ ગઈ. એક ઊંચા પહાડ પર ચડી તેણે છોકરાને કહ્યું: 'બેટા, તું ઘરમાં શું બબડતો હતો ? અહીં એ બધું છાતી ફાડીને બોલી નાખ.' છોકરો પહેલાં તો શરમાયો પણ માએ આગ્રહ જારી રાખ્યો. સામે વિશાળ ખીણ પથરાયેલી હતી અને ત્યાર પછી ઊચાં પહાડ માથું કાઢીને ઊભા હતા. છોકરાએ બૂમ પાડી કહ્યું : 'બદમાશ !' સામેથી એવો જ અવાજ આવ્યો : 'બદમાશ !' છોકરો બોલ્યો : 'હું તને મારી નાખીશ.' જાણે સામેના પહાડો છોકરાને મારી નાખવા ધસમસતા હોય એવા પડછંદા પડ્યા : 'તને મારી નાખીશ.'

છોકરો આ પડઘાનો નિયમ જાણતો હતો. પણ એ વખતે એ નિયમ તેના હૃદયમાં ઘર કરી ગયો. માએ કહ્યું : 'બેટા, હવે જોરથી બોલ તો ! ભાઈ તું મને ખૂબ વહાલો છે. તારું ભલું થાય.' સામેથી એ જ શબ્દો ઉછળતા આવ્યા. મા એ કહ્યું : 'આ નિયમ કદી ન ભૂલતો.'

**- શાંત તોમાર છંદ'માંથી સાભાર**

# બાળકના ઇંદ્રિય વિકાસમાં રમકડાંની ભૂમિકા



- વિનોદ આર. શિયાળ
મદદનીશ શિક્ષક,
શ્રી બ્રાંચ શાળા નં-૬ ગઢડા, બોટાદ.
મો. ૯૮૨૪૩૮૫૨૯૦

રમકડાં માત્ર મનોરંજન પૂરાં પાડતાં સાધનો નથી, પરંતુ તે બાળકના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને ઇંદ્રિય વિકાસનું શક્તિશાળી માધ્યમ છે. બાળક રમતાં-રમતાં નવી બાબતો શીખે છે. રંગીન બૉલ, અવાજ કરતાં રમકડાં, વિવિધ આકારોના બ્લૉક્સ અથવા નરમ કાપડનાં રમકડાં બાળકને આસપાસની દુનિયા સાથે પરિચિત કરાવે છે. આ રીતે રમકડાં બાળકના પ્રથમ શિક્ષક તરીકે કાર્ય કરે છે અને તેના સર્વાંગી વિકાસનો પાયો મજબૂત બનાવે છે.

**દૃષ્ટિનો વિકાસ :**

જન્મ સમયે બાળકની દૃષ્ટિ સંપૂર્ણ રીતે વિકસિત હોતી નથી. શરૂઆતમાં તે માત્ર નજીકની વસ્તુઓ જ સ્પષ્ટ જોઈ શકે છે. જેમ જેમ બાળક મોટું થાય છે તેમ તેની દૃષ્ટિ વધુ વિકસતી જાય છે. આ વિકાસમાં રમકડાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ચમકદાર રંગો ધરાવતાં રમકડાં બાળકનું ધ્યાન આકર્ષે છે. લાલ, પીળો, વાદળી અને લીલો જેવા તેજસ્વી રંગો બાળકને રંગોની ઓળખ કરવામાં મદદ કરે છે. ઝગમગતી લાઇટવાળાં રમકડાં પ્રકાશ પ્રત્યે બાળકની જાગૃતિ વધારે છે. વિવિધ આકારવાળા બ્લૉક્સ, ગોળ બૉલ, ચોરસ અને ત્રિકોણ આકારનાં રમકડાં બાળકને આકારોની સમજ આપે છે.

**શ્રવણશક્તિનો વિકાસ :**

શ્રવણશક્તિ બાળકના વિકાસનું મહત્ત્વપૂર્ણ અંગ છે. બાળક ગર્ભાવસ્થાથી જ અવાજો સાંભળવાનું શરૂ કરે છે. જન્મ પછી વિવિધ પ્રકારના અવાજો તેની શીખવાની પ્રક્રિયાને આગળ વધારે છે. ઘંટડી, ઝાંઝર, સંગીત વગાડતાં રમકડાં અને વિવિધ ધ્વનિ ઉત્પન્ન કરનાર સાધનો બાળકના શ્રવણ વિકાસ માટે લાભદાયક છે. આવાં રમકડાં બાળકને અલગ-અલગ અવાજો ઓળખવામાં મદદ કરે છે. ધીમો અવાજ, ઊંચો અવાજ, મધુર સંગીત અને પ્રાકૃતિક ધ્વનિઓ બાળકની સાંભળવાની ક્ષમતાને સમૃદ્ધ બનાવે છે. જ્યારે બાળક કોઈ અવાજ સાંભળીને તેની દિશામાં જુએ છે અથવા પ્રતિભાવ આપે છે ત્યારે તેનું મગજ અવાજ અને તેની ઉત્પત્તિ વચ્ચેનો સંબંધ સ્થાપિત કરે છે. સંગીતવાળા રમકડાં બાળકમાં લય, તાલ અને ભાષા વિકાસ માટે પણ ઉપયોગી સાબિત થાય છે.

**સ્પર્શ શક્તિનો વિકાસ :**

સ્પર્શ એ બાળક માટે દુનિયાને સમજવાનું સૌથી પ્રાથમિક સાધન છે. બાળક પોતાના હાથથી વસ્તુઓને સ્પર્શીને તેમની ગુણવત્તા, આકાર અને સ્વરૂપને ઓળખે છે. નરમ, કઠણ, ખડકલા, ચીકણા અને રુવાંટીવાળાં રમકડાં બાળકને વિવિધ પ્રકારના સ્પર્શનો અનુભવ કરાવે છે. ઉદાહરણ તરીકે, કપાસનું રમકડું અને લાકડાનું રમકડું બંને અલગ અનુભવ આપે છે. આવા અનુભવો બાળકના મગજમાં સંવેદનાત્મક માહિતીના વિકાસને પ્રોત્સાહન આપે છે. સ્પર્શ આધારિત રમતો બાળકનાં સૂક્ષ્મ ગતિશીલ કૌશલ્યો વિકસાવવામાં પણ મદદ કરે છે. બાળક જ્યારે કોઈ વસ્તુ પકડે છે, દબાવે છે અથવા ખેંચે છે ત્યારે તેની આંગળીઓ અને હાથના સ્નાયુઓ મજબૂત બને છે.

**સ્વાદ અને ગંધનો અનુભવ :**

નાનાં બાળકો ઘણી વખત વસ્તુઓને મોઢામાં મૂકીને તેમની તપાસ કરે છે. આ તેમની સ્વાભાવિક શીખવાની પ્રક્રિયાનો ભાગ છે. તેથી શિશુઓ માટે બનાવવામાં આવતાં રમકડાં સલામત અને ઝેરી તત્ત્વોથી મુક્ત હોવાં જોઈએ. ટીથર જેવાં રમકડાં બાળકને મોઢા દ્વારા વસ્તુઓનો અનુભવ કરવાની તક આપે છે. જોકે રમકડાંનો મુખ્ય હેતુ સ્વાદ આપવાનો નથી, પરંતુ તે

સલામત રીતે બાળકને આસપાસની વસ્તુઓ વિશે જ્ઞાન મેળવવામાં મદદ કરે છે. કેટલાંક સંવેદનાત્મક રમકડાંમાં હળવી અને સુરક્ષિત સુગંધનો ઉપયોગ કરવામાં આવે છે, જે બાળકની ગંધ ઓળખવાની ક્ષમતા વિકસાવવામાં મદદરૂપ બને છે. ગંધ અને સ્વાદ બંને મગજમાં સ્મૃતિ સાથે જોડાયેલા હોય છે, તેથી આ અનુભવો બાળકના સંજ્ઞાનાત્મક વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે.

**આંખ અને હાથનો સમન્વય :**

આંખ અને હાથ વચ્ચેનો સમન્વય બાળકના શારીરિક વિકાસ માટે અત્યંત જરૂરી છે. જ્યારે બાળક કોઈ વસ્તુને જુએ છે અને પછી તેને પકડવાનો પ્રયાસ કરે છે ત્યારે આંખ અને હાથ વચ્ચે સંકલન સર્જાય છે. બ્લૉક્સ ગોઠવવા, રિંગ્સ ચડાવવા, બૉલ પકડવા અને પઝલ્સ ઉકેલવા જેવાં રમકડાં આ સમન્વય વિકસાવવામાં મદદ કરે છે. શરૂઆતમાં બાળક ઘણી વખત નિષ્ફળ જાય છે, પરંતુ સતત પ્રયાસોથી તેની કુશળતા વધતી જાય છે. આંખ-હાથનો સારો સમન્વય ભવિષ્યમાં લેખન, રમતગમત, ચિત્રકામ અને દૈનિક કાર્યોમાં સફળતા મેળવવા જરૂરી છે.

**કાર્ય-કારણ સંબંધની સમજ :**

બાળકના બૌદ્ધિક વિકાસમાં કાર્ય-કારણ સંબંધની સમજ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. બાળક ધીમે ધીમે શીખે છે કે તેની કોઈ ક્રિયાના પરિણામે કંઈક બને છે. ઉદાહરણ તરીકે, જ્યારે બાળક કોઈ બટન દબાવે છે અને રમકડામાંથી અવાજ આવે છે, ત્યારે તે સમજવા લાગે છે કે "મારી ક્રિયાથી આ પરિણામ આવ્યું." તેવી જ રીતે, બૉલને ધક્કો મારવાથી તે આગળ જાય છે અથવા બ્લૉક્સ ગોઠવતાં ટાવર ઊભો થાય છે. આ પ્રકારના અનુભવોથી બાળકમાં તાર્કિક વિચારશક્તિ વિકસે છે. તે સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા શીખે છે અને પોતાની ક્રિયાઓનાં પરિણામો વિશે વિચારવાનું શરૂ કરે છે.

**વય મુજબ રમકડાંની પસંદગી :**

દરેક ઉંમરે બાળકની જરૂરિયાતો અને ક્ષમતાઓ અલગ હોય છે. તેથી રમકડાંની પસંદગી પણ વય અનુસાર કરવી જોઈએ. ૦ થી ૧ વર્ષની ઉંમરે નરમ, રંગીન અને અવાજવાળાં રમકડાં યોગ્ય ગણાય છે. ૧ થી ૩ વર્ષની ઉંમરે ગોઠવણ, ખેંચવાનાં-ધકેલવાનાં અને આકાર ઓળખવાના રમકડાં વધુ ઉપયોગી રહે છે. ૩ થી ૬ વર્ષની ઉંમરે સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ વિકસાવતાં રમકડાં જેમ કે બિલ્ડિંગ બ્લૉક્સ, પઝલ્સ અને ભૂમિકાભિનય રમકડાં લાભદાયક છે. અયોગ્ય રમકડાં બાળક માટે જોખમી બની શકે છે અથવા તેના વિકાસમાં અવરોધ ઊભો કરી શકે છે. તેથી માતા-પિતાએ રમકડાં પસંદ કરતી વખતે બાળકનાં ઉંમર, રસ, સુરક્ષા અને વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં લેવાં જોઈએ.

**સર્વાંગી વિકાસમાં રમકડાંનું યોગદાન :**

રમકડાં બાળકોના જીવનમાં માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તેમના ભાવનાત્મક અને સામાજિક વિકાસનું મહત્ત્વપૂર્ણ માધ્યમ પણ છે. વિવિધ પ્રકારનાં રમકડાં બાળકોને પોતાની લાગણીઓ વ્યક્ત કરવાની, કલ્પનાશક્તિ વિકસાવવાની અને આત્મવિશ્વાસ વધારવાની તક આપે છે. બાળક જ્યારે ઢીંગલી, વાહનો અથવા અન્ય રમકડાં સાથે રમે છે ત્યારે તે આનંદ, સહાનુભૂતિ, જવાબદારી અને ધીરજ જેવા ગુણોનો વિકાસ કરે છે.

સામાજિક વિકાસની દૃષ્ટિએ રમકડાં બાળકોને સાથે મળીને રમવા, નિયમોનું પાલન કરવા, સહકાર આપવા અને મિત્રતા કેળવવામાં મદદ કરે છે. જૂથમાં રમાતી રમતો દ્વારા તેઓ સંવાદ કૌશલ્ય, નેતૃત્વ, સમસ્યા-નિવારણ અને ટીમભાવના જેવા ગુણો શીખે છે. રમકડાં બાળકોને સમાજમાં યોગ્ય રીતે વર્તવાની પ્રાથમિક તાલીમ પણ આપે છે. આ રીતે રમકડાં બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. યોગ્ય અને સર્જનાત્મક રમકડાં બાળકોને આનંદ સાથે શીખવાની તક આપે છે, તેમને ભાવનાત્મક રીતે સંતુલિત તથા સામાજિક રીતે જવાબદાર નાગરિક બનવામાં સહાય કરે છે.

# રમકડાનું મનોવિજ્ઞાન



- ડૉ. મયૂર વી. ભમ્મર
અધ્યક્ષ અને આસિ. પ્રૉફેસર, મનોવિજ્ઞાન
વિભાગ, સરકારી વિનયન કોલેજ,
રાણાવાવ, પોરબંદર. મો. ૮૨૦૦૬૦૨૫૨૬

આપણે કોઈ બાળકના હાથમાં રમકડું જોઈએ ત્યારે આપણને ફક્ત એક નિર્જીવ વસ્તુ, થોડા આકર્ષક રંગો અને કદાચ કોઈ મધુર સંગીત સંભળાય છે. પરંતુ બાળ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો તે માત્ર એક પદાર્થ નથી. તે એક આખું વિશ્વ છે. બ્રિટિશ બાળરોગ નિષ્ણાત અને મનોવિશ્લેષક વિનિકોટે રમકડાંને ટ્રાન્ઝિશનલ ઓબ્જેક્ટ્સ કહ્યા છે. તેઓના મતે રમકડાં એ એવી વસ્તુઓ છે, જે બાળકને તેની માતાના સુરક્ષિત ખોળામાંથી બહાર નીકળીને બહારની વાસ્તવિક દુનિયા સાથે સેતુ બાંધવામાં મદદ કરે છે. રમકડાં એ બાળકના જીવનનું પ્રથમ પાઠ્યપુસ્તક છે. બાળક કઈ રીતે વિચારે છે, કઈ રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં તે કેવો પુખ્ત માણસ બનશે, તેના પાયાના પથ્થરો આ રમકડાં દ્વારા જ નખાય છે. અહીં આપણે વિજ્ઞાન, મનોવિજ્ઞાન અને બાળવિકાસના અદૃશ્ય તાણાવાણાને જોડીને રમકડાનાં મનોવિજ્ઞાનની સમજ મેળવીશું.

**રમકડાં અને બાળમગજનો વિકાસ :**

બાળકનો જન્મ થાય ત્યારે તેનું મગજ એક કોરી સ્લેટ જેવું તો હોય છે, પણ સાથે તે અતિશય નમ્ય હોય છે. મનોવિજ્ઞાનમાં આ પ્રક્રિયાને ન્યુરોપ્લાસ્ટિસિટી કહેવામાં આવે છે. પ્રારંભિક વર્ષોમાં મગજના કોષો વચ્ચે અબજો નવાં જોડાણો બનતાં હોય છે. આ જોડાણો કઈ રીતે બનશે? તેનો આધાર બાળકને આસપાસના વાતાવરણમાંથી કેવાં ઉદ્દીપકો મળે છે તેના પર છે.

**૧. ઇંદ્રિયજન્ય વિકાસ :**

નવજાત શિશુ જ્યારે ખખડતો ઝુણઝુણિયો જુએ છે, ત્યારે તેનું મગજ ફક્ત અવાજ સાંભળતું નથી. તે અવાજની દિશા અને પોતાની આંખોના હલનચલન વચ્ચે તાલમેલ બેસાડવાનો પ્રયત્ન કરે છે. જ્યારે તે નરમ ટેડી બેરને સ્પર્શે છે અથવા લાકડાના કડક બ્લૉકને પકડે છે, ત્યારે તેના મગજના સ્પર્શ સંબંધી કેન્દ્રો સક્રિય થાય છે.

**૨. કારક કૌશલ્યોનું ઘડતર :**

રમકડાં બે પ્રકારની શારીરિક ક્ષમતાઓનો વિકાસ કરે છે : ગ્રોસ મોટર સ્કિલ્સ : મોટી ગાડીને ધક્કો મારવો, ત્રિચક્રી સાઇકલ ચલાવવી કે મોટો બૉલ ફેંકવો. આનાથી બાળકના હાથ-પગના સ્નાયુઓ મજબૂત થાય છે. ફાઇન મોટર સ્કિલ્સ : નાના બ્લૉક્સને એકબીજા પર ગોઠવવા, મણકા પરોવવા, કે ચાવીવાળું રમકડું ફેરવવું. આ પ્રવૃત્તિઓ બાળકના હાથના પંજા અને આંગળીઓના બારીક સ્નાયુઓને કેળવે છે, જે ભવિષ્યમાં તેને પેન્સિલ પકડવામાં અને લખવામાં મદદરૂપ બને છે.

**રમતની શૈલીઓ અને માનસિક ઉત્ક્રાંતિ :**

સ્વિસ મનોવૈજ્ઞાનિક જિન પિયાજે બાળકના સંજ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંતમાં જણાવે છે કે જેમ-જેમ બાળકની ઉંમર બદલાય છે, તેમ-તેમ તેની રમકડાં સાથે રમવાની શૈલી પણ બદલાય છે. આ પ્રક્રિયા નીચેના તબક્કામાં વહેંચાયેલી છે :

**૧. રચનાત્મક રમત :**

આ તબક્કામાં બાળક લેગો બ્લૉક્સ, માટી અથવા રેતીથી કંઈક નવું બનાવવાનો પ્રયત્ન કરે છે. અહીં રમકડું પૂર્વ-નિર્ધારિત નથી હોતું. એક બાળક બ્લૉક્સ જોડીને ઘર બનાવે છે, તો બીજું બાળક ટ્રેન બનાવે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, આ રમત બાળકને સમસ્યા ઉકેલ અને અવકાશીય બુદ્ધિ શીખવે છે. જ્યારે બ્લૉક્સ પડી જાય છે ત્યારે બાળક નિરાશ થવાને બદલે ફરીથી પ્રયત્ન કરે છે, જે તેનામાં લાગણીશીલ મજબૂતાઈ વધારે છે.

૨. **પ્રતીકાત્મક રમત :**

બે-ત્રણ વર્ષનું બાળક જ્યારે લાકડાના ટુકડાને મોબાઇલ સમજીને કાન પર રાખે છે અથવા પ્લાસ્ટિકના કપમાં કાલ્પનિક ચા પિવડાવે છે, ત્યારે તે પ્રતીકાત્મક છે. આ મનોવિજ્ઞાનનો અદ્ભુત તબક્કો છે. અર્થાત્ બાળકના મગજમાં હવે અમૂર્ત વિચારસરણીની શરૂઆત થઈ ચૂકી છે અને તે એક વસ્તુને બીજી વસ્તુના પ્રતીક તરીકે જુએ છે.

૩. **ભૂમિકા રમત અને સામાજિકીકરણ :**

ડૉક્ટર સેટ, કિચન સેટ કે પોલીસ-ચોરની રમત. આ રમકડાં દ્વારા બાળક સમાજની ભૂમિકાઓની નકલ કરે છે. જ્યારે બાળક ડૉક્ટર બને છે ત્યારે તે દર્દી એટલે કે પોતાના મિત્ર કે ઢીંગલી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં શીખે છે. તે સમજે છે કે બીજાની લાગણીઓ શું હોય છે. આ રમતો બાળકને અહંકેન્દ્રીયતામાંથી બહાર લાવીને સામાજિક પ્રાણી બનાવે છે.

**લિંગ-આધારિત રમકડાં અને સામાજિક અનુકૂલન :**

આપણે જોઈએ છીએ કે દુકાનોમાં છોકરીઓ માટે ગુલાબી રંગનો સેક્શન જેમાં ઢીંગલીઓ, કિચન સેટ અને બ્યુટી કિટ હોય. છોકરાઓ માટે બ્લૂ સેક્શન જેમાં કાર, ગન, સુપરહીરો અને રૉબોટ્સ હોય. શું આ જૈવિક પસંદગી છે કે સામાજિક? મનોવૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે નવજાત શિશુને રંગો કે રમકડાં પ્રત્યે આવો કોઈ ભેદભાવ હોતો નથી.

જ્યારે આપણે છોકરીઓને ફક્ત ઢીંગલીઓ આપીએ છીએ, ત્યારે આપણે અજાણતાં જ તેના મગજને સંભાળ રાખવી અને નર્ચરિંગ ભૂમિકા માટે પ્રોગ્રામ કરીએ છીએ. જ્યારે છોકરાઓને ગન કે કાર આપીએ છીએ, ત્યારે આપણે તેનામાં આક્રમકતા અને કમાન્ડિંગ પાવરને પ્રોત્સાહન આપીએ છીએ. જો છોકરાને કિચન સેટથી રમવા દેવામાં આવે, તો તે ભવિષ્યમાં આત્મનિર્ભર અને સંવેદનશીલ બને છે. જો છોકરીને લેગો બ્લૉક્સ કે મિકેનિકલ રમકડાં આપવામાં આવે, તો તેની STEM (Science, Technology, Engineering, Math) ક્ષમતાઓ ખીલે છે. રમકડાંમાં લિંગ તટસ્થતા બાળકના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય છે.

**ઢીંગલીઓનું મનોવિજ્ઞાન :**

ઢીંગલી ફક્ત એક રમકડું નથી, તે બાળકની પોતાની પ્રતિકૃતિ છે. બાળક ઢીંગલી સાથે જે રીતે વર્તન કરે છે, તે ખરેખર તેના પોતાના ઘરમાં થતા વ્યવહારનું પ્રતિબિંબ હોય છે. જો માતા-પિતા બાળકને ખિજાતાં હશે, તો બાળક પણ પોતાની ઢીંગલીને લપડાક મારશે. મનોવૈજ્ઞાનિકો આનો ઉપયોગ 'પ્લે થૅરપી'માં કરે છે જેથી જાણી શકાય કે બાળકના મનમાં કોઈ માનસિક આઘાત તો નથી ને!

૧૯૬૦ના દાયકાથી બાર્બી ઢીંગલીઓ ખૂબ પ્રખ્યાત રહી છે. પરંતુ મનોવિજ્ઞાને સાબિત કર્યું છે કે અવાસ્તવિક શારીરિક પ્રમાણ જેમ કે… અતિશય પાતળી કમર, લાંબા પગ ધરાવતી ઢીંગલીઓ સાથે રમવાથી નાની છોકરીઓમાં પોતાના શરીર પ્રત્યે અસંતોષ ઊભો થાય છે. તેઓ નાનપણથી જ સુંદરતાના ખોટા માપદંડો અપનાવી લે છે.

**મુક્ત-અંતવાળા વિરુદ્ધ મર્યાદિત-અંતવાળાં રમકડાં :**

આધુનિક મનોવિજ્ઞાન અને પૅરેન્ટિંગમાં આ બે શબ્દો ખૂબ મહત્ત્વના છે. બાળકોનાં રમકડાં મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલાં છે : ક્લોઝ-એન્ડેડ અને ઓપન-એન્ડેડ રમકડાં, જે બાળકની માનસિક પ્રક્રિયા અને કલ્પનાશક્તિ પર જુદી-જુદી અસરો કરે છે. ક્લોઝ-એન્ડેડ (મર્યાદિત-અંતવાળાં) રમકડાં એવાં છે જેનો ઉપયોગ કરવાનો માત્ર એક જ નિશ્ચિત રસ્તો હોય છે, જેમ કે બૅટરીથી ચાલતી પ્લાસ્ટિકની ગાડી અથવા કોઈ પઝલ. આ પ્રકારનાં રમકડાં સાથે રમતી વખતે બાળક મોટેભાગે ફક્ત બટન દબાવીને શાંતિથી જુએ છે, એટલે કે તેની ભૂમિકા નિષ્ક્રિય રહે છે. વળી, આમાં બાળકની કલ્પનાશક્તિ પણ મર્યાદિત બને છે, કારણ કે એકવાર પઝલ સોલ્વ થઈ જાય એટલે તેનું લક્ષ્ય પૂરું થાય છે અને રમકડાં પ્રત્યેનો રસ ઘટે છે.

### ડિજિટલ ગેઈમ્સ વર્સિસ ફિઝિકલ રમકડાં :

આજે સ્ક્રીને પરંપરાગત રમકડાંનું સ્થાન લઈ લીધું છે. યૂટ્યૂબ પર રાઈમ્સ જોવી કે મોબાઇલમાં ગેઇમ રમવી તેને મનોવિજ્ઞાનની ભાષામાં 'વર્ચ્યુઅલ પ્લે' કહેવાય છે. આ ટ્રેન્ડ બાળકના માનસિક સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ રહ્યો છે.

ડિજિટલ ગેઈમ્સ એવી રીતે ડિઝાઇન કરવામાં આવે છે કે તેમાં દર સેકન્ડે બદલાતા રંગો, વિસ્ફોટક અવાજો અને ઈન્સ્ટન્ટ રિવૉર્ડ્સ મળે છે. આનાથી બાળકના મગજમાં ઝડપથી ડોપામાઈન નામનું ન્યુરોટ્રાન્સમીટર રિલીઝ થાય છે, જે તેને એડિક્શન તરફ દોરી જાય છે. જ્યારે સાદા લાકડાનાં રમકડામાં આવો કોઈ ઈન્સ્ટન્ટ ચમકારો નથી હોતો.

### પ્લે થૅરપી :

બાળકો વયસ્ક લોકોની જેમ પોતાની લાગણીઓને શબ્દોમાં વ્યક્ત નથી કરી શકતાં. જો કોઈ બાળક ડરેલું છે, ચિંતિત છે કે કોઈ આઘાતમાં છે, તો તે બોલીને નહીં કહી શકે. અહીં મનોવિજ્ઞાન 'પ્લે થૅરપી'નો આશરો લે છે. એક ક્લિનિકલ સાયકોલોજિસ્ટના રૂમમાં કાલ્પનિક ઘર, પ્રાણીઓ, સૈનિકો અને ઢીંગલીઓ રાખવામાં આવે છે. બાળકને મુક્તપણે રમવા દેવામાં આવે છે. જો કોઈ બાળક વારંવાર સૈનિકોને એકબીજા સાથે લડાવે છે અથવા રમકડાંને તોડી નાખે છે, તો તે તેની અંદર ભરેલા ક્રોધ કે ઘરમાં ચાલતા કલહને દર્શાવે છે. જો બાળક ઢીંગલીને પલંગની નીચે છુપાવી દે છે, તો તે કોઈ અસુરક્ષા અથવા ભયનો સંકેત હોઈ શકે છે. રમકડાં અહીં બાળકના અચેતન મનના આલ્બમ જેવાં બની જાય છે.

### યોગ્ય રમકડાંની પસંદગી અંગે વાલીઓ માટે મનોવૈજ્ઞાનિક માર્ગદર્શિકા :

રમકડાંની ખરીદી એ નાણાકીય બાબત નથી, એ મનોવૈજ્ઞાનિક રોકાણ છે. વાલીઓએ રમકડાં ખરીદતી વખતે નીચેના સિદ્ધાંતો ધ્યાનમાં રાખવા જોઈએ :

**૧. ઓછા રમકડાંનો સિદ્ધાંત :**

એક સંશોધન મુજબ, જે ક્લાસરૂમમાં ખૂબ વધારે રમકડાં ભરેલાં હોય છે ત્યાં બાળકો કોઈ એક રમકડા પર લાંબો સમય ધ્યાન નથી આપી શકતાં અને જલદી કંટાળી જાય છે. ઓછા પરંતુ ક્વૉલિટી રમકડાં (જેમ કે... માત્ર લાકડાના બ્લૉક્સ અને કાગળ-પૅન) આપવાથી બાળકની સર્જનાત્મકતા ચરમસીમાએ પહોંચે છે.

**૨. ઉંમર પ્રમાણે યોગ્યતા :**

જો બે વર્ષના બાળકને ૫૦૦ ટુકડાવાળી અઘરી પઝલ આપી દેવામાં આવે, તો તે સોલ્વ નહીં કરી શકે અને તેનામાં 'શીખેલી લાચારી' આવી જશે, તે માની લેશે કે હું કંઈ કરી શકતો નથી. રમકડું એવું હોવું જોઈએ જે બાળકની વર્તમાન ક્ષમતા કરતાં માત્ર એક ડગલું આગળ હોય, જેથી તેનો પડકાર ઝીલવાનો ઉત્સાહ જળવાઈ રહે.

**૩. પ્રકૃતિ સાથે જોડાણ :**

બને ત્યાં સુધી પ્લાસ્ટિક અને કેમિકલયુક્ત રમકડાંને બદલે લાકડું, કાપડ, માટી અને કાગળના રમકડાં પસંદ કરો. કુદરતી સામગ્રીનો સ્પર્શ મગજને શાંત કરે છે અને અર્થિંગની લાગણી આપે છે.

રમકડાં એ ફક્ત બાળપણ પસાર કરવાનું સાધન નથી, પણ ભવિષ્યના નાગરિકના ઘડતરની પ્રયોગશાળા છે. જે હાથ આજે રમકડાની ગાડીનાં વ્હીલ ગોઠવી રહ્યા છે, તે આવતીકાલે દેશનું એન્જિનિયરિંગ સંભાળી શકે છે. જે હાથ આજે ઢીંગલીને પ્રેમથી સુવડાવી રહ્યા છે, તે કાલે માનવતાના રક્ષક બની શકે છે. એક સમજદાર સમાજ તરીકે, આપણે રમકડાંને ફક્ત મોંઘા ગિફ્ટ આર્ટિકલ તરીકે જોવાનું બંધ કરવું પડશે. બાળકના હાથમાં યોગ્ય રમકડું આપવું એટલે તેના મગજને કલ્પનાની પાંખો આપવી. આગામી વખતે જ્યારે તમે કોઈ બાળકને રમકડું ખરીદી આપો, ત્યારે યાદ રાખજો કે તમે બજારમાંથી કોઈ વસ્તુ નથી ખરીદી રહ્યા, પણ તે બાળકના મનની અનંત શક્યતાઓના દરવાજા ખોલી રહ્યા છો.

# વેસ્ટમાંથી બેસ્ટ રમકડાં બનાવવાની કળા અને સર્જનાત્મકતા



- ડૉ. પ્રજ્ઞા બી. જોષી
આદિતપરા પ્રાથમિક શાળા
તા. રાણાવાવ, જિ. પોરબંદર.
મો. ૯૭૩૭૯૦૪૬૬૦

દરેક વ્યક્તિ જ્યારે પોતાનું બાળપણ યાદ કરે ત્યારે તેને પોતાની અંદર એક સર્જનશીલ બાળક દેખાયું હશે, બાળક હંમેશાં નવું-નવું જાણવા, સમજવા માટે સર્જનશીલ બનતો હોય છે અને તેમાંથી જ તે પોતાની જિજ્ઞાસા સંતોષી શકે તેમજ દુનિયાની અજાયબીઓ વિશે જાણી શકે. બાળપણ એ જીવનનો સૌથી આનંદમય અને સર્જનાત્મક સમય છે. રમકડાં બાળકોના જીવનનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. રમકડાં દ્વારા બાળક માત્ર મનોરંજન જ નથી કરતું, પરંતુ નવી-નવી બાબતો શીખે છે, કલ્પનાશક્તિ વિકસાવે છે અને જીવન કૌશલ્યો પણ પ્રાપ્ત કરે છે. આજના સમયમાં બજારમાં અનેક પ્રકારનાં મોંઘાં અને પ્લાસ્ટિકનાં રમકડાં સરળતાથી મળી જાય છે, પરંતુ તેની સાથે પર્યાવરણ પ્રદૂષણની સમસ્યા પણ વધી રહી છે. બીજી તરફ, આપણા ઘરમાં રોજિંદા વપરાશ પછી ઘણી એવી વસ્તુઓ બચી જાય છે જે કચરામાં ફેંકી દેવામાં આવે છે. જો આ વસ્તુઓનો સર્જનાત્મક રીતે ઉપયોગ કરવામાં આવે તો તે સુંદર, ઉપયોગી અને શૈક્ષણિક રમકડાંમાં ફેરવી શકાય છે.

**વેસ્ટમાંથી બેસ્ટ રમકડાં :**

''વેસ્ટમાંથી બેસ્ટ'' એટલે કે વપરાશમાં ન આવતી નકામી વસ્તુઓને ઉપયોગી અને આકર્ષક વસ્તુમાં પરિવર્તિત કરવાની કળા. આ કળા માત્ર પર્યાવરણ બચાવવામાં જ મદદરૂપ નથી બનતી, પરંતુ બાળકોમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને સમસ્યાઓના ઉકેલની ક્ષમતાનો પણ વિકાસ કરે છે. બાળક જ્યારે કંઈક નવું બનાવશે ત્યારે તેની અંદર પોતાના પ્રત્યે ગૌરવની લાગણી થશે અને બીજું નવું-નવું બનાવવા પ્રેરિત થશે.

ઘરમાં તથા આપણી આસપાસ એવી ઘણી બધી વસ્તુઓ છે જેનો ઉપયોગ ન થતો હોય પરંતુ તેમાંથી આપણે ખૂબ જ સારાં રમકડાંનું સર્જન કરી શકીએ.

**ગોબર (છાણ)નાં રમકડાં :**

ગોબર એટલે કે છાણ આપણી આસપાસ મળી રહે છે, ગોબરનાં રમકડાં બનાવવા લીલું- સૂકું ગોબર અને માટીનો ઉપયોગ થાય છે, લીલા ગોબરમાં સૂકી માટી મિક્સ કરવી, તેમાં પાણી જરા પણ ના મેળવવું, ત્રણ ભાગનો ગોબર અને એક ભાગ માટીનો રાખવો જેથી રમકડાં વજનમાં ખૂબ જ હળવાં બનશે, ગોબર અને માટીને ખૂબ સારી રીતે મિક્સ કરવું, આ મિશ્રણને ૪ થી ૫ કલાક પલાળેલું રાખવું જેથી માટી, ગોબર મિક્સ થઈ એકદમ નરમ થઈ જશે, ત્યારબાદ તમારા મનપસંદ આકારનાં નાનાં- મોટાં રમકડાંનું નિર્માણ કરવું અને તડકામાં એક દિવસ સૂકવવાં, સુકાઈ ગયા પછી ફરીથી એકવાર માત્ર ગોબરથી લેપ કરવો અને સૂકવી દેવાં જેથી ખૂબ સરસ ગોબરનો રંગ જોવા મળશે, ત્યારબાદ સફેદ કલરથી તેમાં મનપસંદ ડિઝાઈન બનાવવી, સફેદ કલરની સાથે બીજા રંગ પણ કરી શકાય, આ રમકડાં વજનમાં ખૂબ જ હળવાં, ખૂબ જ ટકાઉ અને દેખાવે આકર્ષક લાગશે. શરૂઆતમાં લીલા ગોબરમાંથી થોડી વાસ આવી શકે પરંતુ સુકાયા બાદ વાસ જતી રહે છે. આ રમકડાં સાવ સ્વચ્છ હોય છે, તેને સૂકવ્યા પછી તેમાં સુંદર નકશી કોતરવામાં આવે તો સુંદર કલાત્મક નમૂના તૈયાર થાય છે. આ રમકડાં પર્યાવરણ તથા સ્વાસ્થ્ય, બન્ને માટે ફાયદાકારક છે તથા તેના વૈજ્ઞાનિક લાભ પણ ઘણા છે.

**કાપડનાં રમકડાં :**

ઘરમાં રહેલાં જૂનાં કપડાં જે અન્ય ઉપયોગમાં ન આવતાં હોય તેનો પુનઃઉપયોગ કરીને સુંદર રમકડાં બનાવી શકાય છે. આવાં કપડાંમાંથી ટેડી બિયર, ફળો,

શાકભાજીના આકારો, પ્રાણીઓ, કાપડની ઢીંગલી, ફિંગર પપેટ, કઠપૂતળીઓ, નરમ બૉલ, તારો, પતંગિયું તેમજ અક્ષર અને અંક જેવાં વિવિધ રમકડાં સરળતાથી તૈયાર કરી શકાય છે. આ રમકડાં બનાવવા માટે જૂનાં કપડાં, સોય-દોરો, કાતર અને અંદર ભરવા માટે રૂ અથવા કપડાના નાના ટુકડાઓનો ઉપયોગ થાય છે. આ પ્રવૃત્તિ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટનો સંદેશ મળે છે, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટે છે, બાળકોમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને હસ્તકૌશલ્યનો વિકાસ થાય છે તેમજ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ પણ કેળવાય છે.

**પૂંઠાનાં રમકડાં :**

પૂંઠા (કાર્ડબોર્ડ)માંથી વિવિધ પ્રકારનાં આકર્ષક રમકડાં બનાવી શકાય છે. જૂનાં પૂંઠાનો પુનઃઉપયોગ કરીને કાર, બસ, ટ્રેન, વિમાન, ઘર, કિલ્લો, રૉબોટ, પઝલ, પ્રાણીઓના આકાર, ઢીંગલીનું ઘર, અક્ષર-અંકના મૉડેલ, પ્રાણીઓ તથા પક્ષીઓના માસ્ક અને અન્ય ઘણાં બધાં શૈક્ષણિક રમકડાં તૈયાર કરી શકાય છે. આ રમકડાં બનાવવા માટે પૂંઠું, કાતર, ગુંદર, રંગીન કાગળ અને રંગો જેવી સરળ સામગ્રીનો ઉપયોગ થાય છે. આ પ્રવૃત્તિ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટનો ખૂબ સારો ઉપયોગ જોવા મળે છે, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટે છે, બાળકોમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ, સમસ્યા ઉકેલવાની ક્ષમતા અને હસ્તકૌશલ્યનો વિકાસ થાય છે તેમજ પર્યાવરણને હાનિકારક નથી તેથી પર્યાવરણ પ્રિય રમકડાં બને છે.

**નાળિયેરની કાચલીનાં રમકડાં :**

નાળિયેરની કાચલીમાંથી ખૂબ જ સુંદર અને ટકાઉ રમકડાં બને છે, સાફ અને સુકાયેલી નાળિયેરની કાચલી લઈ તેમાં રમકડાના પ્રકાર મુજબ આકાર દોરી મશીનથી કાપી તથા માલિશ કરીને સુંદર રમકડાનું સર્જન થાય છે, ઉદાહરણ તરીકે, કાચબો બનાવવા માટે કાચલીને કાચબાના કવચ તરીકે ઉપયોગ કરો અને કાર્ડબોર્ડ અથવા લાકડાના ટુકડાથી પગ, માથું અને પૂંછડી બનાવો. પક્ષી બનાવવા માટે રંગીન કાગળ અથવા ફેલ્ટથી ચાંચ, પાંખ અને આંખો ચોંટાડો. નાની ગાડી બનાવવા માટે કાચલીની નીચે બોટલના ચાર ઢાંકણાં પૈડાં તરીકે લગાવો અને લાકડાની સળીથી તેમને જોડો. અંતમાં રંગો, આંખો, દોરી અથવા અન્ય સજાવટની સામગ્રીથી રમકડાને આકર્ષક બનાવો. આ રીતે નાળિયેરની કાચલીમાંથી સુંદર, ટકાઉ, પર્યાવરણમિત્ર અને સર્જનાત્મક રમકડાં તૈયાર કરી શકાય છે.

**કેરીની ગોટલીનાં રમકડાં :**

કેરીની ગોટલીને સૂકવીને તેને કાતર કે કટરથી નવા- નવા આકાર આપી સુંદર અને ટકાઉ રમકડાં બનાવી શકાય છે, માછલી, કાચબો, ઢીંગલી, સસલું, ફૂલ, જીવજંતુઓ, ચહેરાના આકાર અને અન્ય સર્જનાત્મક રમકડાં બનાવી શકાય છે. જરૂર મુજબ કાર્ડબોર્ડ, આઈસક્રીમની સ્ટિક અથવા લાકડાની સળી જોડીને તથા કલર કરીને રમકડાંને વધુ આકર્ષક બનાવી શકાય છે. આ પ્રવૃત્તિ દ્વારા કેરીની ગોટલીનો પુનઃઉપયોગ થાય છે, કચરો ઘટે છે, પર્યાવરણનું સંરક્ષણ થાય છે અને બાળકોમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ તથા હસ્તકૌશલ્યનો વિકાસ થાય છે. આ સિવાય પણ ઘરમાં પડી રહેલી કેટલીયે વસ્તુઓ એવી હોય કે જેનો ઉપયોગ રમકડાં બનાવવામાં થઈ શકે છે, લાકડાના ટુકડાઓ, આઈસક્રીમના કપ તથા સ્ટીક, લીસા પથ્થરો, દોરી, વૃક્ષોની લાકડીઓ વગેરે વેસ્ટ વસ્તુઓના ઉપયોગ દ્વારા બેસ્ટ રમકડાં બનાવી શકાય છે.

વેસ્ટમાંથી બેસ્ટ રમકડાં બનાવવા એ સર્જનાત્મક પ્રવૃત્તિની સાથે બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારી, કલ્પનાશક્તિ, આત્મવિશ્વાસ અને કૌશલ્યનો વિકાસ કરવાનું ઉત્તમ માધ્યમ છે. ઘર કે શાળામાં ઉપલબ્ધ નકામી વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કરીને સુંદર અને ઉપયોગી રમકડાં બનાવી શકાય છે, જેના કારણે કચરો ઓછો થાય છે અને પુનઃઉપયોગની ભાવના વિકસે છે. આવી પ્રવૃત્તિઓ બાળકોને આનંદ સાથે શીખવાની તક આપે છે.

# પીડિયાટ્રિક થેરપી અને પ્લે થેરપીમાં રમકડાંનો વિનિયોગ



- ડૉ. અર્પિતા ડી. વાઘેલા
અધ્યાપક સહાયક
આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ.
મો. ૯૮૨૫૬૭૦૬૮૭

પ્લે થૅરપી એ બાળક કેન્દ્રિત મનોવૈજ્ઞાનિક ઉપચાર પદ્ધતિ છે જેમાં રમત અને રમકડાં દ્વારા બાળકની લાગણીઓ અને સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કરવામાં આવે છે. ઘણીવાર બાળક પોતાના ડર, ગુસ્સો, દુઃખ અથવા ચિંતા સીધી રીતે વ્યક્ત કરી શકતું નથી. ત્યારે રમત બાળક માટે અભિવ્યક્તિનું માધ્યમ બને છે. પ્લે થૅરપી દરમિયાન બાળકને સુરક્ષિત અને સ્વીકારાત્મક વાતાવરણ આપવામાં આવે છે જેથી તે નિર્ભયતાથી પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકે.

**રમકડાંના ઉપયોગનાં મુખ્ય ક્ષેત્રો :**

**૧. ભાવનાત્મક વિકાસ :**

રમકડાં બાળકને પોતાની લાગણીઓ વ્યક્ત કરવાની તક આપે છે. ગુસ્સો, ડર, ચિંતા અથવા દુઃખ અનુભવતો બાળક Doll, Puppet અથવા Toy Figures દ્વારા પોતાની અંદરની સ્થિતિ દર્શાવે છે. ભાવનાત્મક વિકાસ માટેનાં રમકડાં એવાં શૈક્ષણિક અને થેરાપ્યુટિક સાધનો છે, જે બાળકોને પોતાની લાગણીઓ ઓળખવામાં, વ્યક્ત કરવામાં અને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આવાં રમકડાં દ્વારા બાળકો ખુશી, ગુસ્સો, ભય, દુઃખ અથવા પ્રેમ જેવી વિવિધ લાગણીઓ સમજવા અને અન્ય લોકોની લાગણીઓ પ્રત્યે સહાનુભૂતિ વિકસાવતાં શીખે છે. બેબી ડૉલ, પપેટ્સ, ઈમોશન કાર્ડ્સ, સૉફ્ટ ટોય્સ, ભૂમિકાનિર્ભર રમકડાં અને સ્ટોરીટેલિંગ કિટ્સ જેવાં સાધનો પ્લે થૅરપી અને પીડિયાટ્રિક થૅરપીમાં ખાસ ઉપયોગી માનવામાં આવે છે. દા.ત. ઢીંગલી સાથેની રમત દ્વારા બાળક પરિવાર સંબંધિત લાગણીઓ વ્યક્ત કરે છે, પપેટ સાથેની રમત દ્વારા વાતચીત કરવાનું કૌશલ્ય સુધરે છે. આવા રમકડાં બાળકોને સુરક્ષિત અને આનંદદાયક વાતાવરણમાં પોતાની આંતરિક લાગણીઓ વ્યક્ત કરવાની તક આપે છે, જેના કારણે આત્મવિશ્વાસ, સામાજિક સમાયોજન અને ભાવનાત્મક સંતુલનનો વિકાસ થાય છે.ઉદાહરણ તરીકે ગુસ્સાવાળો બાળક રમકડાં સાથે મારઝૂડ કરી શકે, ડર અનુભવતો બાળક ગેઈમ કે રમકડાં છુપાવી શકે છે, ચિંતા ધરાવતાં બાળકો એકની એક રમત વારંવાર રમે છે. થૅરાપિસ્ટ આ રમતમાં રહેલા સંકેતો દ્વારા બાળકની ભાવનાત્મક સ્થિતિ સમજવાનો પ્રયાસ કરે છે.

**૨. સંવેદનાત્મક વિકાસ :**

કેટલાંક બાળકોમાં સંવેદનાત્મક પ્રક્રિયા સંબંધિત મુશ્કેલીઓ હોય છે. આવાં બાળકો માટે માટી, રેતી, પાણી સાથેની રમતો અને રચનાત્મક રમકડાં ઉપયોગી બને છે. વ્યાવસાયિક ઉપચારના સંદર્ભો અનુસાર સંવેદનાત્મક રમત શાંત રાખવામાં મદદ કરે છે. રચનાત્મક સંવેદનાત્મક રમકડાં બાળકની સ્પર્શ ભાવનાને જોડવા માટે રચાયેલ છે. ખાસ કરીને ઓટિઝમ ધરાવતાં બાળકોમાં સંવેદનાત્મક રમકડાં દ્વારા સ્વ-નિયમન પ્રબળ બને છે.

સંવેદનાત્મક વિકાસ માટે થૅરપીમાં ઉપયોગમાં લેવાતાં રમકડાં બાળકોની ઈન્દ્રિય અનુભૂતિઓને ઉત્તેજિત કરીને તેમનાં મગજ અને શરીર વચ્ચેનું સંકલન મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવાં રમકડાં બાળકોમાં સ્પર્શ, દૃષ્ટિ, શ્રવણ, ગતિ અને સંતુલન જેવી સંવેદનાત્મક ક્ષમતાઓના વિકાસ માટે ઉપયોગી સાબિત થાય છે. ટેક્સ્ચર બૉલ્સ, સેન્સરી બિન, ફિજેટ ટોય્સ, મ્યુઝિકલ ટોય્સ, લાઈટ અને સાઉન્ડ રમકડાં, પઝલ્સ, સ્વિંગ્સ તથા વેઈટેડ ટોય્સ જેવાં સાધનો પીડિયાટ્રિક અને ઓક્યુપેશનલ થૅરપીમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં

લેવાય છે. દા.ત. સેન્ડ પ્લે ટ્રોમા ઘટાડવામાં મદદ કરે છે.

આવાં રમકડાં બાળકોને વિવિધ સંવેદનાઓ ઓળખવામાં, યોગ્ય પ્રતિભાવ આપવામાં તેમજ ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદરૂપ બને છે. સેન્સરી પ્રોસેસિંગ સંબંધિત મુશ્કેલીઓ ધરાવતાં બાળકો માટે આવાં રમકડાં થૅરપીની પ્રક્રિયાને વધુ અસરકારક, આનંદદાયક અને વિકાસલક્ષી બનાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

**૩. સામાજિક વિકાસ :**

બાળકોના સામાજિક વિકાસ માટે થૅરપીના સંદર્ભમાં જૂથ રમતો અને રોલ પ્લે રમકડાં એક અનિવાર્ય માધ્યમ છે. પ્લે થૅરપી અને પીડિયાટ્રિક થૅરપીમાં રોલ પ્લે રમકડાંનો ઉપયોગ માત્ર રમત માટે નહીં, પરંતુ આંતરક્રિયાત્મક સાધનો તરીકે થાય છે, જે વાસ્તવિક દુનિયા, વિવિધ વ્યવસાયો અને કાલ્પનિક પાત્રોનું અનુકરણ કરવા માટે રચાયેલ છે. આ સાધનો થૅરાપિસ્ટને બાળકના મનની સ્થિતિ સમજવામાં અને બાળકને સુરક્ષિત વાતાવરણમાં વિવિધ દૃશ્યો ભજવવાની તક આપે છે. રમત-રમત દ્વારા બાળકો જુદી જુદી ઓળખ શોધે છે અને પોતાના સામાજિક પર્યાવરણને વધુ સચોટ રીતે સમજતાં શીખે છે. કિચન સેટ અને ડૉક્ટર સેટ જેવાં સાધનો બાળકોને અન્ય લોકોની ભૂમિકા ભજવીને સહાનુભૂતિ કેળવવામાં મદદ કરે છે. જ્યારે બોર્ડ ગેઇમ્સ જેવી જૂથ રમતો દ્વારા થૅરપી દરમિયાન બાળકોમાં આપ-લે, વાતચીત અને સહકાર જેવા પાયાના સામાજિક ગુણોનો વિકાસ થાય છે. ખાસ કરીને સોશિયલ એન્ઝાયટી ધરાવતાં બાળકો માટે આ પ્રવૃત્તિઓ ક્લિનિકલ સ્તરે વર્તન સુધારણાનું કામ કરે છે. ક્લિનિકલ સંશોધનો પણ સાબિત કરે છે કે આવી સહકારી રમતો બાળકોમાં સામાજિક ક્રિયાપ્રતિક્રિયા વધારવામાં સીધી મદદરૂપ બને છે.

**૪. જ્ઞાનાત્મક વિકાસ :**

પીડિયાટ્રિક અને પ્લે થૅરપીમાં બાળકના જ્ઞાનાત્મક (cognitive) અને બુદ્ધિ વિકાસ માટે પઝલ્સ, બિલ્ડિંગ બ્લૉક્સ અને શેપ સોર્ટિંગ જેવાં રમકડાં ખૂબ જ શક્તિશાળી ઉપચારાત્મક સાધનો સાબિત થાય છે. પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક જિન પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંત મુજબ, રમત એ બાળકની વિચારશક્તિ અને માનસિક ક્ષમતાના વિકાસમાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. થૅરપી દરમિયાન જ્યારે બાળકો આ ક્લિનિકલ રમકડાં સાથે પ્રવૃત્તિ કરે છે, ત્યારે તેમની સમસ્યા ઉકેલવાની ક્ષમતા ખૂબ જ ઝડપથી વધે છે, કારણ કે તેઓ બ્લૉક્સ ગોઠવવામાં કે પઝલના ટુકડા જોડવામાં પોતાની તાર્કિક બુદ્ધિનો ઉપયોગ કરે છે. આ રમતો રમતી વખતે બાળક એકાગ્ર થતાં શીખે છે, જેનાથી તેનો અટેન્શન સ્પાન (એક ચિત્તે ધ્યાન આપવાનો સમય સુધરે છે, જે ખાસ કરીને એડીએચડી અને લર્નિંગ ડિસેબિલિટી ધરાવતાં બાળકો માટે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત, આકારો, રંગો અને પેટર્નને યાદ રાખવાની પ્રક્રિયાથી બાળકની યાદશક્તિ મજબૂત બને છે. જુદા જુદા બ્લૉક્સમાંથી નવી નવી આકૃતિઓ અને સ્ટ્રક્ચર બનાવવાથી બાળકની સર્જનાત્મકતા (Creativity) અને કલ્પનાશક્તિ ખીલે છે. થૅરાપિસ્ટ આ રમકડાંનો ઉપયોગ બાળકના મગજની બંને બાજુઓને સક્રિય કરવા અને તેમનામાં 'ટ્રાયલ એન્ડ એરર' (ભૂલમાંથી શીખવાની વૃત્તિ) વિકસાવવા માટે કરે છે.

**સંશોધન આધારિત તારણો :**

પ્લે થૅરપી અને પીડિયાટ્રિક થૅરપીના વ્યાપક ક્લિનિકલ સંદર્ભમાં, સંશોધન આધારિત તારણો દર્શાવે છે કે રમત આધારિત સારવાર બાળકના વર્તન અને લાગણીઓમાં ક્રાંતિકારી અને સકારાત્મક ફેરફાર લાવી શકે છે. વિશ્વભરનાં અનેક મનોવૈજ્ઞાનિક સંશોધનો સાબિત કરે છે કે પ્લે થૅરપી દ્વારા બાળકોમાં ચિંતાના સ્તરમાં નોંધપાત્ર ઘટાડો થાય છે અને તેમનું આક્રમક વર્તન ઘટે છે. આ પદ્ધતિ બાળકની વાતચીતની કળા અને સંવાદ કૌશલ્યને વધુ પ્રભાવશાળી બનાવે છે. ખાસ કરીને વિકાસલક્ષી પડકારો ધરાવતાં બાળકો માટે આ થૅરપી

આશીર્વાદરૂપ સાબિત થઈ છે; જેમ કે, ઓટિઝમ ધરાવતાં બાળકોમાં સામાજિક પ્રતિભાવ વધે છે અને એડીએચડી ધરાવતાં બાળકોમાં એકાગ્રતાનો સમયગાળો ઘણો સુધરે છે. આ ઉપરાંત, તે બાળકના આવેગ નિયંત્રણને મજબૂત બનાવી તેને પોતાની લાગણીઓ પર કાબૂ રાખતાં શીખવે છે. જે બાળકો કોઈ ગંભીર ભાવનાત્મક આઘાતમાંથી પસાર થયા હોય, તેમના માટે સાંકેતિક રમત અત્યંત અસરકારક સાબિત થઈ છે, કારણ કે તે બાળકને પોતાના ડર અને આઘાતને મુક્તપણે વ્યક્ત કરવાની સુરક્ષિત તક આપે છે. વૈશ્વિક સંસ્થા ઍસોસિયેશન ફોર પ્લે થૅરપીના જણાવ્યા અનુસાર, રમત આધારિત ઉપચાર એ બાળકો માટે સૌથી સ્વાભાવિક, સહજ અને વૈજ્ઞાનિક ઉપચાર પદ્ધતિઓમાંની એક છે, જે બાળકના માનસિક સ્વાસ્થ્યના પુનર્વસન માટે અનિવાર્ય છે.

**શિક્ષક અને માતા-પિતાની ભૂમિકા :**

બાળકના વિકાસમાં માતા-પિતા અને શિક્ષક બંનેની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. બાળકને દબાણ વગર રમવાની સ્વતંત્રતા આપવી જોઈએ. તેમણે બાળકને સુરક્ષિત વાતાવરણ આપવું જોઈએ, age-appropriate toys પસંદ કરવાં જોઈએ, જોઈએ, બાળકની લાગણીઓ સમજવાનો પ્રયાસ કરવા જોઈએ, રમત દરમિયાન બાળકનું નિરીક્ષણ કરવું જોઈએ. સંશોધન દર્શાવે છે કે parental involvement ધરાવતાં બાળકોમાં Play Therapyનાં પરિણામો વધુ સારા જોવાં મળે છે.

**રમકડાંના ઉપયોગ સંદર્ભે રાખવાની સાવચેતીઓ :**

રમકડાંનો ઉપયોગ કરતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે.

- દરેક રમકડું દરેક બાળક માટે યોગ્ય નથી.
- ઉંમર અનુસાર રમકડાં પસંદ કરવાં જોઈએ.
- થૅરાપિસ્ટના માર્ગદર્શન હેઠળ ઉપયોગ કરવો જોઈએ.
- હિંસાત્મક રમકડાં ટાળવાં જોઈએ.
- અતિશય સ્ક્રીન આધારિત રમતોનો ઉપયોગ ઘટાડવો જોઈએ.

American Academy of Pediatrics અનુસાર વધુ સ્ક્રીન આધારિત રમતો બાળકના ભાષા અને સામાજિક વિકાસ પર નકારાત્મક અસર કરી શકે છે.

પીડિયાટ્રિક થૅરપી અને પ્લે થૅરપીમાં રમકડાંનું વિશેષ મહત્ત્વ છે. રમકડાં બાળક માટે માત્ર મનોરંજનનું સાધન નથી પરંતુ તે બાળકની આંતરિક દુનિયાને સમજવાનો, લાગણીઓ વ્યક્ત કરવાનો, સમસ્યાઓ સમજવાનો અને તનો વિકાસ કરવાનો અસરકારક માર્ગ છે. રમકડાંને પકડવા, ગોઠવવા અને ઉપયોગમાં લેવા દરમિયાન હાથ-આંખના સંકલન તથા સૂક્ષ્મ ગતિ કૌશલ્યો (Fine Motor Skills) પણ મજબૂત બને છે. તેથી આવાં રમકડાં બાળકોના બૌદ્ધિક, સામાજિક, ભાવનાત્મક અને શારીરિક વિકાસ માટે અસરકારક સાધન તરીકે કાર્ય કરે છે.

બાળક જે રીતે રમે છે તે તેના વિચારો, લાગણીઓ અને અનુભવો વિશે માહિતી આપે છે. સંશોધન આધારિત તારણો દર્શાવે છે કે યોગ્ય રમકડાં અને યોગ્ય માર્ગદર્શન દ્વારા બાળકના માનસિક, સામાજિક, ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસમાં નોંધપાત્ર સુધારો લાવી શકાય છે. થૅરપી બાળકોને વિવિધ પરિસ્થિતિઓને સમજવા, જીવન-કૌશલ્યો વિકસાવવા અને સર્જનાત્મક રીતે વિચારવાની તક આપે છે, જેના પરિણામે પ્રારંભિક બાળવિકાસ વધુ અસરકારક અને સમૃદ્ધ બને છે. તેથી આજના સમયમાં રમકડાંને બાળ ઉપચાર અને શિક્ષણનો મહત્ત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. આથી કહી શકાય કે થૅરપીમાં રમકડાં બાળકના સર્વાંગી વિકાસ માટે શક્તિશાળી ઉપચારાત્મક સાધન તરીકે કાર્ય કરે છે.

# બાળઉછેરમાં રમકડાં : વિભાવના, પ્રક્રિયા અને મહત્ત્વ



- હસમુખ બોરાણિયા
વ્હાઈટ પેલિકન, દહેગામ સર્કલ પાસે,
સરદાર પટેલ રિંગ રોડ, અમદાવાદ
મો. ૯૯૭૯૨૩૭૨૫૯

આજે રમકડાંનો ડિજિટલ યુગમાં પ્રવેશ થઈ ચૂક્યો છે. રમકડાંની બનાવટ માટીથી લઈને પ્લાસ્ટિક સુધી પહોંચી. હાથથી બનાવવામાં આવતાં રમકડાં હવે કારખાનામાં બનવા લાગ્યાં છે, પાવરથી ચાલતાં રમકડાં આવ્યાં. ઇલેક્ટ્રિક ચાર્જિંગથી ચાલતાં રમકડાં આવ્યાં. અત્યારે રિમોટ કંટ્રોલ રમકડાં પણ મળે છે. રમકડાંનું ડ્રોન એ અતિ આધુનિક ઉદાહરણ છે. રોબોટિક રમકડાંમાં માઇક્રોચિપ્સ, એલઇડી લાઇટ્સ, લિથિયમ આયન બૅટરી વગેરેનો ઉપયોગ થાય છે. રમકડાંમાં બ્લૂટૂથ કનેક્ટિવિટી પણ મળે છે.

પુરાતત્ત્વીય ખોદકામમાંથી, સિંધુખીણની સંસ્કૃતિના સમયમાં બાળકો કેવાં રમકડાંથી રમતાં તે વિશે જાણવા મળ્યું છે. રમકડાંનો વિશાળ ભંડાર મળી આવ્યો છે. જેમાં હાથી, બળદ, વાંદરાં, પક્ષીઓની આકૃતિઓ મળી આવી છે. ઉપરાંત બળદગાડાં વગેરે માટી કે લાકડાંની વસ્તુઓ મળી આવી છે. આ રમકડાં એ સમયની તેમની કારીગીરી અને કલ્પનાશક્તિનો અહેસાસ કરાવે છે.

પુષ્ટિ સંપ્રદાયમાં હવેલીમાં વૈષ્ણવો શ્રીબાલકૃષ્ણની સેવા કરે છે. શ્રીબાલકૃષ્ણને પોપટ, હાથી, ચકરડી, ઘૂઘરા વગેરે રમકડાંથી રમાડવાનો વાત્સલ્ય ભાવ ધરે છે. જે રમકડાં લાકડાં, ચાંદી કે મોતીથી બનાવેલાં હોય છે.

કવિ શ્રી મકરંદ દવેએ 'કરો રમકડાં કૂચ કદમ...' કાવ્ય લખ્યું છે. તો, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ શિવાજીના હાલરડામાં પણ રમકડાંનો ઉલ્લેખ કર્યો છેઃ 'ઘૂઘરા, ધાવણી, પોપટ, લાકડી ફેરવી લેજો આજ...'

રમકડાંનું મહત્ત્વ શું? બાળક રમકડે રમે તો બાળકની કલ્પનાશક્તિ વિકસે, એકાગ્રતા વધે, સ્પર્શ, દૃષ્ટિ અને શ્રવણ શક્તિ ખીલે. આપણે જોઈએ છીએ કે બાળકના ઘોડિયે રમકડાં લટકાડવામાં આવે છે. મમ્મી, દાદીમા હાલરડું ગાય છે :

**'રૂડું ને રંગીલું રે... વીરા તારું પારણું રે લોલ,**
**પારણિયે કાંઈ હંસ, પોપટ ને મોર...'**

પારણિયે પોઢેલું બાળક આ રમકડાં જુએ છે એનાંથી બાળકની એકાગ્રતા વધે છે. કુતૂહલવૃત્તિ વિકસે છે.

સૌ પ્રથમ સ્વદેશી રમકડાંની વાત કરીએ.

માટીનાં રમકડાં બનાવવામાં આવતાં. બાળકને માતાપિતા, દાદા -દાદી કે ભાઈ- બહેન મદદ કરતાં. માટી લઈ, માટી સાફ કરીને તેમાં પાણી ભેળવીને ગારો બનાવી, રમકડાં બનાવતાં. આ રમકડાંમાં રસોઈનાં સાધનો, જેવાં કે ચૂલો, તાવડી, સાણચી, ચીપિયો, તપેલી, પ્યાલા વગેરે બનાવતાં, ખેતીનાં ઓજારો, પ્રાણીઓ, પક્ષીઓ પણ બનાવતાં. આજે પણ પ્રાથમિક શાળાઓમાં માટીકલા દ્વારા હસ્તકલાની તાલીમ મળે છે. સ્થાનિક કારીગરો કુંભાર, પ્રજાપતિ માટીનાં રમકડાં બનાવતા. માટીનાં વાસણો સાથે રમકડાં નીંભાડે પકવતા. આ રીતે ગ્રામ્ય કારીગરોનો પરિચય થતો. અત્યારે રમકડાં માટે તૈયાર કલે મળે છે. જે રંગબેરંગી હોય છે. માટી પછી ચિનાઈ માટીનાં રમકડાં આવ્યાં. કાળક્રમે કાચનાં રમકડાં પણ આવ્યાં પણ, એ રમકડાં શો કેસની શોભા બની રહ્યાં. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં જોવા મળતાં આ રમકડાં બાળકોને રમવા આપવા માટે જોખમી સાબિત થાય છે.

**માલોખાંનાં રમકડાં :** મલોખાં એટલે જુવારબાજરીનું રાડું કે સાંઠો, તેની અંદરનો નરમ ભાગ. આ મલોખાંનાં રમકડાં બને. મલોખાં જોડીને વિવિધ

આકારો, ચગડોળ વગેરે બને. મલોખાં જોડવા માટે દેશી બાવળની શૂળનો ઉપયોગ કરવામાં આવે છે. ક્યારેક બકરાની લીંડી, બાવળની શૂળમાં લગાવીને ચગડોળ બનાવવામાં આવે છે. ટૂંકમાં, સંપૂર્ણ સ્વદેશી, હાથવગાં સાધનો!

બાળકોને ઢીંગલીઓ ખૂબ ગમે છે. ઢીંગલીઓ સાથે રમે છે, આત્મીયતા બંધાય છે. એટલે તો આપણા કવિઓએ ઢીંગલીઓને લાડ લડાવતી કેટલી કવિતાઓ લખી છે! કપડાંના રમકડાંમાં મોતી ટાંકીને મોતીનાં રમકડાં પણ બને છે.

**લાકડાંનાં રમકડાં :** ખાસ કરીને ખેતીનાં ઓજારો, પક્ષીઓ, પશુઓના આકારો, વાહનો બનાવવામાં આવે છે. સુથારીકામ કરતા કારીગરો આવાં રમકડાં બનાવી આપતા હોય છે.

સૌરાષ્ટ્રનું મહુવા લાકડાનાં રમકડાં ઉદ્યોગમાં (સંઘેડા કલા) અનોખું સ્થાન ધરાવે છે. જ્યાં ભાતભાતનાં રમકડાં મળે છે. હસ્તકલાનો ખજાનો છે. ઈડરમાં પણ લાકડાનાં રમકડાં મળે છે. ધીમે ધીમે કાગળનો ઉપયોગ વધ્યો. કાગળનાં રમકડાં બનાવવા લાગ્યાં. રદ્દી કાગળમાંથી હોડી, વિમાન, પક્ષીઓ, પશુઓના આકારો બનાવવામાં આવે છે. કાગળનો માવો બનાવીને કાગળનાં રમકડાં બને છે.

વાડી ખેતરમાં પહેલાં શારડા વડે પાણી માટે દાર કરવામાં આવતા ત્યારે તેમાંથી પથ્થરનાં ગોળ આકાર નીકળતા. આ પથ્થરને તાર બાંધીને ગાડી બનાવી ફેરવતા. આ તમામ પ્રકારનાં રમકડાં જે કુદરતમાંથી મળતી વસ્તુઓમાંથી બનાવવામાં આવે છે, જે કુદરત પ્રત્યે, કુદરત સાથે જોડાણ ધરાવે છે. પર્યાવરણને નુકસાનકર્તા નથી. આ બધાં રમકડાં પૃથ્વી તત્વ, વનસ્પતિ તત્ત્વ, જળ તત્ત્વો સાથે જોડાયેલાં હોય છે.

બાળકોનાં રમકડાં આપણને ઘણી વખત સામાન્ય લાગે છે. પણ, બાળકોને મન એ અમૂલ્ય ખજાનો હોય છે. જેમાં દીવાસળીનાં (બાકસના) ખોખાં, મોરનું પીછું, રંગીન ચોકના ટુકડા, બૅટરીના પાવર હોય છે. ત્યારબાદ પ્લાસ્ટિક અને રબ્બરનાં સાધનોનો ઉપયોગ વધ્યો. સાઈકલની શોધ પછી નકામાં ટાયરનો રમકડાં તરીકે ઉપયોગ કરીને બાળકો રમતનો આનંદ લેતાં થયાં. આ ટાયર એક લાકડી વડે ફેરવીને બાળકો રમે છે.

વાહનોની શોધ અને ક્રાંતિ બાદ વાહનોએ રમકડાંમાં સ્થાન લીધું. પ્લાસ્ટિકનાં રમકડાં વધ્યાં, જે કારખાનામાં બનવા લાગ્યાં. વિધવિધ અવાજ  કરતાં રમકડાં, ચાવીથી ચાલતાં રમકડાં બાળકોને ગમવા લાગ્યાં. આ રમકડાં બાળકો માટે નુકસાનકર્તા બન્યાં. તેનું નબળું પ્લાસ્ટિક અને રંગ, જે રમતી વખતે મોઢામાં જાય તો હાનિકારક પરિણામો મળે છે.

બાળ કેળવણીકાર ગિજુભાઈ બધેકાએ રમકડાં વિશે લખ્યું છે : ‘રમકડાં એ માત્ર બાળકના મનોરંજનનું સાધન નથી પણ, તેના શિક્ષણનું ઉત્તમ માધ્યમ છે.’ તેઓ માનતા કે, મોંઘાં અને રેડીમેડ રમકડાં કરતાં સાદાં, જાતે બનાવી શકાય તેવાં અને બુદ્ધિશાળી રમકડાં બાળકોના સર્જનાત્મક વિકાસમાં વધુ મદદરૂપ થાય છે. રમકડાં દ્વારા કંટાળા વગર શિક્ષણ સરળ બને છે.

તો ‘વેડછીનો વડલો’ જુગતરામ દવેએ રમકડાં વિશે આ મુજબ વિચારો આપ્યા હતા : ‘મોંઘાં અને પ્લાસ્ટિકનાં રમકડાં કરતાં સ્થાનિક ચીજવસ્તુઓમાંથી બનતાં રમકડાં વધુ સારાં. જાતે રમકડાં બનાવવાની પ્રવૃત્તિ દ્વારા શીખવવું, આ રીતે બાળકો વધુ ઝડપથી શીખે છે.’

આમ, બાળકોમાં રમકડાં દ્વારા સ્વનિર્ભરતા, સહકાર્ય, સંસ્કાર સિંચન વગેરે સદ્‌ગુણો રોપી શકાય છે. કૌશલ્યો વિકસે છે. યાદ રહે, જે ઘરમાં બાળકની કાલીઘેલી ભાષામાં સંભળાતું હોય : ‘માલા લમકલાં કાં છે?’ (મારાં રમકડાં ક્યાં છે?) તે ઘર દર્શન કરવા યોગ્ય છે.

# AR અને VR આધારિત સ્માર્ટ રમકડાંના ફાયદા અને નુકસાન



- મહેન્દ્રકુમાર આર. ચૌધરી
મદદનીશ શિક્ષક- ૩૯૦/૨, સે.-૫/એ,
ગાંધીનગર. મો. ૯૬૦૧૨૮૩૮૪૬

આધુનિક યુગમાં ટૅક્નોલૉજીએ માનવજીવનના દરેક ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી છે. શિક્ષણ, મનોરંજન, આરોગ્ય, ઉદ્યોગ અને સંચાર પછી હવે બાળજગત પણ ડિજિટલ ટૅક્નોલૉજીથી પ્રભાવિત બન્યું છે. પરંપરાગત રમકડાંની જગ્યાએ આજે સ્માર્ટ રમકડાં (Smart Toys) અને ઓગમેન્ટેડ રિયાલિટી (Augmented Reality – AR) તથા વર્ચ્યુઅલ રિયાલિટી (Virtual Reality – VR) આધારિત રમકડાં બાળકોમાં ખૂબ લોકપ્રિય બની રહ્યાં છે. આ રમકડાં માત્ર મનોરંજન પૂરતાં મર્યાદિત નથી, પરંતુ બાળકોના જ્ઞાન, કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો પણ વિકાસ કરે છે.

પરંતુ દરેક ટૅક્નોલૉજીની જેમ તેના લાભો સાથે કેટલીક ગંભીર મર્યાદાઓ અને જોખમો પણ જોડાયેલા છે. તેથી AR/VR આધારિત સ્માર્ટ રમકડાંનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો અત્યંત આવશ્યક છે.

**AR અને VR શું છે?**

ઓગમેન્ટેડ રિયાલિટી (AR) એવી ટૅક્નોલૉજી છે જેમાં વાસ્તવિક દુનિયા પર ડિજિટલ માહિતી, ચિત્રો અથવા એનિમેશન ઉમેરવામાં આવે છે. બાળક મોબાઈલ અથવા ટૅબ્લેટ દ્વારા કોઈ વસ્તુને જુએ ત્યારે તેમાં જીવંત ચિત્રો, 3D મોડેલ અથવા માહિતી દેખાય છે.

વર્ચ્યુઅલ રિયાલિટી (VR) સંપૂર્ણપણે એક કૃત્રિમ ડિજિટલ દુનિયા સર્જે છે. VR હેડસેટ પહેરીને બાળક પોતે જ તે દુનિયાનો ભાગ બની જાય છે અને જાણે વાસ્તવિક અનુભવ કરી રહ્યો હોય તેવી અનુભૂતિ થાય છે.

**સ્માર્ટ રમકડાં શું છે?**

સ્માર્ટ રમકડાં એવાં આધુનિક રમકડાં છે જેમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સેન્સર, ઈન્ટરનેટ, વૉઈસ રેકોગ્નિશન, AR, VR અને અન્ય ડિજિટલ ટૅક્નોલૉજીનો ઉપયોગ થાય છે. આ રમકડાં બાળક સાથે વાતચીત કરી શકે છે, પ્રશ્નોના જવાબ આપી શકે છે, નવી માહિતી શીખવી શકે છે અને બાળકની પ્રગતિ અનુસાર પોતાનું વર્તન પણ બદલી શકે છે.

**AR/VR આધારિત સ્માર્ટ રમકડાંના ફાયદા :**

૦૧. **શીખવાનું રસપ્રદ અને જીવંત બનાવે છે :** AR/VR ટૅક્નોલૉજી દ્વારા શિક્ષણ અત્યંત રસપ્રદ બને છે. બાળક માત્ર પુસ્તકમાં વાંચતું નથી પરંતુ વસ્તુઓને જીવંત રીતે અનુભવે છે. ઉદાહરણ તરીકે, સૂર્યમંડળ, ડાયનાસોર, માનવ શરીર અથવા પ્રાચીન ઈતિહાસને 3D સ્વરૂપમાં જોઈ શકે છે.

૦૨. **કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા વધે છે :** આવાં રમકડાં બાળકોને નવી દુનિયા રચવા, ડિઝાઈન બનાવવા અને વિવિધ પરિસ્થિતિઓમાં વિચારવાની તક આપે છે. પરિણામે તેમની સર્જનાત્મકતા અને નવીન વિચારશક્તિનો વિકાસ થાય છે.

૦૩. **સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસે છે :** ઘણા સ્માર્ટ રમકડાંમાં પઝલ, લોજિકલ ગેઈમ્સ અને પડકારો હોય છે. બાળક વિચાર કરીને યોગ્ય નિર્ણય લેવાનું શીખે છે, જેના કારણે તેની વિશ્લેષણાત્મક વિચારશક્તિ મજબૂત બને છે.

૦૪. **વ્યક્તિગત શિક્ષણ :** AI આધારિત સ્માર્ટ રમકડાં બાળકની શીખવાની ગતિ અને રસ અનુસાર પ્રવૃત્તિઓ રજૂ કરે છે. જે વિષયમાં બાળક નબળું હોય ત્યાં વધુ અભ્યાસ કરાવે છે અને વ્યક્તિગત માર્ગદર્શન આપે છે.

**૦૫. ભાષા-વિકાસ :** ઘણાં સ્માર્ટ રમકડાં વિવિધ ભાષાઓમાં વાતચીત કરે છે. બાળક નવી ભાષા, ઉચ્ચારણ અને શબ્દભંડોળ સરળતાથી શીખી શકે છે.

**૦૬. વૈજ્ઞાનિક અભિગમ વિકસે છે :** વિજ્ઞાનના પ્રયોગો, અવકાશયાત્રા, પ્રાણીજગત અને ટૅક્નોલૉજી જેવા વિષયો બાળકો માટે જીવંત બની જાય છે. તેથી વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા અને સંશોધનવૃત્તિ વિકસે છે.

**૦૭. આત્મવિશ્વાસમાં વધારો :** બાળક પોતાની ગતિએ શીખે છે. યોગ્ય જવાબ આપતાં પ્રોત્સાહન મળે છે અને ભૂલોમાંથી શીખવાની તક મળે છે, જે આત્મવિશ્વાસ વધારવામાં મદદરૂપ બને છે.

**૦૮. વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકો માટે ઉપયોગી :** કેટલાંક AR/VR સાધનો ઓટિઝમ, સાંભળવામાં અથવા શીખવામાં મુશ્કેલી ધરાવતાં બાળકો માટે ખૂબ ઉપયોગી સાબિત થયા છે. તેઓ દૃશ્ય અને ક્રિયાત્મક શિક્ષણ દ્વારા વધુ સારી રીતે શીખી શકે છે.

**AR/VR આધારિત સ્માર્ટ રમકડાંથી થતું નુકસાન :**

**૦૧. સ્ક્રીન સમય વધે છે :** આવાં રમકડાંના વધુ પડતા ઉપયોગથી બાળકો લાંબા સમય સુધી સ્ક્રીન સામે રહે છે, જે આંખો, મગજ અને શારીરિક વિકાસ માટે હાનિકારક બની શકે છે.

**૦૨. શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો :** બાળકો મેદાનમાં રમવા કરતાં ડિજિટલ રમકડાંમાં વધુ સમય વિતાવે છે. પરિણામે કસરત ઓછી થાય છે અને સ્થૂળતા જેવી સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

**૦૩. સામાજિક વિકાસ પર અસર** : સ્માર્ટ રમકડાં સાથે વધુ સમય પસાર કરનાર બાળકો મિત્રો અને પરિવાર સાથેનો સંપર્ક ઓછો કરે છે. પરિણામે સંવાદકૌશલ્ય અને સામાજિક સંબંધો પર અસર પડે છે.

**૦૪. વ્યસનનું જોખમ :** AR/VR ગેઈમ્સ ખૂબ આકર્ષક હોવાથી બાળકો તેમાં વ્યસની બની શકે છે. પરિણામે અભ્યાસ, ઊંઘ અને દૈનિક જીવનમાં અવ્યવસ્થા સર્જાઈ શકે છે.

**૦૫. ગોપનીયતા અને ડેટા સુરક્ષા :** ઘણાં સ્માર્ટ રમકડાં બાળકોનો અવાજ, ફોટો અથવા વ્યક્તિગત માહિતી એકત્રિત કરે છે. જો સુરક્ષા ન હોય તો માહિતીનો દુરુપયોગ થવાની શક્યતા રહે છે.

**૦૬. ખર્ચાળ ટૅક્નોલૉજી :** AR/VR આધારિત રમકડાં સામાન્ય રમકડાં કરતાં ઘણાં મોંઘાં હોય છે. દરેક પરિવાર માટે તેને ખરીદવું શક્ય બનતું નથી.

**૦૭. આંખો અને માનસિક સ્વાસ્થ્ય પર અસર :** લાંબા સમય સુધી VR હેડસેટ પહેરવાથી આંખોમાં થાક, માથાનો દુખાવો, ચક્કર અને માનસિક અસ્વસ્થતા અનુભવાઈ શકે છે.

**૦૮. કલ્પના કરતાં તૈયાર અનુભવ :** પરંપરાગત રમકડાંમાં બાળક પોતાની કલ્પના દ્વારા રમતો બનાવે છે, જ્યારે ડિજિટલ રમકડાંમાં મોટા ભાગે તૈયાર અનુભવ આપવામાં આવે છે. તેથી સ્વતંત્ર કલ્પનાશક્તિ પર અસર થઈ શકે છે.

**શિક્ષકો અને વાલીઓની જવાબદારી :**

AR/VR આધારિત સ્માર્ટ રમકડાંનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવો યોગ્ય નથી, પરંતુ તેનો સંતુલિત અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. બાળકના સ્ક્રીન સમય પર મર્યાદા રાખવી. ઉંમરને અનુરૂપ અને શૈક્ષણિક રમકડાં પસંદ કરવાં. રમકડાંનો ઉપયોગ વાલીઓ અથવા શિક્ષકોની દેખરેખ હેઠળ કરાવવો. બાળકોને બહાર રમવા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે પણ પ્રોત્સાહિત કરવાં. ડિજિટલ સુરક્ષા અને ગોપનીયતા વિશે જાગૃતિ લાવવી.

# અયોગ્ય રમકડાં અને તેની નકારાત્મક અસરો



- અખિલકુમાર આર. દવે
ભાષાશિક્ષક, શ્રી સણોસરા પ્રાથમિક શાળા
મુ. સણોસરા, તા. જિ. અમરેલી
મો. ૯૯૭૪૯ ૨૨૩૭૩

રમકડાં બાળકના વિકાસ સાથે જોડાયેલ મહત્ત્વની બાબત છે. બાળપણ ખૂબ નિર્દોષ અને સહજતાથી ભરેલું હોય છે. માતા બાદ બાળક સૌથી પહેલાં વિવિધ રમકડાંના સંપર્કમાં આવે છે. રમકડાં દ્વારા વિવિધ સંવેદનો ઝીલીને બાળક મોટું થાય છે એટલે રમકડાંની પસંદગીમાં કાળજી રાખવી ખૂબ જરૂરી છે. જો બાળકના હાથમાં અયોગ્ય અને હિંસક રમકડાં આવે તો તે રમકડાં બાળકોના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ પર નકારાત્મક અસર ઊભી કરે છે.

અહીં રમકડાંની નકારાત્મક અસર તપાસતાં પહેલાં આપણે સમજી લેવું પડશે કે અયોગ્ય અને નકારાત્મક રમકડાં કોને કહેવાય? રમકડાંની સીધી સરળ વ્યાખ્યા આપવી હોય તો આપી શકાય કે, "બાળક જેનાથી રમે છે એ તેના માટે રમકડું છે." જે રમકડાં બાળકમાં ક્રોધ, હિંસા, નફરત, જુગુપ્સા, ડર વગેરે જેવા આવેગો જન્માવે, હિંસક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડે કે અન્યને શારીરિક ઈજા કરવા માટે પ્રેરે એવા પ્રકારનાં રમકડાંને અયોગ્ય રમકડાં કહી શકાય.

ઉદાહરણ તરીકે બંદૂક, તલવાર જેવાં હથિયારો, રડવાનો કે ચીસો પાડવાનો અવાજ કરતાં ઇલેક્ટ્રોનિક્સ ઢીંગલા- ઢીંગલીઓ, ડરામણા દેખાવ અને આકારવાળા ટેડી, મારધાડવાળી વીડિયો કે મોબાઇલ ગેઇમ્સ વગેરે બાળકના મનોશારીરિક વિકાસ પર ગંભીર અસર કરે છે.

હવે આવાં અયોગ્ય રમકડાં કેવી નકારાત્મક અસર જન્માવે છે? એ વિગતવાર સમજીએ.

**૧. આક્રમક વર્તનમાં વધારો :**

આજે દુનિયાભરનાં બાળકોમાં વધતી જતી આક્રમકતા એ મનોવિજ્ઞાનિકો અને શિક્ષણશાસ્ત્રીઓ માટે ચિંતાનો વિષય છે. સાવ નાની વાતમાં બાળકો અને તરુણો પોતાના સહાધ્યાયી કે અન્ય વ્યક્તિઓ પર ગંભીર હુમલા કરી બેસે છે. આની પાછળનું કારણ હિંસક રમકડાં જ છે. હથિયારો સાથે સતત રમવાથી નાનાં બાળકોમાં મારપીટ, ગુસ્સો અને આક્રમકતા વધવાની શક્યતા રહે છે. તે શીખે છે અથવા માની લે છે કે, આનાથી કોઈ પણને મારી શકાય. ઘણીવાર રમત રમતમાં બાળક બીજા બાળકને આવાં રમકડાંનાં હથિયારોથી ગંભીર ઈજા પહોંચાડે છે. ક્યારેક અન્ય બાળક કે પુખ્ત વ્યક્તિના જીવ ગયાના સમાચારો પણ આવતા રહે છે. આવાં રમકડાંના સંસર્ગમાં બાળક ન આવે તે જરૂરી છે.

**૨. હિંસાને સામાન્ય માનવાની વૃત્તિ :**

આજે બજારમાં અને ઑનલાઇન અનેક વિચિત્ર પ્રકારના રમકડાં ઉપલબ્ધ છે. રડવાનો અવાજ કરતાં અને ચીસો પાડતાં અનેક ઇલેક્ટ્રોનિક રમકડાંઓ પણ મળે છે. આના કારણે બાળકો અન્યને કષ્ટ આપવાની પ્રવૃત્તિઓને સામાન્ય ગણી તેને રમતનો ભાગ માની બેસે છે, જેના કારણે તેઓ અન્ય બાળકોની લાગણીઓ પ્રત્યે અસંવેદનશીલ બનતા જાય છે. આ પ્રકારનાં રમકડાં પીડામાંથી વિકૃત આનંદ લેવાની અમાનવીય વૃતિ જન્માવે છે. જો બાળક અન્યની સતામણીને સહજ ગણતો થઈ જાય તો તે આગળ જતાં, સમાજમાં અનેક ગંભીર ગુનાઓનું કારણ બને છે.

**૩. સર્જનાત્મકતામાં ઘટાડો :**

અયોગ્ય રમકડાં બાળકોની કલ્પનાશક્તિ અને સર્જનાત્મક વિચારશક્તિને વિકસિત કરવાને બદલે તેને કુંઠિત કરી નાખે છે. જેના કારણે તેમના બૌદ્ધિક વિકાસ પર અસર થઈ શકે છે.

બાળક વધુ પડતું ભાંગફોડિયું અને વિધ્વંસક ક્રિયાઓ તરફ અભિમુખ બનતું જાય છે. ઉદાહરણ તરીકે ઘણીવાર બાળક પાસે કોઈ સુંદર, પ્રાણીના બચ્ચાનું રમકડું હોય અને તે તેનો કાન ખેંચતું હોય, રુવાંટી તોડતું હોય કે પછાડીને હસતું હોય તો ઘણીવાર માતાપિતા કે અન્ય મોટેરાં પણ તેની આ પ્રવૃત્તિને હસી કાઢે છે પરંતુ આ સમયે આપણને એ ખ્યાલ નથી હોતો કે આપણે જાણે અજાણે બાળકની ક્રૂરતાને પ્રોત્સાહન આપીએ છીએ. આવું કરતાં બાળકને અટકાવવું જોઈએ. આજે જે એણે રમકડા સાથે કર્યું તે કાલે કોઈ સજીવ સાથે પણ કરી શકે છે.

**૪. ભય અને ચિંતા :**

કેટલાક ડરામણા અથવા વિચિત્ર ભયાનક આકાર કે દેખાવ ધરાવતા રમકડાં નાના બાળકોમાં ભય, ચિંતા અને અસુરક્ષાની લાગણી પેદા કરી શકે છે. તેઓ કેટલાક અજ્ઞાત ભય અને માનસિક વિકૃતિઓનો ભોગ બની શકે છે. આ તકલીફ આગળ વધતાં, મનોવિકાર (schizophrenia)માં પણ પરિવર્તિત થઈ શકે છે.

**૫. સામાજિક સંબંધોમાં અવરોધ :**

હિંસક રમકડાંના સંસર્ગથી બાળકોમાં સહકાર, સહિષ્ણુતા અને મિત્રતાના ગુણોનો વિકાસ અવરોધાય છે. બંધુત્વ અને સમાનતાની ભાવના નાશ પામે છે. માનવીય મૂલ્યોનો હ્રાસ થાય છે. સ્નેહ અને કરુણા એ માનવજીવનની શોભા છે. આ પ્રકારનાં રમકડાં એ શોભાનો સત્યાનાશ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**૬. ઈજા અને અકસ્માતનો ભય :**

અયોગ્ય ગુણવત્તાવાળાં અથવા જોખમી રમકડાંથી ઈજા થવાનો કે ગળામાં ફસાઈ જવાનો ભય રહે છે અથવા અન્ય અકસ્માતો થઈ શકે છે. ઘણાં રમકડાં બાળકો મોઢામાં નાખે તો તેનાં મટીરિયલ અને કલર તેમને નુકસાન કરી શકે છે. આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે રમકડાંની બૅટરી ફાટવાથી બાળક દાઝી ગયું. આવાં જોખમી રમકડાં પણ અયોગ્ય રમકડાંની શ્રેણીમાં જ આવશે. આથી માતાપિતા અથવા વાલીઓએ ઇલેક્ટ્રોનિક રમકડાંની પસંદગી વખતે ખાસ સાવચેત રહેવું જોઈએ.

**આપણે શું કરી શકીએ :**

- બાળકોની ઉંમર અનુસાર સુરક્ષિત અને શૈક્ષણિક રમકડાં પસંદ કરીએ.
- સર્જનાત્મકતા, સમસ્યા-નિવારણ અને સહકારની ભાવના વધારતાં રમકડાંને પ્રાધાન્ય આપીએ.
- બાળકોની રમતગમત પર યોગ્ય દેખરેખ રાખીએ.
- હિંસા કરતાં હૂંફ, પરપીડન કરતાં પ્રેમ અને સતામણી કરતા સહાનુભૂતિનાં મૂલ્યો જ શાશ્વત અને સુખદ છે એ સમજાવી, આવાં કાર્યો માટે પ્રોત્સાહન આપીએ.

આમ, બાળકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય અને નિર્દોષ રમકડાંની પસંદગી અત્યંત જરૂરી અને મહત્ત્વપૂર્ણ બાબત છે.

---

**પથ્ય**

- અગ્નિ પર રાંધ્યા વિનાના બધા પ્રકારના પ્રકૃત્તિદત્ત ખાદ્યપદાર્થ, અન્ન, શાકભાજી, કંદમૂળ, ફળ અને સૂકો મેવો, કાચા આહાર અમૃતાન્તની શ્રેણીમાં આવે છે.
- આપણું ભોજન જેટલું વધારે પ્રાકૃતિક, કાચું હશે તેટલા જ વધારે સ્વસ્થ, શક્તિશાળી અને દીર્ઘાયુ આપણે થઈ શકીએ છીએ.
- અગ્નિ પર રાંધેલા ભોજન કરતાં અન્ન, શાકભાજી વગેરે કાચું ભોજન નિશ્ચિતપણે ઉત્કૃષ્ટ અન્ન માનવ સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે.

**- શાંત તોમાર છંદ'માંથી સાભાર**

# બાળપણના ઘડતરમાં માટીનાં રમકડાંનો ફાળો



- અશોકકુમાર બી. પ્રજાપતિ
આસિ. પ્રોફેસર
સરસ્વતિ એમ.એડ્. કૉલેજ, રણેલા.
મો. ૯૦૧૬૯૨૨૨૬૫

શું તમને યાદ છે એ બાળપણ, જ્યારે વરસાદ પડે અને આપણે માટીમાં ખૂંદીને નાનાં-નાનાં રમકડાં બનાવતા? એ માટીની ભીની સુગંધમાં જે આનંદ હતો, તે કદાચ આજના સ્માર્ટફોનના સ્ક્રીન પરની ગેઈમ્સમાં ક્યાંય ખોવાઈ ગયો છે. આજની ડિજિટલ ક્રાંતિના યુગમાં બાળકોનું બાળપણ મોબાઈલ અને ટૅબ્લેટના સ્ક્રીન વચ્ચે સીમિત થઈ ગયું છે. મેં જ્યારે શિક્ષણ ક્ષેત્રે બાળકોને નજીકથી જોયાં છે, ત્યારે મને અનુભવ થયો છે કે પ્લાસ્ટિકનાં રંગબેરંગી રમકડાં સાથે બાળક થોડીવાર રમીને કંટાળી જાય છે, કારણ કે તેમાં કશું જ બદલાતું નથી. પરંતુ જ્યારે મેં બાળકોને માટી આપી, ત્યારે તેમની આંખોમાં જે ચમક મેં જોઈ છે તે વર્ણવી શકાય તેમ નથી; એ ક્ષણે તેઓ માત્ર રમત નથી રમતાં, પરંતુ પોતાની દુનિયાનું સર્જન કરી રહ્યાં હોય છે. પ્લાસ્ટિકનાં બજારુ રમકડાંએ બાળકોને માત્ર 'ઉપભોક્તા' બનાવ્યાં છે, જ્યારે શિક્ષણનો સાચો ઉદ્દેશ બાળકને 'સર્જક' બનાવવાનો છે. માટી એ માત્ર પૃથ્વીનો એક અંશ નથી, પણ બાળકના માનસિક અને શારીરિક ઘડતરનું પ્રથમ અને સૌથી શક્તિશાળી માધ્યમ છે.

**માટીનાં રમકડાં : સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો :**

માટીનાં રમકડાંનો ઇતિહાસ ભારતની સિંધુ ખીણની સભ્યતા જેટલો જૂનો છે. લોથલ અને હરપ્પાના ઉત્ખનન દરમિયાન મળી આવેલાં માટીનાં રમકડાં સાબિત કરે છે કે આપણા પૂર્વજો શિક્ષણમાં અને બાળકના આનંદમાં માટીનું મહત્ત્વ સમજતા હતા.

**લોકલ ફોર વોકલ :** માટીનાં રમકડાં અપનાવવાનો અર્થ એ છે કે આપણે સ્થાનિક કુંભારભાઈઓની કલાને જીવંત રાખીએ છીએ. આ એક 'કુટીર ઉદ્યોગ'ને પ્રોત્સાહન આપવા જેવું છે, જે આર્થિક રીતે પણ ફાયદાકારક છે.

**આપણી અસ્મિતા :** આ રમકડાં આપણી જીવનશૈલી, આપણાં લોકગીતો અને વાર્તાઓ સાથે જોડાયેલાં છે. જ્યારે બાળક માટીના હાથી કે ઘોડા સાથે રમે છે, ત્યારે તે અજાણતાં જ પોતાની સંસ્કૃતિનાં મૂલ્યો ગ્રહણ કરે છે.

**ફાઇન મોટર સ્કિલ્સનો વિકાસ :** જ્યારે બાળક માટીને ગૂંદે છે, તેને આકાર આપે છે કે નાનાં રમકડાં બનાવે છે, ત્યારે તેની આંગળીઓ અને હથેળીઓના સૂક્ષ્મ સ્નાયુઓનો સઘન ઉપયોગ થાય છે. આ પ્રક્રિયા ભવિષ્યમાં બાળકના લેખનકૌશલ્ય (Handwriting) અને પેન્સિલ પકડવાની પકડને મજબૂત બનાવે છે.

**એકાગ્રતા અને ધીરજ :** માટીમાંથી કોઈ ચોક્કસ આકૃતિ કે રમકડું બનાવતી વખતે બાળકને એકાગ્રતાની જરૂર પડે છે. માટી સુકાઈ જાય કે આકાર બગડી જાય તો બાળકને ફરીથી પ્રયત્ન કરવો પડે છે, જે તેનામાં 'ધીરજ' અને 'દૃઢતા' જેવા ગુણો વિકસાવે છે.

**સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ :** માટી એક 'ઓપન-એન્ડેડ' રમકડું છે. પ્લાસ્ટિકનાં રમકડાં નક્કી કરેલા આકારના હોય છે, જ્યારે માટી બાળકને તેની કલ્પના મુજબ ગમે તે બનાવવાની સ્વતંત્રતા આપે છે. આ પ્રક્રિયા બાળકની મૌલિક વિચારશક્તિ અને નિર્ણય લેવાની ક્ષમતાને ખીલવે છે.

**તણાવમુક્તિ અને સંવેદના :** માટીનો ઠંડકભર્યો સ્પર્શ અને તેની કુદરતી ગંધ બાળકના મનને શાંત કરે છે. આજના ગૅઝેટ્સના યુગમાં, જ્યાં બાળકો સ્ક્રીન સામે

બેસીને સતત માનસિક તાણ અનુભવે છે, ત્યાં માટી સાથે રમવું એ એક 'મેડિટેટિવ' (ધ્યાન જેવી) પ્રક્રિયા છે જે તેને આંતરિક સંતોષ આપે છે.

**NEP ૨૦૨૦ અને 'પ્લે-વે' પદ્ધતિ :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) ભારતના શિક્ષણમાં 'અનુભવજન્ય શિક્ષણ' પર ભાર મૂકે છે. માટીનાં રમકડાં આ નીતિને સાકાર કરવાનું ઉત્તમ માધ્યમ છે.

**પુસ્તકમુક્ત શિક્ષણ :** NEP ૨૦૨૦ના પાયાના શિક્ષણમાં 'રમત દ્વારા શિક્ષણ' મુખ્ય છે. વર્ગખંડમાં પાઠ્યપુસ્તકની બદલે માટીનાં રમકડાંનો ઉપયોગ કરીને બાળકને આકારો, પ્રાણીઓ, ફળો કે ઐતિહાસિક વસ્તુઓ સમજાવવાથી તે વધુ લાંબા સમય સુધી યાદ રહે છે.

**વિષયોનું એકીકરણ :**

માટીના ગોળા કે ચોરસ બનાવીને બાળક ગણતરી શીખી શકે છે. માટી કેમ પોચી હોય છે? તે કેવી રીતે સુકાય છે? પકવ્યા પછી કેમ મજબૂત બને છે? આ જેવા પ્રશ્નો બાળકમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવે છે. માટીના નકશાઓ કે ઐતિહાસિક કિલ્લાઓ બનાવીને બાળક ભૌગોલિક અને ઐતિહાસિક પરિવેશને જીવંત રીતે સમજી શકે છે.

**જિજ્ઞાસાનું સંવર્ધન :** NEP ૨૦૨૦ મુજબ, બાળકને પ્રશ્ન પૂછતાં કરવા જોઈએ. જ્યારે તે જાતે માટીમાંથી કંઈક બનાવવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તે કુદરતી રીતે 'કેવી રીતે?' અને 'શા માટે?' જેવા પ્રશ્નો પૂછે છે, જે શિક્ષણમાં જિજ્ઞાસાનું મુખ્ય અંગ છે.

**કૌશલ્ય આધારિત વિકાસ :** આ પદ્ધતિ બાળકને માત્ર 'જાણકારી' નથી આપતી, પણ તેને 'કરીને શીખવાની' ક્ષમતા આપે છે, જે NEP ૨૦૨૦નો મુખ્ય ઉદ્દેશ્ય છે.

**પર્યાવરણ અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ મહત્ત્વ :**

પ્લાસ્ટિકનાં રમકડાં માત્ર બાળકના મગજ માટે જ નહીં, પણ પર્યાવરણ માટે પણ જોખમી છે.

**ઈકો-ફ્રેન્ડલી :** પ્લાસ્ટિકનાં રમકડાં વર્ષો સુધી નષ્ટ થતાં નથી અને જમીન તેમજ પાણીને પ્રદૂષિત કરે છે. તેની સામે માટીનાં રમકડાં સંપૂર્ણપણે બાયો-ડિગ્રેડેબલ છે. જો તે તૂટી જાય, તોપણ તે પાછાં માટીમાં ભળીને પ્રકૃતિનો ભાગ બની જાય છે.

**સેન્સરી અનુભવ :** આધુનિક મનોવિજ્ઞાન કહે છે કે બાળકો માટે 'સેન્સરી ટચ' ખૂબ જરૂરી છે. માટીનો ઠંડકભર્યો અને કુદરતી સ્પર્શ બાળકની ન્યુરોલોજિકલ સિસ્ટિમ પર શાંત અસર કરે છે. પ્લાસ્ટિકનાં ચમકદાર રમકડાં બાળકને માત્ર ઉત્તેજિત કરે છે, જ્યારે માટીનાં રમકડાં તેને સ્થિરતા અને સંતોષ આપે છે.

**શિક્ષણમાં અમલીકરણના પડકારો અને ઉકેલ :**

આદર્શ વિચાર હોવા છતાં, તેને અમલમાં મૂકવામાં કેટલીક વ્યાવહારિક મુશ્કેલીઓ છેઃ

**પડકારો :** પ્લાસ્ટિકનાં રમકડાં બજારમાં ખૂબ સસ્તાં અને સરળતાથી ઉપલબ્ધ છે. માટીનાં રમકડાંની જાળવણી થોડી મુશ્કેલ છે અને તે નાજુક હોય છે. વાલીઓમાં પણ આધુનિકતાના મોહને કારણે માટીનાં રમકડાં પ્રત્યે ઓછી રુચિ જોવા મળે છે.

**ઉકેલ :** શાળાઓએ 'આર્ટ એન્ડ ક્રાફ્ટ' લેક્ચરમાં માટીકામનો સમાવેશ કરવો જોઈએ. સ્થાનિક કુંભારોને શાળામાં બોલાવીને વર્કશોપ યોજવી જોઈએ. વાલીઓને સમજાવવું જોઈએ કે જે રીતે આપણે બાળકોને પૌષ્ટિક ખોરાક આપીએ છીએ, તેવી જ રીતે માનસિક પોષણ માટે 'પૌષ્ટિક રમકડાં' પણ જરૂરી છે.

માટીનાં રમકડાં એ કોઈ જૂની પુરાણી પરંપરા નથી, પરંતુ એક આધુનિક જરૂરિયાત છે. NEP ૨૦૨૦નો ઉદ્દેશ બાળકને માત્ર સાક્ષર બનાવવાનો નથી, પણ તેને સંવેદનશીલ, સર્જનાત્મક અને પર્યાવરણ પ્રત્યે જાગૃત નાગરિક બનાવવાનો છે. માટીનાં રમકડાં આ ઉદ્દેશને પૂર્ણ કરવામાં સૌથી સરળ અને સસ્તું માધ્યમ છે.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) અને રમકડાં આધારિત શિક્ષણ પદ્ધતિ



- નરેન્દ્ર એ. મંદિર
શ્રી ચાંચઇ (ગીર) પ્રાથમિક શાળા
ધારી, જિ. અમરેલી.
મો. ૭૦૯૬૪૬૧૬૧૧

"રમત એ બાળકનું પ્રથમ શિક્ષણ છે." આ વિચાર આજે માત્ર શિક્ષણવિદોનો મત નથી, પરંતુ વિશ્વભરનાં સંશોધનો દ્વારા પણ સમર્થિત સત્ય છે. બાળક જન્મથી જ આસપાસના વિશ્વને રમતાં, સ્પર્શતાં, નિહાળતાં અને પ્રયોગ કરતાં સમજવાનું શરૂ કરે છે. તેના માટે રમત અને અધ્યયન અલગ પ્રક્રિયાઓ નથી; રમત જ તેનું અધ્યયન છે. આથી રમકડાંને માત્ર મનોરંજનનું સાધન ગણવાને બદલે બાળકના સર્વાંગી વિકાસના પ્રથમ શૈક્ષણિક સાધન તરીકે સ્વીકારવાની જરૂર છે.

એકવીસમી સદીમાં શિક્ષણનું સ્વરૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે. હવે શિક્ષણનો હેતુ માત્ર માહિતી આપવાનો નથી, પરંતુ જિજ્ઞાસુ, સર્જનાત્મક, સંવેદનશીલ અને સમસ્યાનો ઉકેલ લાવી શકે તેવા નાગરિકો ઘડવાનો છે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) આ જ દિશામાં એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે. તેમાં શિક્ષણને પુસ્તકીય મર્યાદામાંથી બહાર કાઢીને અનુભવ, રમત, સંવાદ અને સર્જનાત્મકતા સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## NEP ૨૦૨૦નો દૃષ્ટિકોણ :

NEP ૨૦૨૦માં ત્રણથી આઠ વર્ષની ઉંમરને બાળકના મગજના વિકાસ માટે સૌથી નિર્ણાયક સમયગાળો ગણાવવામાં આવ્યો છે. આ સમય દરમિયાન બાળકના મગજનો મોટો ભાગ વિકસે છે. તેથી આ તબક્કામાં દબાણમુક્ત, આનંદમય અને રમત આધારિત શિક્ષણને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ નીતિમાં Play-based Learning, Activity-based Learning, Discovery-based Learning અને Experiential Learning જેવી શિક્ષણ પદ્ધતિઓને પ્રોત્સાહિત કરવામાં આવી છે. તેનો અર્થ એ છે કે બાળક માત્ર પાઠ સાંભળીને નહીં, પરંતુ પોતે અનુભવ કરીને, પ્રશ્નો પૂછીને, પ્રયોગ કરીને અને રમતાં-રમતાં શીખે.

## રમકડાં આધારિત શિક્ષણની સંકલ્પના :

રમકડાં આધારિત શિક્ષણ એ એવી પ્રક્રિયા છે, જેમાં રમકડાંને શીખવાના સક્રિય સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. બ્લૉક્સ ગોઠવવા, પઝલ ઉકેલવી, ભૂમિકાભિનય કરવો, ગણિતીય રમતો રમવી, ચિત્રો ગોઠવવા અથવા વિજ્ઞાનના સરળ પ્રયોગો કરવા જેવી પ્રવૃત્તિઓ બાળકમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ કરે છે.

આ પદ્ધતિમાં શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી રહેતો, પરંતુ માર્ગદર્શક બને છે. બાળક પોતાની ગતિએ શીખે છે, ભૂલોમાંથી શીખે છે અને પોતાના અનુભવ દ્વારા જ્ઞાનનું નિર્માણ કરે છે. આ જ સાચા અર્થમાં બાળકકેન્દ્રિત શિક્ષણ છે.

## રમકડાં શા માટે જરૂરી છે?

યોગ્ય રમકડાં બાળકના શારીરિક, માનસિક, ભાષાકીય, સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

- બ્લૉક્સ અને પઝલ તાર્કિક વિચારશક્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસાવે છે.
- બૉલ, દોરી અને અન્ય આઉટડોર રમતો શરીરના સ્નાયુઓને મજબૂત બનાવે છે.
- વાર્તાકાર્ડ, અક્ષર રમતો અને ચિત્રો ભાષા વિકાસમાં મદદ કરે છે.
- જૂથમાં રમવાથી સહકાર, નેતૃત્વ, નિયમપાલન અને સહાનુભૂતિ જેવાં જીવનમૂલ્યો વિકસે છે.

- કલ્પનાત્મક રમકડાં બાળકમાં નવીનતા, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસ વધારે છે.

આથી સ્પષ્ટ થાય છે કે રમકડાં માત્ર સમય પસાર કરવાનું સાધન નથી, પરંતુ બાળકના વ્યક્તિત્વ ઘડતરનું શક્તિશાળી માધ્યમ છે.

**રમકડાં અને આનંદમય શિક્ષણ :**

બાળક આનંદ અનુભવે ત્યારે જ તે સૌથી વધુ અસરકારક રીતે શીખે છે. રમકડાં શિક્ષણને આનંદમય બનાવે છે. રમતાં-રમતાં શીખેલું જ્ઞાન લાંબા સમય સુધી યાદ રહે છે અને બાળકને અભ્યાસ પ્રત્યે સકારાત્મક વલણ વિકસાવવામાં મદદ કરે છે. આ કારણસર NEP ૨૦૨૦એ પ્રાથમિક શિક્ષણમાં રમકડાંને અભ્યાસક્રમનો અભિન્ન ભાગ બનાવવાની દિશામાં ભાર મૂક્યો છે.

**બાળવિકાસમાં રમકડાંની સર્વાંગી ભૂમિકા :**

બાળકનો વિકાસ માત્ર શૈક્ષણિક સિદ્ધિથી માપી શકાતો નથી. તેનો શારીરિક, માનસિક, ભાષાકીય, ભાવનાત્મક, સામાજિક અને સર્જનાત્મક વિકાસ સમાન રીતે મહત્ત્વનો છે. યોગ્ય રમકડાં આ તમામ ક્ષેત્રોમાં અસરકારક ભૂમિકા ભજવે છે.

**શારીરિક વિકાસ :**

બૉલ, દોરીકૂદ, બિલ્ડિંગ બ્લૉક્સ, લાકડાના ઘન અને સંતુલન આધારિત રમકડાં દ્વારા બાળકનાં હાથ-આંખનું સંકલન, સ્નાયુઓની મજબૂતી અને શારીરિક ચપળતા વિકસે છે. સૂક્ષ્મ (Fine Motor) અને સ્થૂળ (Gross Motor) બંને પ્રકારનાં ગતિશીલ કૌશલ્યોનો વિકાસ થાય છે.

**બૌદ્ધિક વિકાસ :**

પઝલ, ક્રમ ગોઠવવાની રમતો, ગણિતીય રમકડાં અને વૈજ્ઞાનિક મૉડેલો બાળકને નિરીક્ષણ, વિશ્લેષણ, તર્ક અને નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવામાં મદદ કરે છે. બાળક પોતાની ભૂલોમાંથી શીખે છે અને નવી રીતો શોધે છે.

**ભાષાકીય વિકાસ :**

ચિત્રકાર્ડ, અક્ષર રમતો, વાર્તા કિટ અને ભૂમિકાભિનય (Role Play) દ્વારા બાળકનું શબ્દભંડોળ વધે છે. તે સ્પષ્ટ રીતે વિચારો વ્યક્ત કરવાની, પ્રશ્ન પૂછવાની અને સંવાદ કરવાની કળા શીખે છે.

**સામાજિક અને ભાવનાત્મક વિકાસ :**

જૂથમાં રમવાથી સહકાર, નેતૃત્વ, નિયમોનું પાલન, સહાનુભૂતિ, ધીરજ અને જવાબદારી જેવાં જીવનકૌશલ્યો વિકસે છે. જીત અને હાર બંનેને સ્વીકારવાની ભાવના પણ રમત દ્વારા જ ઘડાય છે.

**STEM શિક્ષણ અને રમકડાં :**

આધુનિક શિક્ષણમાં STEM (Science, Technology, Engineering and Mathematics)ને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. STEM આધારિત રમકડાં બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને શોધખોળની વૃત્તિ વિકસાવે છે.

રૉબોટિક્સ કિટ, મેગ્નેટિક બ્લૉક્સ, મિકેનિકલ મોડેલ્સ, કોડિંગ રમતો અને સરળ વિજ્ઞાન પ્રયોગો દ્વારા બાળક પ્રયોગ કરીને શીખે છે. તે પ્રશ્ન પૂછે છે, અનુમાન કરે છે, પરીક્ષણ કરે છે અને પરિણામ સુધી પહોંચે છે. આ પ્રક્રિયા તેને નવીન વિચારશક્તિ, આત્મવિશ્વાસ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા આપે છે. ભવિષ્યના વૈજ્ઞાનિકો, ઈજનેરો અને સંશોધકો માટે આવી શીખવાની પદ્ધતિ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

**ભારતીય જ્ઞાન પરંપરા અને સ્વદેશી રમકડાં :**

ભારતની રમકડાં પરંપરા વિશ્વની સૌથી સમૃદ્ધ પરંપરાઓમાંની એક છે. સિંધુ સંસ્કૃતિથી લઈને આજ સુધી માટી, લાકડું, વાંસ, ધાતુ અને કાપડમાંથી રમકડાં બનાવવાની પરંપરા જીવંત રહી છે.

ચન્નાપટ્ટણના લાકડાનાં રમકડાં, કોંડાપલ્લીનાં હસ્તનિર્મિત રમકડાં, માટીના ઢીંગલા, લટ્ટુ, ગિલ્લી-ડંડા અને કઠપૂતળી જેવી પરંપરાગત રમતો માત્ર મનોરંજન

પૂરતી નથી; તે બાળકોને સ્થાનિક સંસ્કૃતિ, પરંપરા, હસ્તકલા અને પર્યાવરણ સાથે પણ જોડે છે.

NEP ૨૦૨૦ સ્થાનિક રમકડાંના ઉપયોગને પ્રોત્સાહિત કરીને 'વોકલ ફોર લોકલ' અને આત્મનિર્ભર ભારતના વિચારને પણ મજબૂત બનાવે છે. તેનાથી સ્થાનિક કારીગરોને રોજગારી મળે છે અને બાળકોમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસે છે.

**વૈશ્વિક સંશોધનો શું કહે છે?**

વિશ્વનાં અનેક સંશોધનો દર્શાવે છે કે રમત આધારિત શિક્ષણ બાળકના મગજના વિકાસ માટે અત્યંત અસરકારક છે. રમત દરમિયાન બાળક સ્વાભાવિક રીતે પ્રશ્નો પૂછે છે, વિચાર કરે છે, પ્રયોગ કરે છે અને પોતાની સમજ વિકસાવે છે.

રમત દ્વારા શીખનાર બાળકોમાં સર્જનાત્મકતા, ભાષાકૌશલ્ય, આત્મવિશ્વાસ અને સામાજિક વ્યવહાર વધુ સારાં જોવા મળે છે. પ્રારંભિક બાળશિક્ષણમાં રમકડાંનો યોગ્ય ઉપયોગ બાળકના સર્વાંગી વિકાસ માટે સૌથી અસરકારક શૈક્ષણિક પદ્ધતિઓમાંની એક માનવામાં આવે છે.

આથી સ્પષ્ટ થાય છે કે રમકડાં આધારિત શિક્ષણ માત્ર એક નવીન વિચાર નથી, પરંતુ વૈજ્ઞાનિક રીતે સમર્થિત અને ભવિષ્યલક્ષી શિક્ષણ પદ્ધતિ છે.

**શિક્ષક અને વાલીની ભૂમિકા :**

રમકડાં આધારિત શિક્ષણની સફળતા માટે શિક્ષક અને વાલી બંનેની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. બાળકને મોંઘાં રમકડાં આપવાથી જ વિકાસ થાય એવું નથી; પરંતુ તેની ઉંમર, રસ, ક્ષમતા અને વિકાસના તબક્કાને અનુરૂપ રમકડાં પસંદ કરવાં વધુ જરૂરી છે.

શિક્ષકે વર્ગખંડમાં રમકડાંને પાઠ્યક્રમ સાથે સાંકળી દેવાં જોઈએ. ગણિત માટે બ્લૉક્સ, ભાષા માટે ચિત્રકાર્ડ, વિજ્ઞાન માટે સરળ પ્રયોગ કિટ અને સામાજિક વિજ્ઞાન માટે ભૂમિકાભિનય જેવી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ વધુ જીવંત બની શકે છે. વાલીઓએ પણ બાળકો સાથે સમય પસાર કરીને તેમની સાથે રમવું જોઈએ. આવી સહભાગિતાથી બાળકમાં આત્મવિશ્વાસ, લાગણીસભર જોડાણ અને શીખવાની ઉત્સુકતા વધે છે.

**પડકારો :**

રમકડાં આધારિત શિક્ષણના અનેક લાભો હોવા છતાં તેના અમલીકરણમાં કેટલાક પડકારો છે.

આજે બાળકોમાં મોબાઈલ, ટૅબ્લેટ અને ડિજિટલ ગેઈમ્સનું આકર્ષણ વધી રહ્યું છે. લાંબા સમય સુધી સ્ક્રીન સામે રહેવાથી શારીરિક પ્રવૃત્તિ ઘટે છે, સામાજિક સંવાદ ઓછો થાય છે અને સર્જનાત્મક રમત માટેનો સમય પણ ઘટે છે.

બજારમાં મળતાં હિંસક રમકડાં અને આક્રમક વીડિયો ગેઈમ્સ બાળકોના વર્તન પર નકારાત્મક અસર કરી શકે છે. ઘણી શાળાઓમાં ટોય-લૅબ, રમત આધારિત શિક્ષણ સામગ્રી અને શિક્ષકોની તાલીમનો અભાવ પણ જોવા મળે છે. કેટલાક વાલીઓ હજુ પણ રમતને અભ્યાસથી અલગ માને છે, જ્યારે હકીકતમાં રમત જ પ્રારંભિક શિક્ષણનો સૌથી અસરકારક આધાર છે.

**અસરકારક અમલીકરણ માટેનાં સૂચનો :**

રમકડાં આધારિત શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે નીચેનાં પગલાં ઉપયોગી બની શકે :

- દરેક આંગણવાડી અને પ્રાથમિક શાળામાં ટોય લૅબ સ્થાપિત કરવી.
- સ્થાનિક અને પર્યાવરણમિત્ર રમકડાંનો વધુ ઉપયોગ કરવો.
- શિક્ષકોને રમત આધારિત શિક્ષણ અંગે નિયમિત તાલીમ આપવી.
- વાલીઓ માટે જાગૃતિ કાર્યક્રમો યોજવા.
- સ્ક્રીન સમય મર્યાદિત રાખીને ખુલ્લી અને સર્જનાત્મક રમતોને પ્રોત્સાહિત કરવી.

# રમકડાં પસંદગી સંદર્ભે વાલીઓને માર્ગદર્શન



- સરોજ એન. બામણિયા
આસિ. પ્રોફેસર- શ્રી કે.જે. મેહતા કૉલેજ
ઓફ પ્રિ-પ્રાઇમરી એજ્યુકેશન વિદ્યામંદિર ટ્રસ્ટ,
પાલનપુર. મો. ૮૪૦૧૪૨૭૭૩૬

બાળકનું જીવન રમતમાં શરૂ થાય છે અને રમત દ્વારા જ તે વિશ્વને ઓળખવાનું, સમજવાનું અને તેની સાથે જોડાવાનું શીખે છે. રમકડાં બાળક માટે માત્ર સમય પસાર કરવાનું સાધન નથી, પરંતુ તેના સર્વાંગી વિકાસનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. બાળમનોવિજ્ઞાનીઓ અને શિક્ષણવિદોના મતે બાળકનું પ્રથમ શિક્ષણ રમકડાં અને રમત દ્વારા જ થાય છે. યોગ્ય રમકડાં બાળકની કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા, ભાષાકૌશલ્ય, સામાજિકતા અને સમસ્યા નિરાકરણની ક્ષમતાનો વિકાસ કરે છે. તેથી રમકડાંની પસંદગી માત્ર બજારમાં ઉપલબ્ધ આકર્ષક વસ્તુઓમાંથી પસંદગી કરવાનો વિષય નથી, પરંતુ બાળકના વિકાસ સાથે સંકળાયેલ એક જવાબદારીપૂર્ણ નિર્ણય છે.

ઉંમર અનુસાર રમકડાંની પસંદગીનું મહત્ત્વ :

દરેક ઉંમરે બાળકની શારીરિક અને માનસિક જરૂરિયાતો અલગ હોય છે. નવજાત અને બે વર્ષ સુધીનાં બાળકો માટે રંગબેરંગી, અવાજ ઉત્પન્ન કરતાં અને સ્પર્શની અનુભૂતિ કરાવતાં રમકડાં વધુ યોગ્ય ગણાય છે. આવાં રમકડાં બાળકના ઇંદ્રિય વિકાસમાં મદદરૂપ બને છે. ત્રણથી છ વર્ષની ઉંમરે બાળકમાં કલ્પનાશક્તિ અને ભાષાકીય વિકાસ ઝડપથી થાય છે. આ તબક્કે બ્લૉક્સ, ચિત્રકામની સામગ્રી, પઝલ્સ, ડોલ્સ અને ભૂમિકાભિનય (Role Play) માટેનાં રમકડાં વધુ લાભદાયક સાબિત થાય છે. છ વર્ષથી વધુ ઉંમરનાં બાળકો માટે વૈજ્ઞાનિક કિટ્સ, ગણિતીય રમતો, બોર્ડ ગેઇમ્સ અને STEM આધારિત રમકડાં તેમની વિચારશક્તિ અને તર્કબુદ્ધિના વિકાસમાં મદદ કરે છે.

**રમકડાં પસંદ કરતી વખતે સલામતીનું ધ્યાન :**

વાલીઓ માટે સૌથી અગત્યની બાબત રમકડાંની સલામતી છે. રમકડાંમાં ઉપયોગમાં લેવાયેલા રંગો અને સામગ્રી ઝેરી ન હોવાં જોઈએ. નાનાં બાળકો માટે એવાં રમકડાં પસંદ કરવાં જોઈએ જેમાં નાના ભાગો ન હોય, કારણ કે તેને ગળી જવાનો ભય રહે છે. રમકડાંની ધાર તીક્ષ્ણ ન હોવી જોઈએ તેમજ તે મજબૂત અને ટકાઉ હોવા જોઈએ.

ભારતમાં BIS અથવા ISI જેવાં ગુણવત્તા પ્રમાણપત્ર ધરાવતા રમકડાં પસંદ કરવાથી સલામતીની ખાતરી વધે છે. સસ્તા અને બિનપ્રમાણભૂત રમકડાં ક્યારેક બાળકના સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે.

**બાળવિકાસને અનુરૂપ રમકડાં :**

યોગ્ય રમકડાં બાળકના વિવિધ વિકાસક્ષેત્રોને પ્રોત્સાહિત કરે છે.

**શારીરિક વિકાસ :** બૉલ, સાઇકલ, દોડવાની અને કૂદવાની રમતો શરીરની સ્નાયુ શક્તિ અને સંતુલન વિકસાવે છે.

**બૌદ્ધિક વિકાસ :** પઝલ્સ, ગણિતીય રમતો અને બાંધકામના બ્લૉક્સ સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસાવે છે.



**ભાષાકીય વિકાસ :** વાર્તા કહેતાં રમકડાં, ચિત્રપુસ્તકો અને શબ્દરચનાની રમતો ભાષાકૌશલ્યમાં વધારો કરે છે.

**સામાજિક અને ભાવનાત્મક વિકાસ :** સમૂહમાં રમાતી રમતો અને સહકારી રમકડાં બાળકને સહકાર, વહેંચણી અને નેતૃત્વના ગુણો શીખવે છે.



**રમકડાંનું શૈક્ષણિક મૂલ્ય :** રમકડાં શિક્ષણને રસપ્રદ અને આનંદદાયક બનાવે છે. આજે વિશ્વભરમાં શિક્ષણશાસ્ત્રીઓ "Learning through Play" ના સિદ્ધાંતને મહત્ત્વ આપે છે. જ્યારે બાળક રમતાં રમતાં કંઈક શીખે છે ત્યારે તે જ્ઞાન વધુ અસરકારક રીતે ગ્રહણ કરે છે. બ્લૉક્સ દ્વારા બાંધકામ કરતી વખતે બાળક આકારો, સંતુલન અને માપની સમજ વિકસાવે છે. પઝલ્સ દ્વારા એકાગ્રતા અને સમસ્યા નિરાકરણની કુશળતા વિકસે છે. વૈજ્ઞાનિક કિટ્સ દ્વારા પ્રયોગશીલતા અને જિજ્ઞાસા વધે છે.

**ડિજિટલ અને પરંપરાગત રમકડાં વચ્ચે સંતુલન :** આધુનિક યુગમાં ડિજિટલ રમકડાં અને સ્માર્ટ ગૅઝેટ્સનું પ્રમાણ વધ્યું છે. આ રમકડાંમાં શૈક્ષણિક ઍપ્લિકેશન્સ અને ઈન્ટરેક્ટિવ સુવિધાઓ હોવાથી કેટલીક હદે લાભદાયક બની શકે છે. પરંતુ અતિશય સ્ક્રીન સમય બાળકના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી શકે છે. બીજી તરફ, પરંપરાગત રમકડાં જેમ કે લાકડાનાં રમકડાં, માટીનાં રમકડાં, ગોટા, લટ્ટુ અને વિવિધ સ્થાનિક રમતો બાળકોમાં સર્જનાત્મકતા, સામાજિકતા અને સાંસ્કૃતિક મૂલ્યોનું સંવર્ધન કરે છે. તેથી ડિજિટલ અને પરંપરાગત, બંને પ્રકારનાં રમકડાં વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે.

**વાલીઓની ભૂમિકા :** રમકડાંની પસંદગીમાં વાલીઓની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ઘણીવાર બાળકો જાહેરાતો અથવા મિત્રો પાસે જોઈને રમકડાંની માંગણી કરે છે. વાલીઓએ માત્ર આકર્ષણને આધારે નિર્ણય લેવાને બદલે બાળકની જરૂરિયાત, ઉંમર અને વિકાસક્ષમતાને ધ્યાનમાં રાખવાં જોઈએ. વાલીઓ બાળક સાથે રમવામાં સહભાગી બને તો બાળકને ભાવનાત્મક સુરક્ષા મળે છે અને સંબંધો વધુ મજબૂત બને છે. રમતી વખતે બાળકની રસ-રુચિ અને પ્રતિભા ઓળખવાની પણ તક મળે છે.

**આર્થિક અને પર્યાવરણીય પરિબળો :** મોંઘાં રમકડાં હંમેશાં શ્રેષ્ઠ હોય એવું જરૂરી નથી. ઘણી વખત ઘરગથ્થુ સામગ્રીમાંથી બનાવેલાં સરળ રમકડાં પણ બાળકની કલ્પનાશક્તિને વધુ પ્રોત્સાહિત કરે છે. આજના સમયમાં ઈકો-ફ્રેન્ડલી અને સ્વદેશી રમકડાંનું મહત્ત્વ વધી રહ્યું છે. આવાં રમકડાં પર્યાવરણને અનુકૂળ હોવા ઉપરાંત સ્થાનિક કારીગરોને પણ પ્રોત્સાહન આપે છે.



રમકડાં બાળકના જીવનનો અભિન્ન ભાગ છે. યોગ્ય રમકડાં બાળકના શારીરિક, માનસિક, ભાષાકીય અને સામાજિક વિકાસને પ્રોત્સાહિત કરે છે, જ્યારે અયોગ્ય રમકડાં તેની વૃદ્ધિમાં અવરોધ પણ બની શકે છે. તેથી રમકડાંની પસંદગી વૈજ્ઞાનિક સમજણ, સલામતી, શૈક્ષણિક મૂલ્ય અને બાળકની વ્યક્તિગત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. જ્યારે વાલીઓ જાગૃત બનીને યોગ્ય રમકડાં પસંદ કરે છે ત્યારે તેઓ માત્ર બાળકને એક રમકડું નથી આપતા, પરંતુ તેના ઉજ્જ્વળ ભવિષ્યના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

# કાલ્પનિક અને વાસ્તવિક દુનિયાનું મિલન : ઓગમેન્ટેડ રિયાલિટી



- ડૉ. મીનલબા જાડેજા
આસિ. પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર. મો. ૭૬૦૦૦ ૪૩૪૦૦

ધારો કે તમારું બાળક વિજ્ઞાનના પુસ્તકમાં ડાયનાસોરનું ચિત્ર જોઈ રહ્યું છે અને અચાનક તે ડાયનાસોર પુસ્તકમાંથી બહાર નીકળીને ત્રિ-પરિમાણીય સ્વરૂપમાં ટેબલ પર ચાલવા લાગે અને ગર્જના કરવા લાગે! આ કોઈ જાદુ નથી, પરંતુ ઓગમેન્ટેડ રિયાલિટીની કમાલ છે. ઓગમેન્ટેડ રિયાલીટી એટલે એ એક એવી ટૅક્નોલૉજી છે જે આપણી આસપાસની વાસ્તવિક દુનિયામાં એક આભાસી દુનિયા ઉમેરી દે છે. એટલે કે બાળકને અસલી દુનિયા પણ દેખાય છે અને તેની સાથે-સાથે કમ્પ્યૂટર દ્વારા બનાવેલી ડિજિટલ વસ્તુઓ પણ જાણે ત્યાં સાચે જ હાજર હોય તેમ દેખાય છે.

વર્ચ્યુઅલ રિયાલિટીમાં સ્માર્ટ ગૅઝેટ બાળકને પૂરી દુનિયાથી દૂર કરી દે છે બાળક ન તો કઈ સાંભળે છે કે ન તો દુનિયાની વસ્તુઓ જુએ છે, જયારે તેનાથી વિપરીત AR ટૅક્નોલૉજી બાળકની આસપાસની વાસ્તવિક દુનિયામાં જ એક ડિજિટલ દુનિયાનું સર્જન કરી દે છે. આજના સમયમાં ક્લાસરૂમથી લઈને સ્માર્ટફોન ઍપ્સ સુધી AR નો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. વર્તમાનમાં CBSE શાળાઓએ મેટા નામની કંપનીના સહયોગથી ARનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનું આયોજન વિચાર્યુ છે, ઘણી સ્વનિર્ભર શાળાઓ ટેકબૂક જેવી ઍપના ઉપયોગથી AR દ્વારા વર્ગખંડને જીવંત બનાવી રહી છે. કેટલીક ATAL ટીંકરિંગ લૅબમાં પણ ARનો સમાવેશ કરવામાં આવ્યો છે. માત્ર આટલું જ નહી, વિદેશમાં કેટલાક મ્યુઝિયમ, રેસ્ટોરન્ટમાં પણ AR ઓબ્જેક્ટસ આપણી આસપાસ ફરતા મળે છે.

**શિક્ષણ પર ARની અસર :**

પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓથી નાનાં બાળકો ઘણીવાર અમૂર્ત વિચારોને કલ્પના કરીને સમજી શકતાં નથી. AR આ સમસ્યાનો ઉત્તમ ઉકેલ આપે છે. તાજેતરના એક સંશોધન મુજબ, પ્રારંભિક ધોરણોમાં STEM જેવા વિષયો ભણાવવા માટે AR ખૂબ જ અસરકારક સાબિત થયું છે. (Wang et al., 2024). AR અઘરા અને અમૂર્ત વિષયોને સરળ બનાવે છે. નાનાં બાળકો જે હજુ અમૂર્ત સંકલ્પના સમજ્યાં નથી તેઓ ARથી ઝડપથી સમજી શકે છે. (Şimşek, 2024)., વસ્તુઓ ક્યાં રાખેલી છે તે યાદ રાખવામાં ARના ઉપયોગના એક સંશોધનમાં વિદ્યાર્થીઓએ ૭.૫૨ ગણી ઓછી ભૂલો કરી હતી અને કાર્ય ૨૭% ઝડપથી પૂરું કર્યુ હતું. (Makhataeva et al.) એક લાંબા ગાળાના અભ્યાસમાં જાણવા મળ્યું કે, જે વિદ્યાર્થીઓએ ARથી ભૂમિતિ ભણ્યા હતા, તેઓની એક અઠવાડિયા અને બે મહિના પછીની ધારણશક્તિ પરંપરાગત પદ્ધતિથી ભણતા વિદ્યાર્થીઓ કરતાં ઘણી વધારે હતી. (Gargrish et al.) સંશોધનો મુજબ મગજ લખાણ વાંચવા કરતાં વિઝ્યુઅલ વસ્તુઓ વહેલી સમજે છે. AR ટૅક્નોલૉજી વિદ્યાર્થીઓને 3D મૉડેલ જોવાની અને સાથે સાથે તેના વિશે સાંભળવાની/વાંચવાની તક આપે છે. આનાથી મગજનો બિનજરૂરી બોજો ઘટે છે અને વિદ્યાર્થીઓનું ધ્યાન સંપૂર્ણપણે વિષય પર કેન્દ્રિત થાય છે. વસ્તુઓ બાજુમાં હવામાં તરતી અને આજુબાજુ ફરતી હોવાથી બાળકો તેમાં મગ્ન થઈ જાય છે.

**બાળકોના મગજ પર ARની અસર :**

બાળકોનું મગજ હજુ વિકસતું હોવાથી, ARની તેમના માનસિક વિકાસ પર મિશ્ર અસરો થાય છે. સંશોધન મુજબ, AR પુસ્તકો વાંચવાથી બાળકો ઓછો માનસિક બોજ એટલે કે ઓછો જ્ઞાનાત્મક ભાર અનુભવે છે અને

શિક્ષણ માટે તેમનું વલણ સકારાત્મક બને છે (Cheng, 2016). જોકે, સંશોધકો એ પણ નોંધે છે કે દરેક બાળકની ડિજિટલ વસ્તુઓ સમજવાની શક્તિ અલગ હોય છે. જે વિદ્યાર્થીઓની વિઝ્યુઅલ શક્તિ નબળી હોય, તેમને ટૅબ્લેટ આધારિત AR ઘણો વધારે ફાયદો થાય છે. (Altmeyer et al., 2024).

**વિશેષ જરૂરિયાતો ધરાવતાં બાળકો માટે AR :**

AR ટૅક્નોલૉજી સામાન્ય બાળકો ઉપરાંત દિવ્યાંગ અથવા ન્યુરોડેવલપમેન્ટલ ડિસઓર્ડર (જેમ કે ઓટિઝમ કે ADHD) ધરાવતાં બાળકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે. વર્ષ ૨૦૨૬માં એક કેસ પર કરવામાં આવેલા પ્રાયોગિક સંશોધનમાં સાબિત થયું કે ઓટિઝમ ધરાવતાં બાળકો પર AR ગેમ્સનો ઉપયોગ કરવાથી તેમના નૉન-વર્બલ કમ્યુનિકેશન, જેમ કે આંખનો સંપર્ક જાળવવામાં સુધારો થયો હતો. (Saleh & AlAli, 2026) સંશોધનો અનુસાર, AR અને હાઇબ્રિડ સિસ્ટિમ્સનો ઉપયોગ ADHD ધરાવતાં બાળકોના વર્તનને સુધારવા અને તેમનાં સામાજિક કૌશલ્યોના વિકાસ માટે ખૂબ જ આકર્ષક અને અસરકારક માધ્યમ સાબિત થયો છે. (Fuentes, C., 2026).

**ARની મર્યાદાઓ :**

ARના અસંખ્ય ફાયદાઓ હોવા છતાં, કેટલીક મર્યાદાઓ રહે છે. યુનિવર્સિટી ઑફ સાઉથ ફ્લોરિડા (USF) ના ૨૦૨૬ ના એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે માર્કેટમાં ઉપલબ્ધ મોટાભાગની AR ટૅક્નોલૉજી અને હેડસેટ્સ પુખ્ત વયના લોકોને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યા છે, બાળકો માટે નહીં. જ્યારે ૯ થી ૧૨ વર્ષનાં બાળકો પુખ્તવયનાં લોકો કરતાં ખૂબ જ ઍક્ટિવ હોય છે. ત્યારે બાળકો ઘણીવાર મૂંઝવણ અને કંટાળો અનુભવી શકે છે. બધી શાળાઓ કે વાલીઓ આ ટૅક્નોલૉજીનો ખર્ચ ઉઠાવી શકતા નથી, જેના કારણે ધનિક અને વંચિત શાળાઓ વચ્ચે શૈક્ષણિક અસમાનતા વધવાનો મોટો ભય રહે છે. વર્ગખંડોમાં બાળકો જ્યારે હલનચલન કરે છે, ત્યારે AR ઓબ્જેક્ટ્સનું વાસ્તવિક જગ્યા પરનું ટ્રૅકિંગ ૨૮% સુધી ખોટું થઈ શકે છે. રૂમમાં લાઇટ ઓછી-વધારે હોવાને કારણે AR માર્કર ઓળખવાની ચોકસાઈ ૩૫% સુધી ઘટી જાય છે. જો ઓબ્જેક્ટ તેની સાચી જગ્યાએ ન દેખાય, તો ભણવાની લિંક તૂટી જાય છે.

**માતા-પિતા ને શિક્ષકો માટે :**

**વાસ્તવિકતા સાથે જોડાણ :** AR નો ઉપયોગ કરતી વખતે પણ બાળક ભૌતિક દુનિયા સાથે જોડાયેલું રહે છે, અને તેની શારીરિક પ્રવૃત્તિઓ પણ થતી રહે તેનું ધ્યાન રાખવું જોઈએ.

**ઉંમર પ્રમાણે પસંદગી :** બાળક જે AR ઍપ્લિકેશન વાપરે છે તે હંમેશાં તેના વયજૂથ માટે યોગ્ય હોય.

**મર્યાદિત સમય :** ડિજિટલ ગેમિંગની જેમ જ AR લર્નિંગ માટે પણ દિવસનો ચોક્કસ સમય નક્કી કરો જેથી બાળકનો સ્ક્રીન-ટાઇમ ખૂબ જ વધી ન જાય.

**શારીરિક સુરક્ષા :** સ્ક્રીનમાં જોતી વખતે બાળકો ઘણીવાર આસપાસની વાસ્તવિક દુનિયા ભૂલી જાય છે. આનાથી ઘરની વસ્તુઓ સાથે ભટકાવવાનો કે પડી જવાનો ડર રહે છે.

**ટૅક્નોલૉજીની અસમાનતા :** AR શિક્ષણ માટે ઉત્તમ છે, પરંતુ તેની સ્કૂલોમાં લાંબા ગાળાની અસરો કેવી રહેશે તેના પર હજુ વધુ સંશોધનોની જરૂર છે, અને શિક્ષકોને આ ટૅક્નોલૉજી વાપરવા માટે પૂરતી ટ્રેનિંગ આપવી પણ એક મોટો પડકાર છે (Anuar, 2026).

AR શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ પરિવર્તન લાવી રહ્યું છે. તે વિષયવસ્તુમાં રહેલી અમૂર્ત અને અશક્ય બાબતોને બાળકોની આસપાસ હરતી-ફરતી, તરતી બતાવીને વિષયવસ્તુની સંકલ્પનાઓને ખૂબ જ આનંદમય રીતે સરળ બનાવી દે છે. આ રીતે વર્ગખંડ વધુ વાસ્તવિક અને રસપ્રદ બની શકે છે. આ બાબત વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોની દુનિયામાં ઘણો બદલાવ લાવી શકાય છે. સાથે સાથે તેની મર્યાદાઓ પણ ધ્યાન રાખીને વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જરૂરી છે.

# માટીની સુગંધથી સ્ક્રીનની ચમક સુધી : બાળરમકડાંની રોમાંચક સફર



- ડૉ. અજય રાવલ
આસિ. પ્રોફેસર, એસ. એસ. પટેલ કૉલેજ
ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય,
ગાંધીનગર. મો. ૯૭૨૩૧૩૨૮૯૨

બાળપણને જો કોઈ એક વસ્તુ સૌથી વધુ રંગીન બનાવતી હોય તો તે છે રમકડાં. બાળક માટે રમકડું એ માત્ર સમય પસાર કરવાનું સાધન નથી પરંતુ તે તેની અસીમ કલ્પનાઓને પાંખ આપે છે, વિચારોને દિશા આપે છે અને આસપાસની દુનિયાને સમજવાનું પ્રથમ માધ્યમ પણ બને છે. ઘણીવાર બાળક જે ભાષામાં પોતાના મનની વાત કહી શકતું નથી, તે વાત તે પોતાની રમતમાં વ્યક્ત કરી દે છે. તેથી જ બાળમનોવિજ્ઞાનમાં રમકડાંને બાળકના વિકાસના અનિવાર્ય અંગ તરીકે જોવામાં આવે છે.

સમય સાથે રમકડાંનું સ્વરૂપ સતત બદલાતું રહ્યું છે. એક સમય હતો જ્યારે બાળકના હાથમાં માટીની ઢીંગલી, લાકડાનો ઘોડો કે કપડાની ઢીંગલી જોવા મળતી હતી. પછી પ્લાસ્ટિક અને યાંત્રિક રમકડાંનો યુગ આવ્યો. આજે સ્થિતિ એવી છે કે બાળકનું સૌથી મનગમતું 'રમકડું' ઘણીવાર મોબાઇલ ફોન, ટૅબ્લેટ અથવા ગેમિંગ સ્ક્રીન બની ગયું છે.

આ પરિવર્તન માત્ર રમકડાં પૂરતું મર્યાદિત નથી. તેની સીધી અસર બાળકની કલ્પનાશક્તિ, વિચારવાની રીત, શીખવાની પ્રક્રિયા, સામાજિક વર્તન અને ભાવનાત્મક વિકાસ પર પણ જોવા મળે છે. તેથી પ્રશ્ન માત્ર એટલો નથી કે બાળકો શું રમે છે; વધુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે રમતાં રમતાં તેઓ શું શીખી રહ્યાં છે.

**માટી અને લાકડાનો યુગ : કલ્પનાશક્તિનો આધાર :**

ભારતીય સંસ્કૃતિમાં રમકડાંનો ઇતિહાસ હજારો વર્ષ જૂનો છે. સિંધુ ખીણની સભ્યતાના ઉત્ખનનમાં મળેલાં માટીનાં પશુઓ, ગાડાં, ઢીંગલીઓ અને અન્ય રમકડાં દર્શાવે છે કે બાળરમતનું મહત્ત્વ આપણા સમાજે પ્રાચીન સમયથી સ્વીકાર્યું હતું. તે સમયનાં રમકડાં મોંઘાં નહોતાં પરંતુ બાળકના વિકાસ માટે અત્યંત મૂલ્યવાન હતાં.

માટી અને લાકડામાંથી બનેલાં રમકડાંની એક ખાસિયત હતી કે તે બાળક પાસેથી સહભાગિતાની માંગ કરતાં હતાં. લાકડાનો ઘોડો દોડતો નહોતો; બાળક તેને દોડાવતું હતું. માટીની ઢીંગલી બોલતી નહોતી; બાળક તેની સાથે વાતો કરતું હતું. એટલે રમકડું તૈયાર નહોતું, રમત બાળકની કલ્પનામાં તૈયાર થતી હતી.

આ પ્રક્રિયામાં બાળક પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરતું, વાર્તાઓ રચતું, પાત્રો બનાવતું અને વિવિધ પરિસ્થિતિઓ સર્જતું. બાળમનોવિજ્ઞાનના નિષ્ણાતો માને છે કે આવી રમતો સર્જનાત્મકતા, ભાષાકૌશલ્ય અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આવાં રમકડાં બાળકને પ્રકૃતિ સાથે પણ જોડતાં હતાં. માટીનો સ્પર્શ; લાકડાની સપાટી; પાણી, રેતી અને પથ્થરો સાથે રમતાં રમતાં બાળક આસપાસના પર્યાવરણને અનુભવી શકતું હતું. આજકાલ જેને 'સેન્સરી ડેવલપમેન્ટ' કહેવામાં આવે છે તેની શરૂઆત આવી સરળ પ્રવૃત્તિઓમાંથી જ થતી હતી.

તે સમયની રમતોમાં સામાજિક જીવન પણ જીવંત હતું. ઘર-ઘર રમવું, રસોઈ બનાવવાનો ખેલ, ગાડું ચલાવવું કે ગામડાની નકલ કરવી વગેરે આ બધું માત્ર મનોરંજન નહોતું. બાળક અજાણતાં જ પરિવાર, સંબંધો, જવાબદારીઓ સમજવા લાગતું હતું.

એટલું જ નહીં ભમરડો ફેરવવો, લખોટી રમવી, દોરી કૂદવી કે ગિલ્લી-દંડો રમવા જેવી પ્રવૃત્તિઓ શરીર અને મન બંનેને સક્રિય રાખતી હતી. હાથ અને આંખનો સમન્વય, શરીરનું સંતુલન, ધીરજ, હરીફાઈ અને ટીમ

સાથે કામ કરવાની ભાવના જેવી અનેક ક્ષમતાઓ કોઈ ઔપચારિક તાલીમ વગર જ વિકસતી હતી.

આથી કહી શકાય કે પરંપરાગત રમકડાં બાળકને માત્ર રમાડતાં નહોતાં; તે તેને વિચારવાનું, સર્જવાનું, અનુભવવાનું અને સમાજ સાથે જીવવાનું પણ શીખવતાં હતાં. કદાચ આ જ કારણ છે કે આજે પણ બાળશિક્ષણના ક્ષેત્રમાં 'ઓપન-એન્ડેડ ટોય્સ' અને 'પ્લે-બેઝ્ડ લર્નિંગ'ને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે (NCERT,2022).

**ડિજિટલ યુગ : જ્યારે સ્ક્રીન સૌથી મોટું રમકડું બની ગઈ**

છેલ્લાં બે દાયકામાં ટૅક્નોલૉજીના વિકાસે રમકડાંની દુનિયામાં કદાચ સૌથી મોટો ફેરફાર લાવ્યો છે. આજે બાળકના હાથમાં પરંપરાગત રમકડાં કરતાં વધુ વખત મોબાઇલ ફોન, ટૅબ્લેટ અથવા ગેમિંગ ડિવાઇસ જોવા મળે છે. ઘણાં ઘરોમાં બાળકનો પ્રથમ પરિચય રમકડાં સાથે નહીં પરંતુ ટચસ્ક્રીન સાથે થાય છે.

વીડિયો ગેઇમ્સ, એનિમેશન, વર્ચ્યુઅલ રિયાલિટી (VR), ઓગમેન્ટેડ રિયાલિટી (AR) અને કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઇ)આધારિત ઍપ્લિકેશન્સે રમતને એક નવી જ દિશા આપી છે. બાળક માટે આખી દુનિયા હવે હથેળીમાં સમાઈ ગઈ છે. એક ક્લિકમાં તે ડાયનાસોરની દુનિયામાં પહોંચી શકે છે, અવકાશની સફર કરી શકે છે અથવા વિશ્વના કોઈ પણ ખૂણાના ખેલાડી સાથે ઓનલાઇન રમત રમી શકે છે.

આ ટૅક્નોલૉજી નિઃસંદેહ અનેક નવી શક્યતાઓ ઊભી કરે છે. યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો ડિજિટલ રમતો બાળકોમાં તર્કશક્તિ, સમસ્યા ઉકેલવાની ક્ષમતા, દૃશ્ય વિશ્લેષણ અને ભાષાકૌશલ્યના વિકાસમાં મદદરૂપ બની શકે છે. ખાસ કરીને STEM આધારિત રમતો, કોડિંગ ગેઇમ્સ અને શૈક્ષણિક એપ્લિકેશન્સ શિક્ષણને વધુ રસપ્રદ બનાવી શકે છે. પરંતુ પ્રશ્ન ટૅક્નોલૉજીનો નથી; પ્રશ્ન તેના ઉપયોગનો છે.

આજે અનેક બાળકો માટે રમતનો અર્થ દોડવું, કૂદવું કે મિત્રો સાથે સમય પસાર કરવો નહીં પરંતુ કલાકો સુધી સ્ક્રીન સામે બેસી રહેવું બની ગયો છે. ધીમે ધીમે રમતમાં શરીરની સક્રિયતા ઓછી થઈ રહી છે અને આંગળીઓની ગતિ વધુ વધી રહી છે. પરિણામે બાળપણનું સ્વાભાવિક ચંચળપણું, ખુલ્લા મેદાનનો આનંદ અને સામાજિક સંવાદ ઘટતો જાય છે. આ જ કારણે ભારતમાં બાળકોમાં મેદસ્વીપણું એ એક બીમારી બની છે.

બાળમનોવિજ્ઞાનીઓનું માનવું છે કે જ્યારે દરેક અવાજ, દરેક ચિત્ર અને દરેક ઘટના સ્ક્રીન પર પહેલેથી જ તૈયાર મળે છે ત્યારે બાળકની કલ્પનાશક્તિને ઓછું કામ કરવું પડે છે. અગાઉ બાળક લાકડાના ટુકડાને કાર, વિમાન કે ટ્રેન બનાવી દેતો હતો; આજે તેને બધું તૈયાર સ્વરૂપમાં મળી જાય છે. આ તફાવત નાનો લાગે પરંતુ લાંબા ગાળે સર્જનાત્મક વિચારશક્તિ પર તેની અસર થઈ શકે છે.

બીજી એક ચિંતાજનક બાબત એ છે કે ડિજિટલ રમતો ઘણીવાર વ્યક્તિગત બની ગઈ છે. એક જ ઘરમાં બેઠેલાં બે બાળકો અલગ-અલગ સ્ક્રીન પર વ્યસ્ત હોય છે પરંતુ તેમની વચ્ચે કોઈ સંવાદ થતો નથી. અગાઉની રમતોમાં જે સહકાર, ચર્ચા, મતભેદ, સમાધાન અને સંબંધોનું નિર્માણ થતું હતું તે અનુભવ હવે રહ્યો નથી.

આ ઉપરાંત લાંબા સમય સુધી સ્ક્રીન સામે રહેવાને કારણે ઊંઘની સમસ્યાઓ, આંખો પર તાણ, શારીરિક નિષ્ક્રિયતા, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી અને ક્યારેક ચીડિયાપણું જેવી સમસ્યાઓ પણ જોવા મળે છે. આ સ્થિતિમાં જવાબદારી માત્ર બાળકોની નથી. પરિવાર, શાળા અને સમાજ એ ત્રણેય મળીને ડિજિટલ જીવન અને વાસ્તવિક જીવન વચ્ચે સંતુલન જાળવવાની સંસ્કૃતિ વિકસાવવી પડશે. આખરે એ સમજવું જરૂરી છે કે ડિજિટલ રમકડાં આપણાં વિરોધી નથી. તે એક શક્તિશાળી સાધન છે. પરંતુ જ્યારે સાધન ધીમે-ધીમે બાળકના સમય, વિચાર અને સંબંધો પર હાવી થવા લાગે ત્યારે તેની અસર વિશે ગંભીરતાથી વિચારવાની જરૂર પડે છે. "ટૅક્નોલૉજી બાળકને નવી તકો આપે, પરંતુ તેના બાળપણનું સ્થાન ન લઈ લે" તે આજના સમયનો સૌથી મોટો પડકાર છે.

# સંસ્કૃત સાહિત્યમાં બાળક્રીડા, રમતગૃહ અને રમકડાં



- ડૉ. જય ઓઝા
આસિ. પ્રૉફેસર (સંસ્કૃત),
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

બાળકના હાથમાં રહેલું રમકડું ઘણીવાર માત્ર મનોરંજનનું સાધન લાગે છે. પરંતુ બાળક જ્યારે રમે છે ત્યારે તે માત્ર સમય પસાર કરતું નથી; તે પોતાની આસપાસની દુનિયાને ઓળખે છે, અનુભવો મેળવે છે અને પોતાના વ્યક્તિત્વનું ઘડતર કરે છે. રમત બાળકની પ્રથમ ભાષા છે અને રમકડું તેનો પ્રથમ ગુરુ. આજે વિશ્વભરમાં Play-based Learning, Toy-based Pedagogy અને Experiential Learning પર ભાર મૂકવામાં આવે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ પણ રમત આધારિત શિક્ષણને વિશેષ મહત્ત્વ આપે છે. પરંતુ આ વિચાર ભારતીય સંસ્કૃતિ માટે નવો નથી. આપણા ઋષિઓએ હજારો વર્ષ પહેલાં જ બાળકના સ્વભાવ, રમત અને રમકડાં અંગે ઊંડું ચિંતન કર્યું હતું, જેના સુંદર સંદર્ભો સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે છે.

ભારતીય જ્ઞાનપરંપરાએ રમતને ક્યારેય નિરર્થક પ્રવૃત્તિ ગણી નથી. રમત દ્વારા જિજ્ઞાસા, કલ્પનાશક્તિ, અવલોકન, સહકાર અને સર્જનાત્મકતા વિકસે છે એવી સ્પષ્ટ સમજ આપણા આચાર્યોને હતી. બાળક પુસ્તકો પહેલાં અનુભવથી શીખે છે અને અનુભવનો પ્રથમ માર્ગ રમત છે.

**ભારતીય રમકડાં : પ્રકૃતિ સાથેનો સંવાદ :**

આજના કૃત્રિમ રમકડાંની સરખામણીએ ભારતીય પરંપરાનાં રમકડાં માટી, લાકડું, વાંસ, કાપડ, શંખ, છીપ અને બીજ જેવી કુદરતી સામગ્રીમાંથી બનતાં હતાં. તેથી તે માત્ર રમકડાં નહોતાં, પરંતુ બાળક અને પ્રકૃતિ વચ્ચેનો જીવંત સંવાદ હતાં.

માટીનું રમકડું પૃથ્વીનો સ્પર્શ કરાવે છે, પાણીમાં તરતી હોડી જળનો પરિચય આપે છે, પવનમાં ફરતી ચકરી વાયુનો અનુભવ કરાવે છે અને ખુલ્લા આકાશમાં રમાતી રમતો અવકાશ પ્રત્યેનું કૌતુક જગાડે છે. આ રીતે ભારતીય રમકડાં અજાણતાં જ બાળકને પંચમહાભૂતો સાથે જોડે છે.

**મોહેંજો-દેરો અને હડપ્પીય સંસ્કૃતિમાં ઉલ્લેખ :**

સિંધુ - સરસ્વતી સંસ્કૃતિના મોહેંજો-દેરો, હરપ્પા અને ગુજરાતના લોથલમાંથી મળેલાં માટીનાં ગાડાં, પ્રાણી-પક્ષીઓની મૂર્તિઓ અને અન્ય રમકડાં દર્શાવે છે કે ભારતીય સમાજમાં બાળપણને વિશેષ સ્થાન મળતું હતું. આજે સ્વદેશી રમકડાં તરફ ફરીથી રસ વધી રહ્યો છે. સ્થાનિક હસ્તકલા, કુદરતી સામગ્રી અને શિક્ષણમાં રમકડાંની ભૂમિકાને ફરી મહત્ત્વ મળ્યું છે. સંસ્કૃત સાહિત્ય બતાવે છે કે આ વિચારોનાં મૂળ આપણા પોતાના ગ્રંથોમાં જ રહેલાં છે.

**આયુર્વેદમાં રમતગૃહનું વિજ્ઞાન :**

આયુર્વેદ માત્ર ચિકિત્સાનો ગ્રંથ નથી; તે જીવનશાસ્ત્ર છે. તેથી બાળકના ઉછેર અંગે પણ તેમાં સુંદર માર્ગદર્શન મળે છે. આચાર્ય વાગ્ભટે રમત માટેનું સ્થળ સ્વચ્છ, સમતળ, સુરક્ષિત અને આરોગ્યપ્રદ હોવું જોઈએ તેમ જણાવ્યું છે.

क्रीडाभूमिः समाकीर्णा निःशस्त्रोपलशर्करा ।
वेल्लोषणकणाम्भोभिः सिक्तानिम्बोदकेन वा॥

जातुषं घोषवच्चित्रमत्रासं रमणं बृहत् । अतीक्ष्णाग्रं
गवाश्वादिमाङ्गल्यं अथवा फलम्॥

આ શ્લોક મુજબ રમતના સ્થળે કાંટા, પથ્થરો કે જોખમી વસ્તુઓ ન હોવી જોઈએ તથા સ્વચ્છતા જળવાય તેનું ધ્યાન રાખવું જોઈએ. વાગ્ભટ રમકડાં અંગે કહે છે કે તે રંગીન, સુંદર, આનંદદાયક, અવાજવાળાં પરંતુ સુરક્ષિત

હોવાં જોઈએ. તેમાં તીક્ષ્ણ ભાગ ન હોય અને ગાય, ઘોડા, ફળ-ફૂલ જેવી પ્રકૃતિસંગત આકૃતિઓ હોય. અહીં માત્ર સલામતી જ નહીં, પરંતુ બાળકને પ્રકૃતિ સાથે જોડવાનો અભિગમ પણ સ્પષ્ટ થાય છે.

આ જ વિચારને ચરકસંહિતા વધુ સ્પષ્ટ કરે છે.

क्रीडनकानि खलु कुमारस्य विचित्राणि घोषवन्त्यभिरामाणि लघूनि, नातीक्ष्णाग्राणि, नास्यप्रवेशीनि, न प्राणहराणि, न विभीषणानि स्युः।

ચરકના મત અનુસાર રમકડાં આકર્ષક, હળવાં, સુરક્ષિત, ભયમુક્ત અને એટલાં નાનાં ન હોવા જોઈએ કે બાળક તેને મોઢામાં મૂકી દે. આશ્ચર્ય એ છે કે આજના Toy Safety Standardsમાં જે માપદંડો અપનાવવામાં આવે છે, તેની સ્પષ્ટ ઝલક અહીં જોવા મળે છે.

બાળકને ગાય, ઘોડા, હાથી, મોર, ફળો અને અન્ય કુદરતી આકૃતિઓવાળાં રમકડાં આપવાની ભલામણ પાછળ પણ ઊંડી દૃષ્ટિ છે. બાળક જેની સાથે રમે છે તેની સાથે ભાવનાત્મક સંબંધ બાંધે છે; તેથી પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને જીવમાત્ર પ્રત્યેનો આદર બાળપણથી જ વિકસે છે.

**કાશ્યપસંહિતામાં બાળમનની સમજ** :

કાશ્યપસંહિતામાં બાળકના શારીરિક વિકાસની સાથે તેના માનસિક અને ભાવનાત્મક વિકાસને પણ સમાન મહત્ત્વ આપવામાં આવ્યું છે. છઠ્ઠા માસના સંસ્કારમાં બાળક સમક્ષ વિવિધ રમકડાં ગોઠવવાની પરંપરા માત્ર ધાર્મિક વિધિ નથી; તે બાળકની જિજ્ઞાસા અને સ્વાભાવિક પસંદગીને સમજવાનો વૈજ્ઞાનિક પ્રયાસ છે. આ ગ્રંથમાં ગાય, હાથી, ઘોડા, હરણ, વાંદરો, મોર, હંસ, પોપટ જેવાં પ્રાણી-પક્ષીઓ ઉપરાંત રથ, ગાડાં અને દડા જેવાં રમકડાંનો ઉલ્લેખ મળે છે. બાળક રમતાં-રમતાં પ્રકૃતિ, સમાજ અને આસપાસના વિશ્વને ઓળખે છે. આધુનિક બાળમનોવિજ્ઞાન જેને Symbolic Play કહે છે, તેનું સુંદર સ્વરૂપ અહીં જોવા મળે છે. આ જ સંદર્ભમાં પૃથ્વીને બાળકના રક્ષણ માટે કરાયેલી પ્રાર્થના ભારતીય દૃષ્ટિનો પરિચય કરાવે છે-

त्वमग्रजा त्वं प्रभवाऽव्यया च लोकस्य धात्री सरचाचरस्य।

त्वमीज्यसे त्वं ज्यजसे मही मातरव नः पाहि कुमारमेनम्॥

આ શ્લોક દર્શાવે છે કે બાળકનો વિકાસ માત્ર પરિવારની જવાબદારી નથી; પ્રકૃતિ અને સમગ્ર સૃષ્ટિ સાથેનો તેનો સંબંધ પણ એટલો જ મહત્ત્વનો છે.

**સંસ્કૃત નાટ્યસાહિત્યમાં બાળપણની નિર્દોષ દુનિયા** :

આયુર્વેદની જેમ સંસ્કૃતના મહાન કવિઓએ પણ બાળપણને અત્યંત સંવેદનશીલતાથી આલેખ્યું છે. બાળકની નિર્દોષતા, જિજ્ઞાસા અને રમત તેમના સાહિત્યમાં જીવંત બની ઊઠે છે. મહાકવિ કાલિદાસના અભિજ્ઞાનશાકુન્તલમ્‌માં શકુંતલા અને દુષ્યંતના પુત્ર સર્વદમનનો પ્રસંગ અત્યંત હૃદયસ્પર્શી છે. આશ્રમમાં ઊછરેલો સર્વદમન સિંહશાવક સાથે રમતાં કહે છે-

''जृम्भस्व सिंह, दन्तांस्ते गणयिष्ये।''

બાળક માટે સિંહશાવક ભયનું પ્રતીક નથી, પરંતુ રમતનો સાથી છે. આ બાળમનની નિર્ભયતા અને પ્રકૃતિ સાથેના સહજ સંબંધનું સુંદર ચિત્રણ છે. જ્યારે તાપસીઓ તેને સિંહશાવક છોડવા કહે છે ત્યારે તેઓ પ્રેમથી કહે છે- ''હું તને બીજું રમકડું આપીશ.'' બાળકને બળપૂર્વક નહીં, પરંતુ પ્રેમથી બીજી પ્રવૃત્તિ તરફ વાળવાનો આ અભિગમ આજના બાળમનોવિજ્ઞાનમાં Positive Redirection તરીકે ઓળખાય છે. આગળ રંગીન માટીના મોરનો ઉલ્લેખ ભારતીય રમકડાંની સમૃદ્ધ પરંપરાનો પરિચય કરાવે છે. માટીનું રમકડું માત્ર કલા નથી; તે બાળકને પ્રકૃતિ અને કલ્પનાશક્તિ સાથે જોડે છે.

**માટીની ગાડીમાં છુપાયેલું બાળમન** :

મહાકવિ શૂદ્રકના મૃચ્છકટિકમ્ એવા પ્રકરણ

નાટકનું નામ જ એક રમકડા પરથી પડ્યું છે. ચારુદત્તનો પુત્ર રોહસેન માટીની ગાડી છોડીને સોનાની ગાડી માંગે છે. ગરીબ ચારુદત્ત તેની ઈચ્છા પૂરી કરી શકતો નથી. ત્યારે વસંતસેના પોતાનાં આભૂષણો માટીની ગાડીમાં મૂકી તેને પ્રેમથી કહે છે કે હવે આ તારી સોનાની ગાડી છે. આ પ્રસંગનો મર્મ રમકડાંમાં નહીં, પરંતુ લાગણીઓમાં છે. બાળક માટે મોંઘાં રમકડાં કરતાં વધુ અગત્યનાં છે પ્રેમ, સ્વીકાર અને તેની લાગણીઓને સમજવાની સંવેદના.

**આજના શિક્ષણ માટે આપણા ગ્રંથોનો સંદેશ :**

સંસ્કૃત સાહિત્યમાં બાળક્રીડા અને રમકડાં અંગેના સંદર્ભો માત્ર ઐતિહાસિક માહિતી નથી; તેઓ આજના બાળશિક્ષણને પણ નવી દિશા આપે છે. વિશ્વ આજે રમત આધારિત શિક્ષણ, અનુભવ દ્વારા અધ્યયન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓને મહત્ત્વ આપી રહ્યું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને NCF-FS પણ બાળકની જિજ્ઞાસા, રમત અને અનુભૂતિને શિક્ષણનો આધાર બનાવે છે.

આપણા આચાર્યો માટે રમત શિક્ષણનું વિરોધી તત્ત્વ નહોતી; રમત જ તો શિક્ષણનો આરંભ હતી. આજે બાળકના હાથમાં રમકડાં કરતાં મોબાઈલ વધુ છે. ખુલ્લાં મેદાનોની જગ્યાએ સ્ક્રીનનું વિશ્વ વિસ્તર્યું છે. ટૅક્નોલૉજી ઉપયોગી છે, પરંતુ જો બાળક પ્રકૃતિ અને સમાજથી દૂર થવા લાગે તો તેના સર્વાંગી વિકાસમાં ખોટ ઊભી થાય છે. ભારતીય રમકડાં જીવન સાથે જોડાયેલાં હતાં. માટીનો હાથી પ્રકૃતિનો પરિચય કરાવતો, લાકડાનું ગાડું શ્રમ અને ગતિ સમજાવતું અને ઢીંગલી સંબંધો તથા સંવેદનાઓનો પ્રથમ પાઠ ભણાવતી હતી. રમકડું માત્ર વસ્તુ નથી; તે સંસ્કૃતિ અને મૂલ્યોનું વહન કરતું માધ્યમ છે.

**રમકડું : સંસ્કારનું પ્રથમ પગરણ :**

ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારની શરૂઆત ઉપદેશથી નહીં, પરંતુ અનુભવથી થાય છે. બાળકને પ્રકૃતિનો પ્રેમ શીખવવો હોય તો તેને પ્રકૃતિ સાથે રમવા દો. સર્જનાત્મકતા વિકસાવવી હોય તો એવું રમકડું આપો, જેમાં તે પોતે કંઈક ઉમેરે, બદલે અથવા સર્જે. રમકડું બાળકને માત્ર રમાડતું નથી; તેને ઘડતું પણ હોય છે. રમતાં-રમતાં તેનું ભાષાજ્ઞાન, કલ્પનાશક્તિ, ભાવજગત અને સર્જનાત્મકતા વિકસે છે. તેથી યોગ્ય રમકડાંની પસંદગી બાળકના ભવિષ્યની પસંદગી સમાન છે.

**ભારતીય જ્ઞાનપરંપરાની નૂતન પ્રાસંગિકતા :**

ભારતીય જ્ઞાનપરંપરાનું મહત્ત્વ માત્ર પ્રાચીન ગૌરવમાં નથી; આજના જીવન માટે ઉપયોગી વિચારો પ્રદાન કરવામાં છે. સંસ્કૃત ગ્રંથો આપણને યાદ અપાવે છે કે શિક્ષણનું પ્રથમ સાધન પુસ્તક નહીં, અનુભવ છે; પ્રથમ વર્ગખંડ શાળા નહીં, પરિવાર છે; પ્રથમ શિક્ષક પ્રકૃતિ છે અને પ્રથમ શૈક્ષણિક સાધન રમકડું છે. ભારતીય સંસ્કૃતિએ બાળકને માત્ર ભવિષ્યના નાગરિક તરીકે નહીં, પરંતુ વર્તમાનના જીવંત આનંદ તરીકે પણ જોયું છે. તેથી જ તેના જીવનમાં રમત, પ્રકૃતિ, સંગીત અને સર્જનને વિશેષ સ્થાન મળ્યું છે.

સંસ્કૃત સાહિત્યમાં બાળક્રીડા, રમતગૃહ અને રમકડાં અંગેના સંદર્ભો ભારતીય જીવનદર્શનના જીવંત દસ્તાવેજો છે. તેઓ દર્શાવે છે કે આપણા ઋષિઓએ બાળકની સુરક્ષા, આરોગ્ય, કલ્પનાશક્તિ, જિજ્ઞાસા અને સંસ્કારો અંગે અત્યંત વૈજ્ઞાનિક અને સંવેદનશીલ દૃષ્ટિ વિકસાવી હતી. આજે જ્યારે વિશ્વ ફરીથી રમત આધારિત શિક્ષણ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ભારતીય જ્ઞાનપરંપરા આત્મવિશ્વાસપૂર્વક કહી શકે છે કે આ માર્ગ આપણો પ્રાચીન વારસો છે. તેથી આ ગ્રંથોને માત્ર ઇતિહાસ તરીકે નહીં, પરંતુ ભવિષ્યના બાળશિક્ષણની માર્ગદર્શિકા તરીકે સમજવાની જરૂર છે. કારણ કે અંતે - પ્રકૃતિ બાળકની પ્રથમ પાઠશાળા છે, રમત તેની પ્રથમ ભાષા છે અને રમકડું તેનો પ્રથમ ગુરુ છે.

# રમકડાં :
# બાળકોના મનનું રજવાડું



- ડૉ. નિષાદ ઓઝા
સિનિયર લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ઈડર. મો. ૯૯૯૮૪૨૧૬૧૮

**"જેના હૃદયમાં શિશુ તણો નિત વાસ છે,**
**એના જ જીવનમાં પ્રભુનો સાક્ષાત્ ભાસ છે."**

માનવજીવનનો સૌથી પવિત્ર અને નિષ્કપટ તબક્કો એટલે બાળપણ, જેને સૌથી વધુ જીવંત અને રંગીન બનાવવાનું કામ 'રમકડાં' કરે છે. રમકડું એ માત્ર નિર્જીવ વસ્તુ નથી, પણ બાળકના ભાવજગતનો ધબકતો હિસ્સો અને એકાંતના પરમ સખા છે. સમ્રાટ કે સિકંદર પણ બાળકના હાથમાં રમકડું જોઈ પોતાની સત્તા ભૂલીને તેની સાથે બાળક બની જાય છે. સાચે જ, રમકડાં એ બાળકના મનનું કોઈ સીમિત ખોરડું નહીં, પણ એક આખું વૈભવી અને અખંડ રજવાડું છે, જ્યાં બાળક પોતે સાર્વભૌમ રાજા છે અને તેનાં રમકડાં તેની વફાદાર પ્રજા છે.

**મોબાઈલ રમકડાનો વિકલ્પ ન જ બનાવીએ :**

અત્યારે ચર્ચામાં લેવો જ પડે એવો અને અત્યંત સંવેદનશીલ હોઈ એને પહેલા મુદ્દા તરીકે જ અહીં રજૂ કરવો છે. ટૅક્નોલૉજી આજના યુગમાં બાળકોને શાંત રાખવા માટે મોબાઈલને રમકડું બનાવી દેવું એ લાલબત્તી સમાન ગંભીર ભૂલ છે, કારણ કે મોબાઇલ ક્યારેય સાચા રમકડાનો વિકલ્પ બની શકે નહીં. મોબાઇલ બાળકને માત્ર 'પ્રેક્ષક' અને ડિજિટલ બંધાણી બનાવે છે, જ્યારે માટી કે લાકડાં જેવાં સાચા રમકડાં બાળકની પાંચેય ઇન્દ્રિયોને જાગૃત કરી તેને સક્રિય 'સર્જક' બનાવે છે અને સાચી સંવેદનાઓ વિકસાવે છે. મોબાઇલનાં અતિ ઝડપી વિઝ્યુઅલ્સ બાળકને અધીરું અને ચંચળ બનાવે છે, જ્યારે સાદાં રમકડાં તેની એકાગ્રતા અને ધીરજ કેળવે છે. ટૂંકમાં, મોબાઇલ આપણી સગવડ હોઈ શકે પણ બાળકની સાચી કેળવણી નથી, તેથી બાળપણને મોબાઇલની લતે ચડાવવાને બદલે તેને સાચાં રમકડાં આપી તેનો સર્વાંગી વિકાસ થવા દઈએ. મોબાઇલની આ દોટમાં આપણે સાંભળતાં નથી એ વાત અલગ છે પણ બાળકનું મન તો ક્યાંક ને ક્યાંક એમ જ કહી રહ્યું હોય છે કે ...

**"બાળપણ પાછું આપો, એ કાગળની હોડી આપો,**
**એ માટીનાં રમકડાં ને વહાલની એ દોરી આપો."**

**શેરીમાં આવતા યાચકોનાં માટીનાં રમકડાં :**

સમય બદલાયેલો છે પણ દરેકના હૃદયમાં ધરબાયેલો બાળપણનો સુંદર ભૂતકાળ બદલાયો નથી આજથી થોડા દાયકાઓ પાછળ નજર કરીએ તો, બપોરનો શાંત સમય હોય અને શેરીમાં એક મધુર સાદ સંભળાય: 'લે લો માટીના રમકડાં... ઘંટી, ચૂલો, ઢોચકી...' આ અવાજ સાંભળતાં જ ઘરમાં રમતાં બાળકોના કાન સરવા થઈ જતા. શેરીમાં આવતા ગરીબ યાચકો કે ફેરિયાઓ પાસે વાંસની ટોપલીમાં માટીનાં રંગબેરંગી રમકડાં રહેતાં. માટીની સોડમ સાથે જોડાયેલાં એ રમકડાં ખરીદવા માટે બાળકો પોતાની માતાના પાલવને પકડીને જીદ કરતાં.

એ માટીના ઘોડા, કાવડ, સીટી વગાડતી માટીની ચકલીઓ અને કૂવા-હવાડા જેવાં રમકડાં માત્ર થોડા પૈસામાં, જૂના અનાજના કે એક ટંકના ખાવાના બદલામાં મળતાં. આ રમકડાં પાછળ કોઈ મોટો વેપાર નહોતો, પણ એક સહજ માનવીય સંબંધ અને સંવેદના હતી. એ માટીનાં રમકડાં તૂટી જતાં ત્યારે બાળક રડી પડતું, અને ફરીથી તેને પાણી લગાડીને જોડવાનો પ્રયત્ન કરતું. એ પ્રક્રિયામાં બાળક અજાણતાં જ સર્જન અને વિસર્જનનો મોટો પાઠ શીખી જતું હતું.

**બાળઉછેરના પ્રારંભે રમકડાંનું મહત્ત્વ :**

કોઈ પણ પરિવારમાં બાળકના જન્મ સાથે જ ઘરમાં

આનંદનો મહોત્સવ શરૂ થાય છે. બાળઉછેરની વૈજ્ઞાનિક અને પરંપરાગત પદ્ધતિમાં રમકડાંનું સ્થાન હંમેશાં કેન્દ્રસ્થાને રહ્યું છે. બાળક જ્યારે ઘોડિયામાં હોય છે, ત્યારે તેની ઉપર બાંધવામાં આવતો 'ઘૂઘરો' કે 'ઝુમ્મર' તેનું પહેલું રમકડું બને છે. એ ઘૂઘરાના અવાજ તરફ બાળકની આંખો અને કાન કેન્દ્રિત થાય છે, જે તેના જ્ઞાનેન્દ્રિયોના વિકાસની શરૂઆત છે.

જેમ જેમ બાળક મોટું થાય છે, તેમ તેમ રમકડાં તેના ઉછેરનો આધાર બને છે. માતા બાળકને જમાડવા માટે હાથમાં રમકડું આપીને તેનું ધ્યાન બીજે દોરે છે. પિતા રાત્રે ઘરે આવે ત્યારે બાળકની આંખો પિતાના ખિસ્સા કે હાથ તરફ હોય છે કે આજે પપ્પા કયું રમકડું લાવ્યા હશે? આમ, રમકડાં પરિવારનાં સભ્યો વચ્ચે સ્નેહ સેતુનું કામ કરે છે. બાળઉછેરમાં રમકડાં એ વાલીઓ વતી બાળકને અપાતી એક એવી ભેટ છે જે તેના બાળપણને સુરક્ષિત અને આનંદિત રાખે છે.

**રમકડાં આપણી સાંસ્કૃતિક ધરોહર :**

આપણને નાનો લાગે એવો વિષય પણ ખૂબ મોટું ફલક ધરાવતો આ વિષય છે રમકડાંનો. અને એમાંય ભારતીય સંસ્કૃતિમાં રમકડાંનો ઈતિહાસ ખૂબ જ પ્રાચીન અને સમૃદ્ધ છે. સિંધુ ખીણની સંસ્કૃતિના ઉત્ખનન (હરપ્પા અને મોહેંજો-દેરો) દરમિયાન મળી આવેલા અવશેષોમાં માટીનાં બળદગાડાં, પૈડાંવાળાં પક્ષીઓ અને હલતી ગરદનવાળાં પ્રાણીઓનાં રમકડાં મળી આવ્યાં છે. આ દર્શાવે છે કે હજારો વર્ષ પહેલાં પણ આપણો સમાજ બાળકના મનોરંજન અને વિકાસ માટે કેટલો સભાન હતો!

ભારતના વિવિધ પ્રાંતોમાં પોતાની આગવી રમકડાં સંસ્કૃતિ છે. જેમ કે,ગુજરાતના ઈડર અને મહુવાના લાકડાનાં સુંદર, કલરફુલ અને ટાંકણ વગરનાં ગોળ રમકડાં, આંધ્રપ્રદેશનાં કોંડાપલ્લીનાં હળવા લાકડામાંથી બનતાં પૌરાણિક પાત્રોનાં રમકડાં, કર્ણાટકના ચન્નાપટનાં વનસ્પતિના રંગોથી રંગાયેલાં સુરક્ષિત લાકડાનાં રમકડાં.

આ રમકડાં માત્ર મનોરંજન નથી, પણ આપણી લોકકળા, તહેવારો અને સંસ્કૃતિને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવાનું સબળ માધ્યમ છે. જન્માષ્ટમીના મેળામાં મળતાં ધનુષ-બાણ કે તલવાર બાળકને આપણાં રામાયણ અને મહાભારતનાં પાત્રોની યાદ અપાવે છે.

**દાદા દાદીનાં માટીનાં રમકડાં :**

**"યાદ આવે છે હજુય એ માટીની સુગંધ,**
**જ્યારે દાદા બનાવતા રમકડાં અનોખાં અને અણમોલ."**

આજના 'ટૅક્નો-સેવી' યુગમાં કદાચ આ દ્રશ્ય અદશ્ય થઈ ગયું છે, પરંતુ ભૂતકાળમાં દાદા-દાદી પોતે પોતાનાં પૌત્ર-પૌત્રીઓ માટે ઘરના આંગણામાં બેસીને માટી કે કાપડનાં રમકડાં બનાવતાં. ચોમાસાની ઋતુમાં નદી કે તળાવની ભીની માટી લાવીને દાદા પોતાના હાથે સુંદર ગણપતિ, બળદ કે નાની ગાડી બનાવી આપતા. દાદીમા ઘરમાં વધેલા નકામા કાપડના ટુકડા (ચીંથરાં) માંથી સુંદર 'ઢીંગલી' બનાવતા, જેને મોતીની આંખો અને દોરાના વાળ લગાડવામાં આવતા. આ રમકડાંમાં બજારની ભભક નહોતી, પણ તેમાં દાદા-દાદી વહાલ નિચોવીને રેડતાં. એ રમકડાં સાથે વાર્તાઓ જોડાયેલી હતી. રમકડું બનાવતી વખતે દાદા જે વાર્તા કહેતા, તે બાળકના માનસપટ પર કાયમ માટે અંકિત થઈ જતી. આ પરંપરાગત રમકડાં એ વડીલોના આશીર્વાદ અને સંસ્કારોનું ભૌતિક સ્વરૂપ હતાં.

**રમકડાં અને બાળકોનું મનોવિજ્ઞાન :**

બાળ મનોવિજ્ઞાનમાં રમકડાં એ બાળકની પ્રથમ ભાષા સમાન છે, કારણ કે બાળક શબ્દો દ્વારા નહીં પણ રમકડાં દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. સંજ્ઞાનાત્મક વિકાસના સિદ્ધાંત મુજબ બાળક રમકડાંને નિર્જીવ નહીં પણ જીવંત પાત્ર માનીને તેની સાથે જીવે છે અને ગુસ્સો કે પ્રેમ જેવી લાગણીઓ ઠાલવે છે. રમકડાં સાથે વહાલ કે રમાડવાનો ડોળ કરીને બાળક પોતાના મનની આંતરિક ગૂંચો અને તણાવ હળવો કરે છે, જેના પર

આધુનિક 'પ્લે-થૅરપી' પણ કામ કરે છે.

**રમકડાં : બાળકના સર્વાંગી ઘડતરની પાઠશાળા :**

રમકડાં માત્ર મનોરંજનનું સાધન નથી, પણ બાળકના સર્વાંગી વિકાસની જીવંત પાઠશાળા છે, કારણ કે બાળકના ભવિષ્યનો પાયો તેના બાળપણની રમતોમાં જ નખાય છે. બાળકના વ્યક્તિત્વને મજબૂત કરતાં રમકડાંમાં સાયકલ અને બૉલ જેવા ક્રિયાત્મક રમકડાં શારીરિક તંદુરસ્તી અને સ્નાયુઓનું ગઠન કરે છે, જ્યારે ચેસ કે પઝલ્સ જેવાં બૌદ્ધિક અને તાર્કિક રમકડાં તાર્કિક વિચારશક્તિ, એકાગ્રતા અને ધીરજ કેળવે છે. આ ઉપરાંત, માટી, ડ્રોઈંગ કિટ કે લેગો બ્લૉક્સ જેવાં સર્જનાત્મક અને ભાવનાત્મક રમકડાં બાળકની કલ્પના-શક્તિને નવી ઊંચાઈ આપે છે. રમકડાંની આપ-લે દ્વારા બાળકોમાં સહકાર અને વહેંચવાની ભાવના ખીલે છે, તેમજ જૂથમાં રમવાથી આત્મવિશ્વાસના ગુણો વિકસે છે.

**વર્ગખંડોમાં રમકડાંનું મહત્ત્વ :**

**''ભણતરમાં જો રમત ભળે, તો જ્ઞાનનો દીવો ઘરમાં બળે,**

**ગોખણપટ્ટી દૂર થાય, ને બાળક હોંશે હોંશે ભણે.''**

પરંપરાગત શિક્ષણ પદ્ધતિમાં વર્ગખંડ એટલે ચાર દીવાલો, એક કાળું પાટિયું, શિક્ષકના હાથમાં સોટી અને બાળકોના ચહેરા પર છવાયેલો ભય કે કંટાળો. પણ બદલાતા સમયની સાથે આધુનિક શિક્ષણશાસ્ત્રીઓ હવે સ્વીકારે છે કે ગોખણપટ્ટીવાળું શિક્ષણ બોજારૂપ છે.

આજે પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓમાં 'ટોય-બેઝ્ડ પેડાગોજી' નો વ્યાપ વધ્યો છે. ગણિતના શુષ્ક અને અઘરા લાગતાં સરવાળા-બાદબાકી કે ગુણાકાર જ્યારે અબાકસ, રંગીન મણકા કે લાકડાની પટ્ટીઓ દ્વારા શીખવવામાં આવે છે, ત્યારે બાળક તેને રમત-રમતમાં આત્મસાત્ કરી લે છે.

**પરિવારોમાં રમકડાંનું બદલાતું અસ્તિત્વ :**

સમયે કરવટ બદલી એમ પરિવારોનાં સ્વરૂપો બદલાયાં અને તેની સીધી અસર બાળપણ પર પડી છે. સંયુક્ત પરિવારો તૂટ્યા અને વિભક્ત પરિવારો આવ્યા. આજે માતા-પિતા બંને નોકરી કરતાં હોય તેવાં ઘરોની સંખ્યા વધી છે. પરિણામે, બાળકને આપવા માટે વાલીઓ પાસે સમય નથી, પણ પૈસા છે. આ પૈસાથી તેઓ બાળકને મોંઘામાં મોંઘાં, ઈલેક્ટ્રોનિક અને ઑટોમેટિક રમકડાં ખરીદી આપે છે. પરંતુ આ આધુનિકતાની એક કાળી બાજુ પણ છે. આજનાં બાળકોના હાથમાંથી ભૌતિક રમકડાં છીનવાઈ ગયા છે અને તેનું સ્થાન 'મોબાઈલ સ્ક્રીન' કે 'વીડિયો ગેઈમ્સ' લઈ લીધું છે.

**રમકડાં બાળકોના મનનું ખોરડું નહીં, રજવાડું :**

સામાન્ય રીતે ભૌતિકવાદી દુનિયામાં એવું માનવામાં આવે છે કે જે બાળકની પાસે મોંઘા, આયાતી અને આધુનિક રમકડાં છે તેનું બાળપણ સમૃદ્ધ છે અને ગરીબના બાળક પાસે રમકડાં નથી હોતાં, એટલે તેનું બાળપણ અધૂરું છે. પણ ના, બાળકના મનની અમીરાત જુદી છે.

એક ગરીબ શ્રમિકનું બાળક રસ્તાના કિનારે પડેલાં નકામા વ્હીલ કે ટાયરને નાની લાકડીથી દોડાવીને, કે માટીના ઢેફામાંથી નાનું ઘર બનાવીને જે પરમાનંદ મેળવે છે; તેવો આનંદ કદાચ એક અમીરનો દીકરો લાખો રૂપિયાની રિમોટ કંટ્રોલ કારથી પણ નથી મેળવી શકતો.

બાળક જ્યારે પોતાના રમકડાંની સૃષ્ટિમાં ખોવાઈ જાય છે, ત્યારે તે સમય અને સ્થળનાં બંધનોથી પર થઈ જાય છે. તે પોતાના મનની આખી સૃષ્ટિ રચે છે અને ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન કરાવી આખા ઘરને ઉત્સવમાં ફેરવી શકે છે. આ તેની કલ્પનાશક્તિનું 'રજવાડું' છે. આ રજવાડામાં કોઈ ગરીબી નથી, કોઈ ભેદભાવ નથી. અહીં તો બસ મુક્ત કલ્પનાનો વૈભવ છે. બાળક પોતાના આ આંતરિક રજવાડાનો અપ્રતિમ શાસક છે, જ્યાં નકારાત્મકતાને કોઈ સ્થાન નથી તે પોતાના તૂટેલા રમકડાંને પણ સિંહાસન ધારી રાજા જેવો વૈભવ આપી શકે છે, શરત માત્ર એટલી કે એ બાળકના હાથમાં હોવું જોઈએ.

# બાળપુષ્પોને ખીલવવા માટે રમકડાં



- ડૉ. ઉષા એસ. શારડા
એસોસિયેટ પ્રોફેસર
એન. એચ. પટેલ કૉલેજ ઑફ એજ્યુ.,
આણંદ. મો. ૯૮૨૪૦૭૯૪૦૩

આધુનિક યુગમાં શિક્ષણનું સાચું કેન્દ્ર પુસ્તક નહીં, પરંતુ બાળક છે. બાલ્યાવસ્થામાં બાળક આસપાસની દુનિયાને સમજવા, શીખવા અને અનુભવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે.સાંપ્રત સમયમાં માત્ર પુસ્તકીયું જ્ઞાન પૂરતું નથી.પરંતુ બાળક માટે પોતાની અને અન્યની લાગણીઓને સમજવાની, નિયંત્રિત કરવાની ક્ષમતા પણ એટલી જરૂરી બની છે. સંવેદનાઓનો ક્ષય, માનસિક તણાવ, પર્યાવરણની સમસ્યાઓ, સામાજિક વિખવાદ અને આત્મકેન્દ્રિતાના કારણે વ્યક્તિનાં નૈતિક મૂલ્યોમાં ઘટાડો જોવા મળે છે. આ સમયમાં ઋષિ-મુનિઓનાં તપ, અનુભવ અને અધ્યયન દ્વારા વિકસિત થયેલ અને પેઢીથી પેઢી સુધી ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા આગળ વધતી ભારતીય જ્ઞાન પરંપરા ટૅક્નોલૉજી, સ્પર્ધા અને ભૌતિકવાદના કારણે થયેલા પ્રશ્નોના ઉકેલ અર્થે વધુ પ્રાસંગિક છે.એ માત્ર પુસ્તકીય જ્ઞાનનો સંગ્રહ નથી, પરંતુ જીવન જીવવાની કળા, મૂલ્યો અને સંસ્કારોનો અમૂલ્ય ખજાનો છે. રમત-રમતમાં શીખવાની પહેલ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા અને નવીન વિચારશક્તિના વિકાસ તરફ મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે. શિક્ષણશાસ્ત્રીઓ અને મનોવિજ્ઞાનીઓ રમકડાંને ''શિક્ષણનું પ્રથમ સાધન'' ગણાવે છે.રમકડાં દ્વારા આધુનિક શિક્ષણ સાથે ભારતીય જ્ઞાન પરંપરાનો સમન્વય કરવાથી બાળકનો સંતુલિત વિકાસ શક્ય બને છે.

**રમકડાંની વિભાવના :**

રમકડાં એટલે એવી વસ્તુઓ કે સાધનો, જે બાળકને રમવા માટે પ્રેરિત કરે અને તેની અંદર રહેલી જિજ્ઞાસા, કલ્પના અને સર્જનાત્મકતાને જાગૃત કરે. હાઈબ્રિડ સમયમાં પરંપરાગત, આધુનિક, શૈક્ષણિક, ઈલેક્ટ્રોનિક વગેરે પ્રકારનાં રમકડાં બાળકના વિકાસનાં જુદાં જુદાં પાસાઓને સ્પર્શે છે.

**રમકડાં દ્વારા શારીરિક વિકાસ :**

બૉલ, દોરીકૂદ, સાઇકલ, ટ્રાઇસાઇકલ જેવાં રમકડાં બાળકોના હાથ અને પગના સ્નાયુઓને મજબૂત બનાવે છે. જ્યારે બાળક દોડે, કૂદે કે દડો ફેંકે છે, ત્યારે તેની શારીરિક શક્તિ વધે છે.બિલ્ડિંગ બ્લૉક્સ, પઝલ્સ અને ખેતર-મૉડલ રમકડાં બાળકોમાં હાથ અને આંખના સંકલનને (coordination) વિકસાવે છે. આ કૌશલ ભવિષ્યમાં લખાણ, ચિત્રકામ અને અન્ય કાર્યો માટે ઉપયોગી બને છે. ઝૂલા, સ્લાઇડર અને સાઇકલ જેવાં રમકડાં બાળકમાં સમતોલન અને શરીર પર નિયંત્રણ લાવે છે. સેક્સ્યુઅલ એબ્યૂઝની ઘટના ન બને તે માટે રમકડાં દ્વારા બાળકોને ગુડ ટચ, બેડ ટચ શિખવાડી શકાય.

**રમકડાં દ્વારા બૌદ્ધિક વિકાસ :**

રમકડાં બાળકના મનને તાજગી આપે છે જે તેને તણાવમુક્ત રાખે છે. રમત દરમિયાન બાળક આનંદ અનુભવે છે, જે તેના માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે. રમકડાં સાથે લાંબા સમય સુધી રમવાથી બાળકમાં ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા વધે છે. રમકડાં દ્વારા બાળક નવી વસ્તુઓ શીખે છે, પ્રશ્નો પૂછે છે અને તેમના જવાબ શોધવાનો પ્રયત્ન કરે છે. જ્યારે બાળક પોતે કંઈક બનાવે છે અથવા સફળ થાય છે, ત્યારે તેમાં આત્મવિશ્વાસ વધે છે.આ પ્રક્રિયા તેની બુદ્ધિ અને વિચારશક્તિને સતેજ કરે છે.પઝલ, બ્લૉક્સ, ગણિતીય રમતો વગેરે બુદ્ધિ વિકાસના રમકડાં બાળકની વિચારશક્તિને તેજ બનાવે છે. આ

રમકડાં દ્વારા બાળક સમસ્યાઓ ઉકેલવાની કળા શીખે છે અને તેની તર્કશક્તિ વિકસે છે. ઝડપી ગણતરીની પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં ગણિત પ્રત્યે રસ, એકાગ્રતા અને આત્મવિકાસનો વિકાસ થાય છે.

**રમકડાં દ્વારા ભાષાકીય વિકાસ :**

ડોલ, પ્રાણીઓનાં રમકડાં, અક્ષર-આધારિત રમકડાં વગેરે બાળકને નવા શબ્દો શીખવામાં મદદ કરે છે.પરિણામે બાળકોના શબ્દભંડોળનો વિકાસ થાય છે. બાળક જ્યારે મિત્રો અથવા માતા-પિતાની સાથે રમે છે, ત્યારે તે વાતચીત કરવાનું શીખે છે. પરિણામે તેનામાં સંવાદ કુશળતા આવે છે. રમકડાંથી રમતી વખતે બાળક વાર્તાઓ બનાવે છે, જે તેના ભાષાકીય અને સર્જનાત્મક વિકાસને પ્રોત્સાહિત કરે છે. રમત દરમિયાન બાળક સૂચનાઓ સાંભળે છે અને તેને અનુસરે છે, જેનાથી તેની સાંભળવાની અને સમજવાની શક્તિ વિકસે છે.

**રમકડાં દ્વારા વિષયવસ્તુની સમજ :**

રમકડાં આધારિત શિક્ષણ એ શીખવાની પ્રક્રિયાને રમૂજી,આત્મીય અને બાળ- કેન્દ્રિત બનાવે છે. ઇલેક્ટ્રોનિક રમકડાં અને શૈક્ષણિક ઍપ્લિકેશન્સ દ્વારા બાળક ગણિત, પર્યાવરણ, સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન જેવા વિષયો સરળતાથી શીખે છે.ગણિતમાં ગણતરી માટે રંગીન ગણતરીના દાણા, દસકા-એકડાની કિટ, માપન કિટ, પર્યાવરણમાં પ્રાણી-પક્ષી પપેટસ, વિજ્ઞાનમાં ચુંબક દર્શાવવા ચુંબકીય રમકડાં, સામાજિક વિજ્ઞાનમાં રમકડાં દ્વારા નકશામાં રાજ્ય શોધવું, ટ્રાફિક નિયમોની રમત અભ્યાસને સરળ અને વ્યાવહારિક બનાવે છે. અધ્યયન સાથે હસ્તકૌશલનો પણ વિકાસ થાય છે. પરિણામે શીખવાની પ્રબળ લાગણીની અનુભૂતિ થાય છે.

**રમકડાં દ્વારા સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો વિકાસ :**

જ્યારે બાળક પોતે કાગળમાંથી પતંગ બનાવે કે અન્ય વસ્તુ બનાવે,માટીમાંથી આકાર બનાવે છે, ત્યારે તે ‘‘શ્રમનું મહત્ત્વ’’ અને ‘‘સ્વાવલંબન’’ શીખે છે. દીવાસળીના બાકસથી સોફાસેટ, કાગળમાંથી તોરણ-ફૂલ,હોડી વગેરે બાળકની સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને આત્મવિશ્વાસને વધારવામાં મદદ કરે છે.પઝલ્સ, બ્રેઇન ગેઇમ્સ અને બ્લૉક્સ જેવાં રમકડાં બાળકને વિચારવા પ્રેરિત કરે છે. જ્યારે બાળક કોઈ પઝલ ઉકેલે છે, ત્યારે તે સમસ્યા ઉકેલવાની કુશળતા શીખે છે. બિલ્ડિંગ બ્લૉક્સની ગોઠવણનાં રમકડાં દ્વારા બાળક જ્યારે ઘર, મંદિર અથવા પુલ બનાવે છે, ત્યારે તે સર્જનાત્મકતા, આયોજન અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસાવે છે.

**રમકડાં દ્વારા સામાજિક વિકાસ :**

બોર્ડ ગેઇમ્સ, ટીમ રમતો અને જૂથમાં રમાતાં રમકડાં બાળકને વહેંચણી, સહકાર, નિયમોનું પાલન અને સહાનુભૂતિ જેવાં મૂલ્યો શીખવે છે. રમકડાં તેમને મિત્રતા, ટીમવર્ક અને સંવેદનશીલતા શીખવે છે. આ ગુણો તેને સારો નાગરિક બનવામાં મદદ કરે છે. સાથે જ બાળકને સમાજમાં કેવી રીતે વર્તવું તે શીખવે છે. જ્યારે બાળકો જૂથમાં લુડો અથવા ક્રિકેટ જેવી રમતો રમે છે, ત્યારે તેઓ એકબીજા સાથે વાતચીત કરે છે, સહકાર આપે છે અને સંબંધો બનાવે છે, ખેલદિલીની ભાવના શીખે છે જે બાળકના સામાજિક વિકાસ માટે જરૂરી છે.

**રમકડા દ્વારા વિવિધ વ્યવસાયોની જાણકારી :**

શીખવાનો એક સરળ અને આનંદદાયક માર્ગ રમકડાં જેના વડે બાળક નવી-નવી વસ્તુઓ શીખે છે અને તેના મગજનો વિકાસ થાય છે. બાળક જ્યારે રમકડાં સાથે રમે છે, ત્યારે તે પોતાની આસપાસની દુનિયાને સમજવાનો પ્રયત્ન કરે છે. ઉદાહરણ તરીકે, કારના રમકડાંથી બાળક વાહન વ્યવહાર વિશે શીખે છે, જ્યારે ડૉક્ટર-સેટથી ડૉક્ટરના વ્યવસાય વિશે જાણે છે. ડૉક્ટર બનીને બાળક સેવા અને માનવતા શીખે છે. શિક્ષકની ભૂમિકાવાળી રમતમાં શિક્ષક બનીને તે જ્ઞાન વહેંચવાની ભાવના વિકસાવે છે. આ બધું રમતમાં જ શીખી જવાય છે.

**નેતૃત્વ શીખવતાં રમકડાં :**

નહાતી વખતે પાણી ઉડાડવું, તકિયાથી મારામારી કરવી,ચાદર ઓઢીને ડરાવવું, આ રમતો પાછળ મનોવિજ્ઞાન કાર્ય કરે છે. કેવી રીતે પ્રહાર કરવો, કેવી રીતે બચવું અને કેવી રીતે નેતૃત્વ કરવું? આ બધું રમત-રમતમાં શીખી શકાય છે. હાલમાં ઘણા વાલીઓ બાળકોને નેતૃત્વ શીખવવા માંગે છે. પરંતુ નેતૃત્વનો અર્થ માત્ર આગળ રહેવું, ઉપર ચઢવું નથી, સાચું નેતૃત્વતો એ પણ શીખવે છે કે હાર થાય તો શું કરવું ? બાળકો માટીનાં વાસણો, રસોડાના સેટ અથવા નાની ઢીંગલીઓ સાથે "ઘર-ઘર" રમે છે, ત્યારે તે માતા-પિતાની ભૂમિકા નિભાવે છે. આથી તેને જવાબદારી, સંભાળ અને સહાનુભૂતિ જેવાં મૂલ્યો શીખવા મળે છે. રમત-રમતમાં નેતૃત્વ શીખવ્યું હતું શ્રી રામે. તેઓ નાના ભાઈઓ સાથેની દડાની રમતમાં હમેશાં ભરતને જિતાડતા. રમકડાં દ્વારા બાળક એવું નેતૃત્વ કરતાં શીખે છે કે જો જીતે તો અહંકાર નહીં કરવો અને હારે તો ઉદાસ નહિ થવું.

**પ્રકૃતિની સાથે જોડાણ કરાવતાં રમકડાં :**

રેતીમાં રમવું, પાણી સાથે રમવું અથવા લાકડાં-પાનથી રમકડાં બનાવવાં વગેરે બાળકમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, સંરક્ષણ અને સંતુલનનો ભાવ વિકસાવે છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિને માતા તરીકે માનવામાં આવે છે. ગણતરીની સાથે પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને પર્યાવરણ સંરક્ષણની ભાવના વિકસાવવા માટે દરેક બાળકને ૫૦ કે ૧૦૦ લીંબોળીના કે અન્ય ઠળિયા એકત્ર કરાવી ખુલ્લી જગ્યામાં વેરાવવાની પ્રવૃત્તિ કરાવી શકાય."પ્રકૃતિ દેવો ભવ"ભાવનાનું સંસ્કાર આ પ્રકારે આપી શકાય.ખુશીના દરેક પ્રસંગે ફૂલ નહિ ફૂલનો છોડ ગિફ્ટ કરી શકાય જે બાળકો માટે પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને ઉજજ્વળ ભવિષ્ય તરફનું એક સુંદર કદમ બનશે.

**રમકડાં અને ભારતીય જ્ઞાન પરંપરા :**

ભારતીય જ્ઞાન પરંપરા જીવનમૂલ્યો, સંસ્કારો અને આધ્યાત્મિકતાનું અનોખું સંમિશ્રણ છે. ભારતીય સંસ્કૃતિમાં પરંપરાગત રમકડાંનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. પ્રાચીન સમયમાં બાળકોને રમકડાં દ્વારા જ જીવનનાં મૂલ્યો શીખવવામાં આવતાં હતાં. આધુનિક રમકડાંના વધતા પ્રભાવ વચ્ચે પરંપરાગત રમકડાંનું મહત્ત્વ ઓછું થતું જાય છે.જો બાળકને શ્રીરામ, શ્રીકૃષ્ણ, હનુમાનજી જેવાં પાત્રોનાં રમકડાં આપવામાં આવે, તો તે તેમની વાર્તાઓ સાથે જોડાય છે. "રોલ પ્લે" થકી શ્રીરામ દ્વારા સત્ય અને કર્તવ્યનિષ્ઠા, શ્રીકૃષ્ણ દ્વારા બુદ્ધિ અને નૈતિકતા, શબરી દ્વારા ભગવાનમાં શ્રદ્ધા, હનુમાનજી વડે ભક્તિ અને શક્તિના ગુણોને અનુસરે છે. દરેક ઈશ્વરે સંઘર્ષ કર્યો છે. સંઘર્ષને કેવી રીતે હેન્ડલ કર્યો છે, સંઘર્ષોને એન્જોય કર્યા છે. તેવું જીવંત શિક્ષણ મળે છે. ગુરુકુલ પ્રણાલીમાં પણ રમત અને પ્રવૃત્તિઓ દ્વારા જ બાળકોને પ્રાયોગિક રીતે શિક્ષણ આપવામાં આવતું હતું, જેથી તેઓ જીવનમાં તે જ્ઞાનનો ઉપયોગ કરી શકે. સ્થાનિક હસ્તકલાનાં રમકડાં જેવા કે લાકડાનાં રમકડાં, કચ્છના કાપડનાં રમકડાં, કઠપૂતળી બાળકને પોતાના દેશની સંસ્કૃતિ, પરંપરા અને કારીગરોની મહેનત વિશે જાગૃત કરે છે. આથી તેમાં રાષ્ટ્રીય ગૌરવ અને સ્વદેશી ભાવના વિકસે છે.

**રમકડાં દ્વારા નૈતિક મૂલ્યોનું સિંચન :**

"નૈતિક મૂલ્યો" એટલે જીવનમાં સારા અને યોગ્ય વર્તન માટેના સિદ્ધાંતો. સત્ય, ઈમાનદારી, દયા, કરુણા, સહકાર, જવાબદારી અને વડીલોનો આદર જેવા ગુણો નૈતિક મૂલ્યોમાં આવે છે. "સિંચન" શબ્દનો અર્થ છે ઉછેરવું અને વિકાસ કરવો. નૈતિક મૂલ્યોનું સિંચન એટલે વ્યક્તિના જીવનમાં આ સારા ગુણોનો વિકાસ કરવો. માનવજીવન માત્ર ભૌતિક સુખ-સગવડો મેળવવા માટે નથી, પરંતુ સારા સંસ્કારો અને ઉત્તમ ગુણો સાથે જીવવાનું નામ જ સાચું જીવન છે. જ્ઞાન આપવાની સાથે રમકડાં બાળકોમાં નૈતિક મૂલ્યોનું સિંચન પણ કરે છે. દાખલા તરીકે સાપ-સીડીની રમતમાં "સારા કાર્યથી આગળ વધવું" અને "ખરાબ કાર્યથી પાછળ પડવું" આ વિચાર બાળકને નૈતિક પાઠ શીખવે છે.

# ગર્ભાવસ્થામાં રમકડાં સર્જન દ્વારા માતૃત્વ ભાવનો આવિર્ભાવ



- રાજશ્રી પટેલ
કાઉન્સેલર (તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર)
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર. મો. ૯૪૨૬૬૩૫૦૫૬

ગર્ભાવસ્થા એ સ્ત્રીના જીવનનો અત્યંત મહત્ત્વનો સમયગાળો છે. આ સમયે સગર્ભા અતિ સંવેદનશીલ હોય છે. આ સમયગાળામાં જો માતા સર્જનનો ભાવ રાખે, સર્જનાત્મકતાથી સમયપસાર કરે તો બાળકમાં પણ સર્જનનો ભાવ વિકસે છે, ઉપરાંત આ સર્જનોના કારણે ધીરજ,ખંત,એકાગ્રતા,કલાનો દૃષ્ટિકોણ વગેરે જેવા ગુણો વિકસે છે. આ સમયગાળામાં માતૃત્વનો ભાવ માત્ર શારીરિક રૂપે જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક સ્તરે પણ વિકસે છે. રમકડાં સર્જન એ લાગણીઓ અને ભાવ વ્યક્ત કરવાની એક સુંદર પ્રવૃતિ છે.

ભારતીય સંસ્કૃતિમાં સામાન્ય રીતે ગર્ભાવસ્થામાં સ્ત્રીઓ નવસર્જનની અનેક પ્રવૃત્તિઓ કરે - નવજાત-શિશુનાં કપડાં બનાવવાં તેમાં ભરતકામ કરવુ, ગૂંથણકામ કરવું, પારણાનાં ખોયાં બનાવવાં, પારણાની દોરી બનાવવી, રમકડાં બનાવવાં વગેરે... આમ કરવાથી સગર્ભાના શરીરમાં  ડોપામાઈન અને સેરોટોનીન જેવાં હોર્મોન્સનો સ્રાવ થાય છે,જે માતાને ખુશ રાખે છે અને "મા" હોવાનો અહેસાસ કરાવે છે.

**ગર્ભાવસ્થામાં રમકડાં સર્જનના ફાયદાઓ :**

**માતૃત્વનો ભાવ વિકસે :**

રમકડાં બનાવતી વખતે માતા પોતાના બાળક માટે પ્રેમ, કાળજી અને "મા" હોવાની ભાવના અનુભવે છે. આ પ્રક્રિયા તેને માતૃત્વ માટે માનસિક રીતે તૈયાર કરે છે. સગર્ભા જો આ સમયે રમકડાં સર્જન કરે તો તેની કલ્પનાશક્તિ વિકસે છે,આ સર્જનાત્મકતા તેને બાળક સાથે ભાવનાત્મક રીતે જોડે છે. રમકડાં બનાવતી વખતે માતા બાળકની સુંદર  કલ્પના કરે છે, તેના માટે રંગો, આકારો પસંદ કરે છે. આ કલ્પનાત્મક જોડાણ દ્વારા માતૃત્વનો ભાવ વધુ સઘન બને છે.

**માનસિક લાભ થાય :**

રમકડાં બનાવવાની પ્રક્રિયા ધ્યાન જેવી અસર કરે છે, જે ગર્ભાવસ્થામાં તણાવ ઘટાડે છે, એકાગ્રતા વધે છે. બાળક માટે નવું નવું સર્જન કરવાની ક્ષમતા માતાને આત્મવિશ્વાસ આપે છે કે તે બાળકની સંભાળ સારી રીતે લઈ શકશે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ માતાને આનંદ અને શાંતિ આપે છે, જે બાળકના વિકાસ માટે પણ અનુકૂળ છે. જેનાથી સકારાત્મક વાતાવરણ સર્જાય અને માતાને સકારાત્મક બનાવે છે.

**સાંસ્કૃતિક પરંપરા જળવાય :**

ઘણા સમાજોમાં ગર્ભાવસ્થામાં સ્ત્રીઓ બાળક માટે હાથથી બનાવેલાં રમકડાં, કપડાં અથવા ઘરગથ્થુ વસ્તુઓ તૈયાર કરે છે. આ પરંપરા માતૃત્વ ભાવના પ્રગટાવવાની સાથે સાંસ્કૃતિક વારસો જાળવે છે અને આગળ વધારે છે. રમકડાંની  સ્થાનિક કળા, રંગો અને પરંપરાઓને કારણે તે બાળકને જન્મથી જ પોતાની સંસ્કૃતિ સાથે જોડે છે, જે સાંસ્કૃતિક ઓળખ ઊભી કરી શકે. ઘણીવાર પરિવારનાં સભ્યો અને સમુદાય પણ આ સર્જનાત્મક પ્રક્રિયામાં જોડાય છે, જે માતાને સહકાર અને પ્રેમની અનુભૂતિ કરાવે છે, જે કૌટુંબિક ભાવના અને જોડાણનો અહેસાસ કરાવે છે.

**કેવાં કેવાં રમકડાં સર્જી શકાય ?**

ગર્ભાવસ્થામાં અનેક પ્રકારનાં રમકડાં સર્જી શકાય,જેનાથી કલાના આવિર્ભાવ સાથે ગર્ભસ્થ શિશુનો બૌદ્ધિક વિકાસ શક્ય બને. જેમ કે ચીકણી માટી અથવા મૉડેલિંગ કલેમાંથી અનેક પ્રકારનાં રમકડાં બનાવી શકાય.

# સમસ્યા-ઉકેલ કૌશલ્ય વિકસાવવામાં પઝલ (Puzzle)ની ભૂમિકા



- પાયલ રોટ
આસિ. પ્રોફેસર
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર. મો. ૭૦૧૬૧ ૨૮૦૫૪

એકવીસમી સદીના શિક્ષણમાં સમસ્યા-ઉકેલ કૌશલ્ય (Problem-solving skills) એ સૌથી મહત્ત્વપૂર્ણ યોગ્યતાઓમાંથી એક છે. આ કૌશલ્ય વિદ્યાર્થીઓને સમસ્યાઓ ઓળખવા, માહિતીનું વિશ્લેષણ કરવા, સંભવિત ઉકેલો શોધવા અને સાચા નિર્ણયો લેવા માટે સક્ષમ બનાવે છે. આજના સમયનું શિક્ષણ ગોખણપટ્ટીના બદલે સક્રિય અને અનુભવાત્મક શિક્ષણ દ્વારા આ કુશળતા વિકસાવવા પર ભાર મૂકે છે (ઓર્ગેનાઇઝેશન ફોર ઈકોનોમિક કો-ઑપરેશન એન્ડ ડેવલપમેન્ટ [OECD], ૨૦૧૯). શિક્ષણની અલગ-અલગ પદ્ધતિઓમાં, પઝલ એ અસરકારક શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગી છે, જે વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ રીતે સમસ્યા ઉકેલવાની પ્રવૃત્તિઓમાં જોડે છે. પઝલ ઉકેલતી વખતે વિદ્યાર્થીઓ પેટર્ન (Pattern) જુએ છે, તાર્કિક વિચારસરણીનો ઉપયોગ કરે છે, અનેક કોશિશ કરે છે અને પરિણામોનું મૂલ્યાંકન કરે છે જેનાથી તેમની સમસ્યા ઉકેલવાની ક્ષમતા મજબૂત બને છે (પોલ્યા, ૧૯૫૭).

National Education Policy (NEP) ૨૦૨૦ યોગ્યતા-આધારિત અને અનુભવ આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે, રમકડાં અને રમતોના ઉપયોગથી વિવેચનાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ લાવવા જેવી ક્ષમતા વિકસાવવાની વાત કરવામાં આવી છે (શિક્ષણ મંત્રાલય [MoE], ૨૦૨૦). તેવી જ રીતે, NCERTની Toy-Based Pedagogy Handbook (૨૦૨૨) અને National Curriculum Frameworks (NCF-FS, ૨૦૨૨; NCF-SE, ૨૦૨૩) ક્લાસરૂમમાં પણ પઝલનો ઉપયોગ કરવાની વાત કરે છે, જેથી વિદ્યાર્થીઓમાં વ્યવસ્થિત રીતે સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા વિકસે.

**સમસ્યા-ઉકેલ કૌશલ્ય :**

સમસ્યા-ઉકેલ કૌશલ્ય એટલે સમસ્યાને ઓળખવાની, તેનું સ્વરૂપ સમજવાની, યોગ્ય યોજનાઓ બનાવવાની, ઉકેલો લાગુ કરવાની અને પરિણામોનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા. આ એક પ્રક્રિયા છે જેમાં વિદ્યાર્થીઓએ માહિતીનું વિશ્લેષણ કરવું, પેટર્ન ઓળખવી, વિકલ્પોની તુલના કરવી, તાર્કિક નિર્ણયો લેવા અને જરૂર પડે ત્યારે પોતાના અભિગમમાં ફેરફાર કરવો પડે છે (મેયર, ૨૦૧૩). ગોખેલા પર આધાર રાખવાને બદલે, ખરેખર સમસ્યા-ઉકેલ કૌશલ્ય વિદ્યાર્થીઓને વિવેચનાત્મક રીતે વિચારવા અને અચાનક આવેલી પરિસ્થિતિઓમાં જ્ઞાનનો ઉપયોગ કરવા પ્રેરિત કરે છે.

પિયાજે (૧૯૭૨) અને વાયગોત્સ્કી (૧૯૭૮) જેવા જ્ઞાનાત્મક સિદ્ધાંતવાદીઓએ જણાવ્યું હતું કે અર્થ સાથે કરવામાં આવતાં કાર્યોમાં સક્રિયપણે જોડાવાથી સમસ્યા-ઉકેલવાની ક્ષમતા વિકસે છે. આ દૃષ્ટિકોણને અનુરૂપ, શૈક્ષણિક પ્રવૃત્તિઓએ વિદ્યાર્થીઓને નવી વસ્તુઓ શોધવા, વિવિધ યોજનાઓ અજમાવવા, ભૂલોમાંથી શીખવા અને તેમના ઉકેલો સુધારવાની તકો આપવી જોઈએ. પઝલ વિદ્યાર્થીઓને પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવા, વ્યૂહરચના બનાવવા અને પરિણામોનું મૂલ્યાંકન કરવા માટે મજબૂર કરે છે, તેથી તેઓ રોજિંદા જીવનમાં આવતી સમસ્યા-ઉકેલવાના કૌશલ્યને મજબૂત કરવા માટે એક અસરકારક માધ્યમ તરીકે કામ કરે છે.

**શૈક્ષણિક રમકડાં તરીકે પઝલ (Puzzle) :**

પઝલ એ એવાં શૈક્ષણિક રમકડાં છે જે વિદ્યાર્થીઓને વ્યવસ્થિત રીતે સમસ્યા ઉકેલવાની પ્રવૃત્તિઓમાં જોડે છે. સામાન્ય રમકડાં કે જે ફક્ત

મનોરંજન માટે હોય છે તેનાથી વિપરીત, પઝલ એવા પડકારો રજૂ કરે છે જેમાં ઉકેલ સુધી પહોંચવા માટે નિરીક્ષણ, તાર્કિક વિચારસરણી, વિશ્લેષણ અને આયોજન જરૂરી છે. કોઈ પણ કાર્ય પૂર્ણ કરતાં પહેલાં વિદ્યાર્થીઓને સંબંધો ઓળખવા, પેટર્ન સમજવી, વિવિધ શક્યતાઓ અજમાવવી અને પરિણામોનું મૂલ્યાંકન કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા સમસ્યા-ઉકેલના મહત્ત્વપૂર્ણ તબક્કાઓ જેવી જ છે અને સક્રિય શિક્ષણને પ્રોત્સાહન આપે છે.

**પઝલના પ્રકાર :**

**શૈક્ષણિક પઝલનાં વિવિધ સ્વરૂપો :**

**જિગ્સૉ પઝલ (Jigsaw Puzzle) :** આમાં વિદ્યાર્થીઓએ ટુકડાઓ વચ્ચેના સંબંધો ઓળખવાના હોય છે અને ધ્યાનપૂર્વક નિરીક્ષણ તથા તાર્કિક ગોઠવણી દ્વારા આખું ચિત્ર ફરીથી બનાવવાનું હોય છે.

**ટેન્ગ્રામ પઝલ (Tangram Puzzle) :** આ વિદ્યાર્થીઓને આકારોનું વિશ્લેષણ કરવા અને ભૌમિતિક ટુકડાઓનો ઉપયોગ કરીને ચોક્કસ આકૃતિઓ બનાવવાની ઘણી રીતો શોધવા માટે પ્રોત્સાહિત કરે છે.

**લૉજિક પઝલ (Logic Puzzle) :** આમાં તાર્કિક વિચારસરણીની જરૂર પડે છે, જ્યાં વિદ્યાર્થીઓએ સંકેતોનો અર્થ સમજીને ખોટી શક્યતાઓને દૂર કરવાની હોય છે.

**નંબર પઝલ (Number Puzzle) :** જેમ કે સુડોકુ (Sudoku), જેમાં સંખ્યાઓની પેટર્ન ઓળખવી અને ખાનાં પૂર્ણ કરવા માટે તાર્કિક નિયમો લાગુ કરવાના હોય છે.

**ક્રોસવર્ડ અને શબ્દ પઝલ (Crossword and word Puzzle)** : આમાં વિદ્યાર્થીઓએ સંકેતોનું વિશ્લેષણ કરવું પડે છે અને તર્ક દ્વારા સાચા શબ્દો ગોઠવવા પડે છે.

**મિકેનિકલ પઝલ (Mechanical Puzzle) :** જેમાં વસ્તુઓને એકબીજામાં ભેરવવાની કે અલગ કરવાની રમતોનો સમાવેશ થાય છે, જે વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક કાર્ય પૂર્ણ કરવા માટે ક્રમબદ્ધ પગલાં નક્કી કરવાનો પડકાર આપે છે.

જોકે આ બધાં પઝલ સ્વરૂપમાં ભિન્ન છે, પણ તે બધામાં વિદ્યાર્થીઓએ સમસ્યા વ્યાખ્યાયિત કરવી, યોજનાઓ બનાવવી, વિકલ્પો અજમાવવા અને ઉકેલોનું મૂલ્યાંકન કરવું પડે છે, જે સમસ્યા-ઉકેલવાની કુશળતાને મજબૂત કરવા માટે વિવિધ તકો પૂરી પાડે છે (પોલ્યા, ૧૯૫૭).

**સમસ્યા-ઉકેલ કૌશલ્ય વિકસાવવામાં પઝલની ભૂમિકા :**

પઝલ વિદ્યાર્થીઓને સમસ્યા-ઉકેલના આવશ્યક ભાગોનો વારંવાર અભ્યાસ કરવાની તક આપે છે. જ્યારે કોઈ પઝલ ઉકેલવામાં આવે છે, ત્યારે વિદ્યાર્થીઓ પહેલા સમસ્યાનું સ્વરૂપ ઓળખે છે, ઉપલબ્ધ માહિતી તપાસે છે અને સંભવિત ઉકેલની યોજના નક્કી કરે છે. ત્યારબાદ તેઓ આ યોજનાઓ અજમાવી જુએ છે અને આ દરમ્યાન તેઓ ધીમે ધીમે આગળ વધે છે, ભૂલો ઓળખે છે અને સમસ્યા સફળતાપૂર્વક ઉકેલાય નહીં ત્યાં સુધી પોતાના અભિગમમાં સુધારો કરે છે. આ વ્યવસ્થિત પ્રક્રિયા પોલ્યા (૧૯૫૭)ના સમસ્યા-ઉકેલના મૉડેલ સાથે બરાબર બંધ બેસે છે. વર્ગખંડની સામાન્ય પ્રવૃત્તિઓથી વિપરીત, પઝલમાં ઘણીવાર ઉકેલ માટે એક કરતાં વધુ રસ્તાઓ હોય છે, જે વિદ્યાર્થીઓને વિકલ્પોની તુલના કરવા અને સૌથી નજીકની રીત પસંદ કરવા પ્રોત્સાહિત કરે છે. પઝલ ઉકેલવાથી વિદ્યાર્થીઓ એ પણ શીખે છે કે અસફળ પ્રયાસો પણ મૂલ્યવાન છે કારણ કે તે પછીના નિર્ણયો લેવા માટે માહિતી આપે છે. પઝલ સાથે સતત જોડાયેલા રહેવાથી, વિદ્યાર્થીઓ કોઈ પણ અજાણી સમસ્યાઓનો સામનો કરવા માટે હેતુ વિનાના પ્રયાસો કરવાને બદલે તાર્કિક વિચારસરણીનો ઉપયોગ કરવાથી વધુ આત્મવિશ્વાસુ બને છે. પરિણામે, પઝલ-આધારિત શિક્ષણ વિદ્યાર્થીઓની પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાની, સાચા નિર્ણયો

લેવાની, પરિણામોનું મૂલ્યાંકન કરવાની અને વિવિધ શૈક્ષણિક સંદર્ભોમાં અસરકારક ઉકેલો લાગુ કરવાની ક્ષમતાને મજબૂત કરે છે (જોનાસેન, ૨૦૧૧).

**પડકારો :**

પઝલનાં અનેક શૈક્ષણિક મૂલ્યો હોવા છતાં, કેટલાક પડકારો વર્ગખંડમાં પઝલના અસરકારક ઉપયોગને મર્યાદિત કરે છે. ઘણા શિક્ષકો પાસે વિદ્યાર્થીઓના વિકાસના સ્તર અને અભ્યાસક્રમના ઉદ્દેશો સાથે મેળ ખાતા પઝલ પસંદ કરવાની મર્યાદિત તાલીમ હોય છે. પરિણામે, પઝલનો ઉપયોગ સમસ્યા-ઉકેલ કૌશલ્ય વિકસાવવા માટેના વ્યવસ્થિત શિક્ષણ સાધન તરીકે થવાને બદલે માત્ર મનોરંજનની પ્રવૃત્તિઓ તરીકે થઈ શકે છે. પરીક્ષા-લક્ષી અધ્યયન-અધ્યાપન કાર્યમાં સમયની મર્યાદા ઘણીવાર વિદ્યાર્થીઓ માટે પઝલ ઉકેલવાની પ્રવૃત્તિઓમાં જોડાવાની તકો ઘટાડે છે. આ ઉપરાંત, કેટલીક શાળાઓમાં ઉંમર પ્રમાણે યોગ્ય શૈક્ષણિક પઝલની અપૂરતી ઉપલબ્ધતા નિયમિત પઝલના ઉપયોગને રોકે છે. સમસ્યા-ઉકેલવાની પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરવું પણ મુશ્કેલ છે કારણ કે પરંપરાગત મૂલ્યાંકન પદ્ધતિઓ વિચારવાની ક્ષમતાને બદલે માત્ર સાચા જવાબો પર ભાર મૂકે છે. આ સિવાય ઘણી વાર એવું પણ બનતું હોય છે કે પઝલ ખૂબ અઘરી હોય અથવા ખૂબ જ સરળ હોય, તો વિદ્યાર્થીઓ નિરાશ થાય છે. આ પડકારોનો સામનો કરવા માટે શિક્ષકોની યોગ્ય તાલીમ, શૈક્ષણિક પઝલની યોગ્ય પસંદગી, વર્ગખંડનું આયોજન અને એવી મૂલ્યાંકન પદ્ધતિઓની જરૂર છે જે અંતિમ ઉકેલની સાથે વિદ્યાર્થીઓની સમસ્યા-ઉકેલવાની પ્રક્રિયાને પણ ધ્યાનમાં લે (NCERT, ૨૦૨૨).

પઝલ એ ખૂબ જ મૂલ્યવાન શૈક્ષણિક સાધનો છે જે વિદ્યાર્થીઓને સક્રિય ભાગીદારી અને વ્યવસ્થિત તર્ક દ્વારા સમસ્યા-ઉકેલ કૌશલ્ય વિકસાવવાની અર્થપૂર્ણ તકો પૂરી પાડે છે. વિદ્યાર્થીઓને સમસ્યાઓ ઓળખાવવી, યોજના બનાવવી, વિકલ્પો અજમાવવા, પરિણામોનું મૂલ્યાંકન કરવું અને તેમના અભિગમમાં સુધારો કરાવવો - આ બધું કરાવીને પઝલ અસરકારક સમસ્યા-ઉકેલના આવશ્યક તબક્કાઓને સંપૂર્ણપણે પ્રતિબિંબિત કરે છે. મુખ્યત્વે ગોખણપટ્ટી પર આધારિત પ્રવૃત્તિઓથી વિપરીત, પઝલનો ઉકેલ એ વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે વિચારવા અને અજાણી પરિસ્થિતિઓમાં તાર્કિક તર્ક લાગુ કરવા પ્રોત્સાહિત કરે છે.

સંશોધનના પુરાવા અને શૈક્ષણિક સિદ્ધાંતો સમસ્યા-ઉકેલવાની ક્ષમતાઓને મજબૂત કરવા માટે અસરકારક સ્રોત તરીકે પઝલના ઉપયોગને સતત સમર્થન આપે છે (મેયર, ૨૦૧૩; પોલ્યા, ૧૯૫૭). National Education Policy ૨૦૨૦, National Curriculum Frameworks for Foundational Stage – ૨૦૨૨, National Curriculum Frameworks for School Education - ૨૦૨૩ અને NCERTની Toy-Based Pedagogy Handbook (૨૦૨૨) યોગ્યતા-આધારિત શિક્ષણના ભાગ રૂપે ક્લાસરૂમ શિક્ષણમાં પઝલનો સમાવેશ કરવાના મહત્ત્વને વધુ મજબૂત બનાવે છે. જ્યારે યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે, ત્યારે પઝલ-આધારિત શિક્ષણ એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં નોંધપાત્ર યોગદાન આપી શકે છે જે વિવેચનાત્મક વિચારસરણી અને અસરકારક સમસ્યા-ઉકેલની યોજનાઓ સાથે પડકારોનો સામનો કરે છે.

---

શરીરને ટકાવવા માટે બહુ જ થોડી ચીજોની જરૂર હોય છે,
જેમ જેમ તમે શરીરને થોડું થોડું સંયમપૂર્વક આપતા રહેશો
તેમ તેમ એ તમને બદલામાં વધુ આપતું રહેશે.

# રમકડાંની પસંદગીમાં વાલીઓની આર્થિક અને માનસિક ખેંચતાણ



- સ્નેહલ ડી. કાછડિયા
જરોદ કુમાર પ્રા. શાળા, તા. વાઘોડિયા,
જિ. વડોદરા. મો. ૯૬૩૮૧૨૬૧૧૧

બાળક અને રમકડાંનો સંબંધ માત્ર મનોરંજન પૂરતો સીમિત નથી, પરંતુ તે બાળકના માનસિક, બૌદ્ધિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ સાથે સીધો જોડાયેલો છે. બાળક જન્મથી જ પોતાના આસપાસની વસ્તુઓ પ્રત્યે કુતૂહલ ધરાવે છે. શરૂઆતમાં તે નાનાં રંગીન રમકડાં, અવાજ કરતી વસ્તુઓ અથવા હલનચલન કરતી ચીજોથી આનંદ મેળવે છે. આ સમયગાળામાં રમકડું બાળક માટે માત્ર રમવાની વસ્તુ નથી, પરંતુ તે તેની કલ્પનાશક્તિ, વિચારશક્તિ અને શીખવાની પ્રક્રિયાનું પ્રથમ સાધન છે.

બાળક જેમ જેમ ઉંમરમાં આગળ વધે છે તેમ તેની સમજ, રસ, અને પસંદગીમાં પણ પરિવર્તન આવવા લાગે છે. નાના બાળકને ગોળ, રંગીન અને સરળ રમકડાં ગમે છે, જ્યારે થોડું મોટું થતાં તે વાહનો, પઝલ, બાંધકામના સેટ, વીડિયો ગેઈમ્સ અથવા ટૅક્નોલૉજી આધારિત રમકડાં તરફ આકર્ષાય છે. આ બદલાવ સ્વાભાવિક છે, કારણ કે ઉંમર અને લિંગ આધારિત બાળકની જરૂરિયાત અને માનસિક ક્ષમતા અલગ હોય છે. બાળક પોતાના વિકાસના દરેક તબક્કે એવું રમકડું પસંદ કરે છે જે તેની જિજ્ઞાસા અને કલ્પનાશક્તિને સંતોષ આપે.

શૈશવાવસ્થામાં બાળકને રંગીન, અવાજ કરતી અને હલનચલન કરતી વસ્તુઓ વધુ આકર્ષે છે. નાનકડા બાળક માટે રમકડું એક અચરજ ભરેલું વિશ્વ હોય છે.તે રમકડાંને સ્પર્શીને, મોઢામાં મૂકીને અથવા હલાવીને દુનિયાને ઓળખવાનો અને પોતાના જાતીય આવેગોને સંતોષવાનો પ્રયત્ન કરે છે. આ તબક્કામાં રમકડાં બાળકની ઇન્દ્રિયો અને જિજ્ઞાસાના વિકાસમાં મદદરૂપ બને છે. નરમ બૉલ, ઘંટડી, અથવા સંગીત વગાડતાં રમકડાં બાળકને આનંદ આપવા સાથે તેની ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિ પણ વધારે છે.

શાળાકીય ઉંમરે પહોંચતાં, બાળકની પસંદગી વધુ બદલાય છે. હવે તે મિત્રો સાથે મળીને રમવા, સ્પર્ધા કરવા અને નવી વસ્તુઓ અજમાવવા ઇચ્છે છે. રમતગમતના સાધનો, બોર્ડ ગેઈમ્સ, વીડિયો ગેઈમ્સ અને ટૅક્નોલૉજી આધારિત રમકડાં તેને વધુ આકર્ષે છે. આ તબક્કામાં રમકડાં બાળકને ટીમવર્ક, સહકાર, નેતૃત્વ અને નિયમોનું પાલન શીખવે છે. સાથે જ તે પોતાની ઓળખ અને પસંદગીને પણ વિકસાવવાનું શરૂ કરે છે.

પરંતુ બાળક મોટું થતાં તેની રમકડાં પ્રત્યેની લાગણીમાં ધીમે ધીમે પરિવર્તન આવે છે. જે રમકડાં એક સમયે તેની દુનિયાનું કેન્દ્ર હતાં તે હવે ધીમે ધીમે પાછળ રહી જાય છે. બાળપણની નિર્દોષતા ઓછી થતી જાય છે અને અભ્યાસ, મિત્રતા, ટૅક્નોલૉજી તથા જીવનની નવી જવાબદારીઓ તેનું ધ્યાન ખેંચવા લાગે છે. તેમ છતાં, બાળપણનાં રમકડાં તેની યાદોમાં ખાસ સ્થાન ધરાવે છે. ઘણા લોકો મોટા થયા પછી પણ પોતાના બાળપણના રમકડાંને લાગણીપૂર્વક સાચવી રાખે છે, કારણ કે તે માત્ર વસ્તુઓ નથી, પરંતુ બાળપણની ખુશીઓ અને સંસ્મરણો સાથે જોડાયેલી લાગણીઓ હોય છે.

આજના આધુનિક યુગમાં બાળકોની રમકડાં પ્રત્યેની પસંદગીમાં મોટો ફેરફાર જોવા મળે છે. પહેલાં બાળકો પોતાની ઉંમર, રસ અને ઉપયોગિતાને આધારે રમકડાં પસંદ કરતાં હતાં, જ્યારે આજકાલ ઘણીવાર તેઓ બજારમાં ચાલતી ફૅશન, આકર્ષક જાહેરાતો અને એકબીજાની દેખાદેખીથી પ્રભાવિત થઈને રમકડાં પસંદ કરે છે. પરિણામે રમકડાં બાળકના વિકાસ અને આનંદનું સાધન રહેવાને બદલે દેખાડા અને સ્પર્ધાનું પ્રતીક બની

રહ્યાં છે. આ સ્થિતિ પાછળ અનેક સામાજિક, માનસિક અને બજારવાદી કારણો જવાબદાર છે.

સૌથી મોટું કારણ જાહેરાતોનો વધતો પ્રભાવ છે. ટેલિવિઝન, મોબાઇલ, યૂટ્યૂબ અને સોશિયલ મીડિયા પર સતત આવતી રમકડાંની ચમકદાર જાહેરાતો બાળકોનાં મન પર ઊંડી અસર કરે છે. જાહેરાતોમાં રમકડાંને એટલાં આકર્ષક રીતે રજૂ કરવામાં આવે છે કે બાળકને લાગે છે કે તે રમકડું મેળવવાથી જ તેને સાચો આનંદ મળશે. ઘણી વખત જાહેરાતોમાં લોકપ્રિય કાર્ટૂન પાત્રો, ફિલ્મી હીરો અથવા ખાસ સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે બાળક ઝડપથી તે રમકડાં તરફ આકર્ષાય છે.

બજારવાદ અને ગ્રાહકની સંસ્કૃતિ પણ આ સમસ્યાનું એક મુખ્ય કારણ છે. આજે કંપનીઓ બાળકોને ગ્રાહક તરીકે ટાર્ગેટ કરે છે. દર થોડા સમય પછી નવી ડિઝાઇન, નવાં મૉડલ અને નવાં ફીચર્સવાળાં રમકડાં બજારમાં આવે છે. કંપનીઓ એવી માનસિકતા ઊભી કરે છે કે જૂનાં રમકડાં હવે ‘‘આઉટડેટેડ’’ છે અને નવાં રમકડાં જ વધુ આકર્ષક અને મહત્ત્વપૂર્ણ છે. પરિણામે બાળકો સતત નવી વસ્તુઓ મેળવવાની ઇચ્છા રાખે છે. ટૅક્નોલૉજીના વધતા ઉપયોગને કારણે પણ બાળકોની પસંદગી બદલાઈ રહી છે. વીડિયો ગેઇમ્સ, રિમોટ કંટ્રોલ રમકડાં, ડિજિટલ ગૅઝેટ્સ અને ઓનલાઇન ગેમિંગ જેવી વસ્તુઓ બાળકોને વધુ આકર્ષે છે. આ આધુનિક રમકડાં ઘણી વખત શૈક્ષણિક અથવા સર્જનાત્મક કરતાં વધુ દેખાવ અને મનોરંજન પર આધારિત હોય છે. બાળક તેનો વાસ્તવિક ઉપયોગ સમજયા વગર ફક્ત તેની લોકપ્રિયતાને કારણે તેને પસંદ કરે છે.

વાલીઓની માનસિકતા પણ કેટલીક હદે જવાબદાર બને છે. ઘણાં માતા-પિતા પણ સમજ્યા વગર પોતાના બાળકની દરેક ઇચ્છાની પૂર્તિ કરતાં હોય છે પોતાનું બાળક અન્ય બાળકો કરતાં પાછળ ન રહે તે માટે મોંઘાં રમકડાં ખરીદી આપે છે. કેટલાક વાલીઓ સમયના અભાવે બાળકોની દરેક માંગ સરળતાથી પૂરી કરી દે છે, જેના કારણે બાળકમાં ‘‘મારે જે જોઈએ તે તરત મળવું જોઈએ’’ જેવી માનસિકતા વિકસે છે. આથી બાળકમાં સંતોષ અને સમજણ કરતાં દેખાદેખી અને હઠ વધુ વધે છે.

સમાજમાં વધતી સ્પર્ધાત્મકતા પણ બાળકોના વર્તનમાં અસર કરે છે. આજકાલ લોકો પોતાની આર્થિક સ્થિતિ અને જીવનશૈલીનો દેખાવ વધુ કરવા લાગ્યા છે. આ વાત બાળકો સુધી પણ પહોંચે છે. બાળક આસપાસના લોકો, સોશિયલ મીડિયા અને મિત્રો પાસેથી શીખે છે કે મોંઘી વસ્તુઓ પ્રતિષ્ઠાનું પ્રતીક છે. પરિણામે તે રમકડાંની પસંદગી પણ આ જ દૃષ્ટિકોણથી કરવા લાગે છે.

આપણે બાળકની આવી દેખાદેખીની માનસિકતા પાછળનાં કારણો જોઈએ તો...

- ટેલિવિઝન, મોબાઇલ અને સોશિયલ મીડિયાની આકર્ષક જાહેરાતોનો પ્રભાવ.
- મિત્રોની દેખાદેખી કરવાની માનસિકતા.
- મોંઘાં રમકડાંને પ્રતિષ્ઠાનું પ્રતીક માનવાની વૃત્તિ.
- બજારમાં સતત નવાં અને ચમકદાર રમકડાંનું આવવું.
- બાળકોમાં ભૌતિકવાદી વિચારસરણી વધવી.
- બાળકોમાં સંતોષ અને સહનશક્તિનો અભાવ.
- વાલીઓ દ્વારા દરેક માંગ ઝડપથી પૂરી કરવાની ટેવ.
- સોશિયલ મીડિયા અને યૂટ્યૂબ પર રમકડાંનું વધતું પ્રદર્શન.
- બાળકોમાં યોગ્ય અને ઉપયોગી પસંદગી અંગે સમજણનો અભાવ.
- જાહેરાતોમાં રમકડાંને વધારે આકર્ષક રીતે રજૂ કરવાં.
- સમાજમાં વધતી સ્પર્ધા અને દેખાડાની માનસિકતા.

- બાળકોમાં "મારે પણ જોઈએ" જેવી હઠીલી ભાવના વિકસાવવી.
- વાલીઓ બાળકોને નિરાશ ન કરવા માટે તરત જ મોંઘાં રમકડાં ખરીદી આપે છે.
- ટૅક્નોલૉજી આધારિત રમકડાં પ્રત્યે વધતું આકર્ષણ.
- શૈક્ષણિક અને સર્જનાત્મક રમકડાં વિશે ઓછી જાગૃતિ.
- બાળકોને પરિવાર સાથે પૂરતો સમય ન મળવાથી વસ્તુઓમાં આનંદ શોધવો.
- બાળકોમાં યોગ્ય મૂલ્યશિક્ષણનો અભાવ.
- અન્ય બાળકો કરતાં પાછળ ન રહી જવાની ભાવના.

તો હવે બાળક જ્યારે દેખાદેખી અને જાહેરાતોથી આકર્ષિત થઈને કોઈ રમકડાની ડિમાન્ડ ન કરે એ માટે આટલું જરૂર કરીએ...

- બાળકોને જરૂરિયાત અને ઇચ્છા વચ્ચેનો તફાવત સમજાવવો.
- મોંઘાં અને દેખાડાવાળાં રમકડાં કરતાં ઉપયોગી રમકડાંનું મહત્ત્વ સમજાવવું.
- શૈક્ષણિક અને સર્જનાત્મક રમકડાં તરફ પ્રોત્સાહિત કરવું.
- બાળકોનો મોબાઇલ, ટીવી અને સોશિયલ મીડિયાનો સમય મર્યાદિત રાખવો.
- જાહેરાતોના સાચા હેતુ વિશે બાળકોને સમજ આપવી.
- બાળકોમાં સંતોષ અને સાદગીના સંસ્કાર વિકસાવવા.
- દરેક માંગ તરત પૂરી કરવાની ટેવ ટાળવી.
- બાળકો સાથે વધુ સમય પસાર કરવો અને તેમની સાથે રમવું.
- પરંપરાગત અને સામૂહિક રમતોને પ્રોત્સાહન આપવું.
- બાળકોમાં બચત અને પૈસાની કિંમત વિશે સમજણ વિકસાવવી.
- મિત્રોની દેખાદેખી ન કરવાની સમજ આપવી.
- બાળકોને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં જોડવા.
- ભ્રામક અને અતિશય ચમકદાર જાહેરાતો પર નિયંત્રણ લાવવું.
- બાળકોમાં સહકાર અને વહેંચણીની ભાવના વિકસાવવી.
- સમાજમાં દેખાડા અને અતિશય સ્પર્ધાની માનસિકતા ઘટાડવા પ્રયત્ન કરવો.
- બાળકોને કુદરત, પુસ્તકો અને સર્જનાત્મક રમતો તરફ દોરવાં.
- માતા-પિતાએ બાળકો સાથે ખુલ્લી ચર્ચા કરીને યોગ્ય માર્ગદર્શન આપવું.
- ડિજિટલ રમકડાં કરતાં શારીરિક અને માનસિક વિકાસ કરાવતી રમતોને મહત્ત્વ આપવું.
- બાળકની ઉંમર અને જરૂરિયાત મુજબ રમકડાં પસંદ કરવાં.
- બાળકોને "વસ્તુઓ કરતાં સંબંધો અને અનુભવ વધુ મહત્ત્વના છે" તે સમજાવવું.

આમ, આજના સમયમાં બાળકોને આવી બિનઉપયોગી, સમજણ વગરની દેખાદેખીથી બચાવવા માટે માતાપિતાએ જાગ્રત થવાની ખૂબ જ જરૂર છે. બાળકની માનસિકતાને હકારાત્મકતા તરફ વાળી તેમના ભવિષ્યને એક સમજણભરી દિશામાં લઈ જવા માટે આજથી જ પ્રયત્ન શરૂ કરવાની તાતી જરૂરિયાત છે.

## 'બાળવિશ્વ' વિશે

- 'બાળવિશ્વ'નું વાર્ષિક લવાજમ વાર્ષિક રૂા. **500/-** છે, જે બાજુમાં દર્શાવેલા QR કોડ અથવા નેટ બૅન્કિંગથી ભરી શકાશે.
- લવાજમ ભરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઇટ **www.cugujarat.ac.in** જુઓ.
- ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ખાસ કાળજી રાખીને કુરિયર/પોસ્ટ દ્વારા અંકો મોકલવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમારા ઈ-મેલ balvishva@cugujarat.ac.in પર જણાવવા વિનંતી.
- **લેખ મોકલવા માટે પત્રવ્યવહાર :** તંત્રીશ્રી, બાળવિશ્વ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિરની પાસે, સેક્ટર-29, ગાંધીનગર - 382 030.

  ઈ-મેલ : **balvishva@cugujarat.ac.in** વૉટ્સઍપ નંબર : **9429297737**
- લેખકોએ પોતાની પ્રત્યેક કૃતિ કે લેખની નીચે પોતાનું નામ, હોદ્દો, પૂરું સરનામું, મોબાઇલ નંબર, ફોટો અને ઇ-મેલ અચૂક લખવાં. જો કૃતિ પૂર્વે પ્રકાશિત થયેલી હોય તો તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. લેખ પ્રકાશન બદલ લેખકપ્રત મોકલવામાં આવે છે.
- 'બાળવિશ્વ' એ થીમ આધારિત સામયિક હોવાથી થીમને અનુરૂપ જ લેખનસામગ્રીને અંકમાં સ્થાન આપવામાં આવશે.
- સૉફ્ટ કૉપીમાં લેખ મોકલનારે ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટ 12 ની સાઇઝમાં મોકલવો.
- 'બાળવિશ્વ' માં પ્રગટ થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે. સંપાદક કે તંત્રી એની સાથે સંમત છે એવું માનવું નહિ.
- જે તે લેખકે પોતાના સ્વ-રચિત કે મૌલિક લેખો જ મોકલવા. આ અંગે કોઈની નકલ કે ઉતારો કરેલ હશે તો આ અંગે ઊભા થતા વિવાદ અંગે જે તે લેખક જવાબદાર રહેશે.
- 'બાળવિશ્વ' માટે આવેલા લેખો સંપાદક મંડળ દ્વારા રિવ્યૂ કરવામાં આવશે. રિવ્યૂમાં પસંદ થયેલા લેખો જ છાપવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## 'કિડનોવેશન' અભિયાન અંતર્ગત મેન્ટર્સ ઓરિએન્ટેશન યોજાયું



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 'કિડનોવેશન' પ્રકલ્પનો રાજ્યવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનના પ્રથમ તબક્કા રૂપે આજે બાયસેગ સ્ટુડિયો તથા યૂટ્યૂબના માધ્યમથી રાજ્યભરના શિક્ષકો, મેન્ટર્સ માટે કિડનોવેશન મેન્ટર્સ ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો, મેન્ટર્સ, શિક્ષણવિદો અને શિક્ષણપ્રેમીઓ આ લાઈવ ઓરિએન્ટેશનમાં જોડાયા હતા.

## 'બાળસાહિત્ય સર્જન કાર્યશાળા' યોજાઈ



વિશ્વભારતી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે 'જૂઈ મેળો બાળસાહિત્ય સર્જન કાર્યશાળા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં સંયોજક શ્રી ડૉ. ઉષાબેન ઉપાધ્યાય, યુનિ. સંયોજક શ્રી ડૉ. સંજય પટેલ, ડૉ. શ્રદ્ધા ત્રિવેદી, ડૉ. રાકેશ પટેલ, શ્રીમતી કીર્તિદા બ્રહ્મભટ્ટ ઉપસ્થિત હતાં.

## રાજ્યસભાના માન. સાંસદ શ્રી રાજેશભાઈ શુક્લે બાલભવનની પ્રવૃત્તિઓની મુલાકાત લીધી



રાજ્યસભાના માન. સાંસદ શ્રી રાજેશભાઈ શુક્લે બાલભવન વિભાગની મુલાકાત લીધી હતી અને બાલભવનમાં ચાલી રહેલી વિવિધ સર્જનાત્મક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓનું રસપૂર્વક અવલોકન કર્યું હતું. તેમણે બાળકો દ્વારા તૈયાર કરાયેલી કૃતિઓ અને પ્રયોગોની પ્રશંસા કરી હતી તેમજ બાળકોમાં રહેલી સર્જનાત્મકતા, નવીન વિચારશક્તિ અને કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપતા બાલભવનના પ્રયાસોને બિરદાવ્યા હતા.

**WAAH CSCના સહયોગથી વિદ્યાર્થીઓ માટે STEM વર્કશોપ યોજાયો**

**વિદ્યાવાટિકામાં રથયાત્રા પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી**

**'વન મહોત્સવ' અને 'એક પેડ માઁ કે નામ' વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

**સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં વિદ્યાર્થીઓ માટે માનસિક સુખાકારી કાર્યક્રમ યોજાયો**

**"સ્ટ્રેસ મેનેજમેન્ટ" વિષય પર જૈનાચાર્ય શ્રી ડો. અરવિંદ મુનિજીનું વ્યાખ્યાન યોજાયું**

**સમાચાર સૌજન્ય : શ્રી હર્ષલ મકવાણા (મીડિયા મેનેજર) પી.પી.આર. બ્રાન્ચ**

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013



“રમકડાંનું કામ બાળકને મનોરંજન પૂરુ પાડવાનું નહિ,
પરંતુ બાળકની કલ્પના, સર્જનાત્મકતા અને સ્વતંત્ર
વિચારશક્તિને જગાડવાનું છે”

- ગિજુભાઈ બધેકા

**Book-Post**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિરની પાસે, સેક્ટર-૨૯, ગાંધીનગર - ૩૮૨ ૦૩૦
ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલ : balvishva@cugujarat.ac.in ● વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar